RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 11-06-2026 | VOL : 12 | Issue : 86 | Page : 8 | Price : 1.00/-


**સુવિચાર**

સમયની કદર કરનાર જીવનમાં આગળ વધે છે. સારા મિત્રો જીવનની મૂડી છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN | Contact :- MO : 9662420070 | E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3  700 વર્ષ જૂની જુમા મસ્જિદમાંથી દેવી-દેવતાની પ્રાચિન મૂર્તિઓ મળી : 4 માર્ચનો વીડિયો વાયરલ

4  નીટ પછી સીબીએસઇ: ભાવિ પેઢીની આપણને ચિંતા છે ખરી?

6  ફ્રેમસ થવા ક્યારેક વિલન પણ બનવુ પડે: ઉર્વશી

7  હાર્દિક પણ અનફિટ:અફઘાનિસ્તાન સામેની ODI સિરીઝમાંથી બહાર


## એક નજર...

### ઓફ શોલ્ડર આઉટફીટમાં ઝારા યાસ્મિનનો બોલ્ડ અવતાર



અભિનેત્રી છેલ્લે આસિમ રિયાઝ સાથે યારા દિલદારા ગીતમાં જોવા મળી હતી. તે મોટાભાગે સ્ક્રીન પર સિમ્પલ અને ટ્રેડિશનલ લુકમાં જોવા મળી હતી. પરંતુ રિયલ લાઈફમાં તે ખૂબ જ મોડર્ન છે અને તેના બિકીની ફોટોઝ દ્વારા ઈન્ટરનેટ પર ધમાલ મચાવે છે. તમને જણાવીએ કે કોણ છે ઝારા યાસ્મીન જેણે પોતાની બોલ્ડ તસવીરોથી ઈન્ટરનેટ પર આગ લગાવી દીધી છે.

### અમારા માટે નેશન ફર્સ્ટ: વડાપ્રધાન મોદી

# કોંગ્રેસે નિષ્ફળતાનું કલંક હિંદુઓ પર લગાવ્યું: PM

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી

PM નરેન્દ્ર મોદીએ ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનાર ચૂંટાયેલા વડાપ્રધાન રહેવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. 26 મે 2014ના રોજ પીએમ પદના શપથ લેનાર મોદીના કાર્યકાળના આજે 4,399 દિવસ પૂરા થયા છે. તેમણે 4,398 દિવસ સુધી આ પદ પર રહેલા પૂર્વ વડાપ્રધાન



જવાહરલાલ નેહરુનો રેકોર્ડ તોડ્યો છે. પીએમ તરીકે મોદીનો આ ત્રીજો કાર્યકાળ છે. મોદીની આ સિદ્ધિ પર કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં મંત્રીઓએ ઊભા થઈને તાળીઓ પાડી અને એક વિશેષ પ્રસ્તાવ પસાર કર્યો. સાંજે પીએમ મોદીએ ભારત મંડપમમાં દેશભરમાંથી આવેલા NDA નેતાઓ સાથે બેઠક કરી. તેમાં ભાજપ-NDA શાસિત 22 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના CM અને ડેપ્યુટી CM પણ પહોંચ્યા હતા. તમામ નેતાઓએ પીએમ મોદીને તેમની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા. બેઠક બાદ મોદી અને ભાજપ-NDA નેતાઓએ ભારત મંડપમમાં ઝાલમુરી ખાધી. બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ પોતાના હાથે ઝાલમુરી પીરસીને પીએમને આપી. એપ્રિલ 2026માં બંગાળ ચૂંટણી પ્રચાર દરમિયાન પીએમ મોદીએ ઝાડગ્રામમાં ઝાલમુરી ખાધી હતી. દુકાનદાર સાથેની તેમની વાતચીતનો વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થયો હતો. 15 ઓગસ્ટ 1947ના રોજ દેશ આઝાદ થયા પછી જવાહરલાલ નેહરુને વડાપ્રધાન નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ 15 ઓગસ્ટ 1947 થી 13 મે 1952 સુધી કુલ 1732 દિવસ પીએમ રહ્યા. ત્યારબાદ 1952માં દેશમાં પ્રથમ સામાન્ય ચૂંટણી થઈ. કોંગ્રેસ સત્તામાં આવી. સંસદીય દળે નેહરુને પોતાના નેતા તરીકે પસંદ કર્યા. ત્યારબાદ નેહરુ 13 મે 1952 થી 27 મે 1964 સુધી સતત ચૂંટાયેલા પીએમ રહ્યા. આ કાર્યકાળ 4398 દિવસનો રહ્યો હતો. આ રીતે ચૂંટાયેલા પીએમ તરીકે મોદી નેહરુથી આગળ નીકળી ગયા છે.

વડાપ્રધાને કહ્યું કે ગ્રીન એનર્જી સેક્ટરમાં છેલ્લા 12 વર્ષમાં ઘણું કામ થયું છે. હવે 500 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી અને ન્યુક્લિયર એનર્જીના લક્ષ્યોને ઝડપથી પૂરા કરવાના છે.

# પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીને મોટો ઝટકો, સૌથી નજીકના સાથી સયાની ઘોષે પણ છોડ્યો સાથ

કોલકાતા

પશ્ચિમ બંગાળની રાજનીતિમાં એક મહત્વપૂર્ણ અને ચોંકાવનારો વિકાસ સામે આવ્યો છે. તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના અગ્રણી નેતા અને મમતા બેનર્જીના નજીકના સાથીદાર તરીકે ઓળખાતા સયાની ઘોષે પક્ષ સાથેના પોતાના સંબંધો તોડી નાખ્યાની ચર્ચાઓએ રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચાવી છે. રાજકીય સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી પક્ષની આંતરિક કામગીરી અને નેતૃત્વના કેટલાક નિર્ણયો અંગે સયાની ઘોષ અસંતોષ વ્યક્ત કરી રહ્યા હતા. આ અસંતોષ હવે ખુલ્લા વિવાદમાં પરિણમ્યો હોવાનું માનવામાં આવે છે. સયાની ઘોષ લાંબા સમયથી તૃણમૂલ કોંગ્રેસનો મહત્વનો ચહેરો રહ્યા છે અને યુવા વર્ગમાં તેમની સારી લોકપ્રિયતા રહી છે. તેમના પક્ષ છોડવાના નિર્ણયને ટીએમસી માટે રાજકીય રીતે મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે, ખાસ કરીને એવા સમયે જ્યારે રાજ્યમાં આગામી રાજકીય પડકારો સામે પક્ષ પોતાનું સંગઠન મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. વિપક્ષી પક્ષોએ આ ઘટનાને ટીએમસીમાં વધતા આંતરિક અસંતોષનું પરિણામ ગણાવ્યું છે. બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસના કેટલાક નેતાઓએ આ મુદ્દે સત્તાવાર નિવેદન આપવાનું ટાળ્યું છે અને પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા હોવાનું જણાવ્યું છે. રાજકીય વિશ્લેષકોના મતે, જો સયાની ઘોષ ખરેખર પક્ષથી અલગ થયા હોય તો તે માત્ર ટીએમસી માટે જ નહીં પરંતુ પશ્ચિમ બંગાળની રાજનીતિ માટે પણ મહત્વપૂર્ણ ઘટનાક્રમ સાબિત થઈ શકે છે.

# RSS મુખ્યાલય, CM કાર્યાલય અને મુંબઈ-પુણે મેયર ઓફિસ ઉડાવી દેવાની

## ખાલિસ્તાન નામથી ઈમેલ મોકલ્યા, મહારાષ્ટ્રમાં તપાસ એજન્સીઓ સતર્ક: અનેક જગ્યાએ એલર્ટ જાહેર

જયપુર

બુધવારે મહારાષ્ટ્રમાં RSS મુખ્યાલય, મુખ્યમંત્રી કાર્યાલય (CMO) અને મુંબઈ-પુણેના મેયર કાર્યાલયોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા



ઈમેલ મળ્યા હતા. આ ઈમેલ પોતાને ખાલિસ્તાન નેશનલ આર્મી ગણાવતા એક જૂથ દ્વારા મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ ઘણી ઈમારતો ખાલી કરાવવામાં આવી હતી અને સુરક્ષા એજન્સીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ક્યાંય કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. PTI અનુસાર, નાગપુરના મેયર નીતા ઠાકરેને એક ઈમેલ મળ્યો હતો. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મહાલ સ્થિત RSS મુખ્યાલય અને રેશીમબાગના ડો. હેડગેવાર સ્મૃતિ ભવનમાં વિસ્ફોટક લગાવવામાં આવ્યો છે. માહિતી મળતા જ બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) ને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. સમગ્ર પરિસર અને આસપાસના સંવેદનશીલ વિસ્તારોની તપાસ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે સર્ચ ઓપરેશનમાં કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી, પરંતુ સાવચેતીના ભાગરૂપે સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ દરમિયાન, BMCને પણ અનેક ઈમેલ મળ્યા. તેમાં મુંબઈના મેયર કાર્યાલય, મુખ્યમંત્રી કાર્યાલય, BSE ભવન અને નગર નિગમ કાર્યાલયોમાં વિસ્ફોટની ધમકી આપવામાં આવી હતી. આ ઈમેલ નિગમના સત્તાવાર ઈમેલ આઈડી પર મોકલવામાં આવ્યા હતા. અધિકારીઓ અનુસાર, ઈમેલમાં ખાલિસ્તાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમાં અનેક સંસ્થાઓ અને સંગઠનો વિરુદ્ધ ઉશ્કેરણીજનક અને ધમકીભરી વાતો લખવામાં આવી હતી. સુરક્ષા એજન્સીઓએ ઈમેલની તપાસ શરૂ કરી દીધી છે. ઈમેલમાં દાવો કરવામાં આવ્યો હતો કે મુંબઈના મેયર કાર્યાલયમાં IEDથી સજ્જ કારથી વિસ્ફોટ કરવામાં આવશે. આ ઉપરાંત BSE ભવન, CMO અને BMC કાર્યાલયોને પણ અલગ-અલગ સમયે નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી હતી. પુણેમાં નગર નિગમના મુખ્ય પ્રશાસનિક ભવન અને મેયર કાર્યાલયને પણ બોમ્બ વિસ્ફોટની ધમકીવાળો ઈમેલ મળ્યો. આ પછી ઈમારત ખાલી કરાવવામાં આવી અને બોમ્બ નિરોધક દળ દ્વારા સમગ્ર પરિસરની તલાશી લેવામાં આવી.

## NEWS TRACK

### ભારતીય કંપનીઓ પર પ્રતિબંધ મૂકવાની યુરોપિયન યુનિયનની તૈયારી

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે યુરોપીયન યુનિયન (EU) હવે રશિયાને આર્થિક રીતે નબળું પાડવા માટે એક બહુ મોટું પગલું ભરવા જઈ રહ્યું છે. રશિયાની યુદ્ધની કમાણી અને તેની આર્થિક શક્તિને તોડવા માટે EU દ્વારા 21મા પ્રતિબંધ પેકેજનો નવો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે. આ નવા આકરા નિયમોની સીધી અસર ભારતની કેટલીક કંપનીઓ પર પણ પડી શકે તેમ છે. આક્ષેપ છે કે ભારત, ચીન અને UAE સહિત 6 દેશોની આશરે 50 જેટલી કંપનીઓ રશિયાને આડકતરી રીતે મદદ કરી રહી છે, જેથી યુરોપીયન યુનિયન હવે આ કંપનીઓ પર નિકાસ પ્રતિબંધ (એક્સપોર્ટ કંટ્રોલ) લાદવાની તૈયારીમાં છે. યુરોપીયન કમિશનના વાઈસ પ્રેસિડેન્ટ કાજા કલાસે આ અંગે જણાવ્યું છે કે, બ્રસેલ્સ છેલ્લા બે વર્ષમાં રશિયા વિરુદ્ધ આ અત્યાર સુધીનો સૌથી મોટો અને સૌથી કડક પ્રતિબંધ લગાવવા જઈ રહ્યું છે. જોકે, આ નિયમોને સત્તાવાર રીતે લાગુ કરતાં પહેલાં યુરોપીયન સંઘના તમામ સભ્ય દેશો સાથે તેની ચર્ચા કરવામાં આવશે અને તેમની મંજૂરી લેવામાં આવશે.

### PoKમાં પાકિસ્તાની સેનાનું Mi-17 ટેકનિકલ ખામીના કારણે હેલિકોપ્ટર ક્રેશ, 21ના મોત

પાકિસ્તાન આર્મી એવિએશનનું એક Mi-17 હેલિકોપ્ટર બુધવારે ક્રેશ થયું છે. આ અકસ્માત મુઝફ્ફરાબાદ નજીક ટેક-ઓફ દરમિયાન સર્જાયો હતો. ઈન્ટર-સર્વિસીસ પબ્લિક રિલેશન્સ (ISPR)ને ટાંકીને ત્યાંના સ્થાનિક અખબાર 'ડૉન'એ પુષ્ટિ કરી છે કે, હેલિકોપ્ટરમાં સવાર તમામ 21 સૈન્ય કર્મચારીઓના મોત થયા છે. ટેકનિકલ ખામીના કારણે હેલિકોપ્ટર ક્રેશ સૈન્ય દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન અનુસાર, પ્રારંભિક તપાસમાં અકસ્માતનું મુખ્ય કારણ ટેકનિકલ ખામી હોવાનું સામે આવ્યું છે. હેલિકોપ્ટરે જેવું મુઝફ્ફરાબાદ નજીકથી ઉડાન ભર્યું, કે તરત જ તે કોઈ ટેકનિકલ ગરબડનો ભોગ બન્યું અને નિયંત્રણ ગુમાવીને નીચે ગબડી પડ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ સેનાની બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત કામગીરી શરૂ કરી દીધી હતી. પાકિસ્તાનમાં Mi-17 હેલિકોપ્ટર દુર્ઘટનાનો ભોગ બન્યું હોય તેવી આ પહેલી ઘટના નથી, આ પહેલા પણ આ મોડેલના હેલિકોપ્ટરના અનેક અકસ્માતો થઈ ચૂક્યા છે. Mi-17 રશિયા નિર્મિત મીડિયમ-લિફ્ટ ટ્રાન્સપોર્ટ હેલિકોપ્ટર છે.

# ખેડા પોલીસમાં આખરે કોનું રાજ? શું ખેડા જિલ્લામાં એસપીના આદેશથી પણ ઉપર છે 'વહીવટદાર'...?




## SPનો ટ્રાન્સફર ઓર્ડર બે મહિનાથી બિનઅસરકારક, પોલીસ તંત્રની કાર્યપદ્ધતિ સામે ગંભીર સવાલો

પવન માકન, નડિયાદ

ખેડા જિલ્લાના પોલીસ તંત્રમાં એક એવો મામલો ચર્ચાનો વિષય બન્યો છે, જેણે સમગ્ર વહીવટી વ્યવસ્થાની વિશ્વસનીયતા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. જિલ્લાના પોલીસ વડા (SP) દ્વારા કરવામાં આવેલા સત્તાવાર ટ્રાન્સફર ઓર્ડરની અમલવારી જો મહિનાઓ સુધી ન થઈ શકે, તો પ્રશ્ન માત્ર એક કર્મચારીનો નહીં પરંતુ સમગ્ર તંત્રની કાર્યક્ષમતા અને શિસ્તનો બની જાય છે.

મળતી માહિતી મુજબ, લીંબાસી વિસ્તારમાં ફરજ બજાવતા અને પ્રભાવશાળી ગણાતા વહીવટદાર વિપુલ રબારીની તા. 1 એપ્રિલ, 2026ના રોજ આતરસુંબા પોલીસ મથકે બદલી કરવામાં આવી હતી. પરંતુ ચર્ચા એવી છે કે આ આદેશને બે મહિનાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં નવી જગ્યાએ નિયમિત રીતે ચાર્જ સંભાળવાની પ્રક્રિયા પૂર્ણ થઈ નથી અને જૂના વિસ્તારમાં તેમનો પ્રભાવ યથાવત હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે જ્યારે જિલ્લાના સર્વોચ્ચ પોલીસ અધિકારી દ્વારા આદેશ આપવામાં આવ્યો હોય, ત્યારે તેની અમલવારીમાં વિલંબ કેમ? શું કોઈ રાજકીય દબાણ છે? શું કોઈ પ્રભાવશાળી તાકાત આદેશોને અસર કરે છે? કે પછી કેટલાક લોકો તંત્રથી પણ વધુ શક્તિશાળી બની ગયા છે?

SPનો આદેશ સામે જમીની હકીકત

* 1 એપ્રિલ, 2026ના રોજ બદલીનો આદેશ
* નવી નિમણૂક આતરસુંબા પોલીસ મથકે
* બે મહિના બાદ પણ અમલવારી અંગે ચર્ચા
* જૂના વિસ્તારમાં પ્રભાવ યથાવત હોવાના આક્ષેપ
* પોલીસ તંત્રમાં શિસ્ત અંગે ચર્ચાઓ તેજ
* જનતાનો સવાલ - આદેશ મોટો કે પ્રભાવ?

**■ શું જિલ્લામાં ખાખીથી પણ ઉપર કોઈ અદૃશ્ય સત્તા કાર્યરત છે?**

**■ લીંબાસીથી આતરસુંબા બદલી છતાં જૂના વિસ્તારમાં પ્રભાવ યથાવત હોવાની ચર્ચા, પોલીસ વહીવટની પારદર્શિતા સામે પ્રશ્નચિહ્ન**

પોલીસ વિભાગમાં ટ્રાન્સફર માત્ર એક વહીવટી પ્રક્રિયા નથી, પરંતુ શિસ્ત, જવાબદારી અને પારદર્શિતા જાળવવાનું મહત્વપૂર્ણ સાધન છે. જો આદેશો માત્ર ફાઈલોમાં જ સીમિત રહી જાય અને જમીન પર તેની અસર ન દેખાય, તો તે સમગ્ર તંત્ર માટે ચિંતાનો વિષય બની શકે છે.

જિલ્લામાં એવી પણ ચર્ચા છે કે કેટલાક પ્રભાવશાળી કર્મચારીઓ વર્ષોથી પોતાની મનપસંદ જગ્યાઓ પર જ ટકી રહેવામાં સફળ રહે છે. આવા સંજોગોમાં સવાલ એ ઊભો થાય છે કે શું નિયમો સૌ માટે સમાન છે કે પછી કેટલાક માટે અલગ વ્યવસ્થા કાર્યરત છે?

જો આગામી બદલી ચક્રમાં નવી જગ્યાએ હાજર થયા વિના ફરી અન્ય અનુકૂળ સ્થળે પોસ્ટિંગ મળી જાય, તો તે વહીવટી પારદર્શિતા અને જવાબદારી અંગે વધુ ગંભીર પ્રશ્નો ઊભા કરશે.

ખેડા જિલ્લાના પોલીસ વર્તુળો અને જાગૃત નાગરિકોમાં હાલ એક જ ચર્ચા છે – શું જિલ્લામાં ખરેખર વહીવટી આદેશો ચાલે છે કે પછી પ્રભાવ અને પહોંચના આધારે નિયમો નક્કી થાય છે?

હવે સૌની નજર જિલ્લા પોલીસ તંત્ર અને ઉચ્ચ અધિકારીઓ તરફ છે. શું આ સમગ્ર મામલે સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવશે? શું ટ્રાન્સફર ઓર્ડરની અસરકારક અમલવારી થશે? કે પછી આ મુદ્દો પણ અન્ય અનેક પ્રશ્નોની જેમ ફાઈલો સુધી જ સીમિત રહી જશે?

### પાક્કો ગુજરાત ન્યૂઝનો સીધો સવાલ

**જો એસપીનો આદેશ પણ સમયસર અમલમાં ન આવે, તો આખરે જિલ્લામાં અંતિમ નિર્ણય લેતી સત્તા કોની છે? શું નિયમોનું શાસન છે કે પછી પ્રભાવનું?**


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# છેતરપીંડીના ગુનાનો આરોપી સેલ્વીન મેકવાન ઝડપાયો

વડોદરા

વડોદરા શહેરના કપુરાઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપીંડી અને વિશ્વાસઘાતના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપી સેલ્વીન મેકવાનને ઝોન-3 સ્ક્વોડે ઝડપી પાડી મહત્વની સફળતા મેળવી છે. ઝડપાયેલ આરોપી સેલ્વીન મેકવાન ઉર્ફે લીયો ઉર્ફે સેમ્યુઅલ રોબર્ટભાઈ ક્રિશ્ચિયન વિરુદ્ધ છેતરપીંડી અને વિશ્વાસઘાત સંબંધિત ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આરોપી લાંબા સમયથી પોલીસ પકડથી દૂર રહેતા તેની શોધખોળ ચાલી રહી હતી. તપાસ દરમિયાન ખુલાસો થયો હતો કે વર્ષ 2023માં નડીયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં પણ આરોપી વિરુદ્ધ કેનેડાના ખોટા વિઝા અને વર્ક પરમીટ તૈયાર કરીને લોકોને વિદેશ મોકલવાના બહાને લાખો રૂપિયાની છેતરપીંડી કરવાનો ગુનો નોંધાયો હતો. વડોદરામાં ઝડપાયા બાદ આરોપીને ટ્રાન્સફર વોરંટના આધારે નડીયાદ લાવવામાં આવ્યો છે. નડીયાદ પશ્ચિમ પોલીસે આરોપીની કસ્ટડી મેળવી વધુ પૂછપરછ શરૂ કરી છે.

તપાસ દરમિયાન અન્ય કેટલા લોકો તેની છેતરપીંડીનો ભોગ બન્યા છે તેમજ આ કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે. વિદેશમાં નોકરી અને સ્થાયી થવાની લાલચ આપીને નકલી દસ્તાવેજોના આધારે લોકોને છેતરવાની સમગ્ર મોડસ ઓપરેન્ડી અંગે વધુ વિગતો મેળવવા માટે પૂછપરછ કરવામાં આવી રહી છે.

# વડોદરા-અમદાવાદ હાઈવે પર SMCની મોટી કાર્યવાહી: 1.74 કરોડથી વધુનો દારૂ અને ટ્રક જપ્ત

વડોદરા

ગુજરાતમાં દારૂની હેરાફેરી સામે પોલીસ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. તે વચ્ચે વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચની સ્પેશિયલ મોનિટરિંગ સેલ (SMC)ને મોટી સફળતા મળી છે. વડોદરા-અમદાવાદ હાઈવે પર બીબીપુરા ગામ નજીકથી દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડીને 1.74 કરોડ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસને મળેલી બાતમીના આધારે SMCની ટીમે હાઈવે પર વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ કન્ટેનરને રોકી તેની તપાસ કરતાં અંદરથી વિદેશી દારૂની મોટી જથ્થાબંધ ખેપ મળી આવી હતી. તપાસમાં કુલ 49,224 બોટલ દારૂ મળી આવ્યો હતો, જેની અંદાજિત કિંમત 1.49 કરોડ રૂપિયા હોવાનું સામે આવ્યું છે.

આ ઉપરાંત દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાયેલ ટ્રક સહિત કુલ 1.74 કરોડ રૂપિયાથી વધુનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. સમગ્ર કાર્યવાહી દરમિયાન રાજસ્થાનના રહેવાસી ટ્રક ચાલક ઈકબાલ ખાનની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે દારૂનો જથ્થો ગુજરાતમાં ગેરકાયદેસર રીતે સપ્લાય કરવા માટે લાવવામાં આવી રહ્યો હતો. પોલીસ તપાસમાં દારૂ મોકલનાર સુરેન્દ્ર, ટ્રક માલિક તેમજ રાજકોટમાં દારૂ મંગાવનાર વ્યક્તિઓના નામ પણ સામે આવ્યા છે. જોકે, તેઓ હાલ ફરાર હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

# વડોદરા મહાનગરપાલિકાની રિબેટ યોજના વચ્ચે સર્વર ઠપ, વોર્ડ 7માં અરજદારો પરેશાન

વડોદરા

વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાલમાં નાગરિકો માટે એડવાન્સ વેરો ભરવા પર આકર્ષક રિબેટ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો લાભ વડોદરાના વધુમાં વધુ નાગરિકો સરળતાથી લઈ શકે તે માટે પાલિકા તંત્ર દ્વારા અલગ-અલગ જગ્યાએ વેરો ભરવા માટેની વિશેષ વ્યવસ્થા અને આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ તંત્રના નબળા આયોજનને કારણે આજે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

આજે વોર્ડ નંબર ૭માં આવેલા નાગરવાડા વિસ્તારની પાલિકા કચેરી ખાતે મોટી સંખ્યામાં નાગરિકો એડવાન્સ વેરો ભરીને રિબેટ યોજનાનો લાભ લેવા માટે પહોંચ્યા હતા. જો કે, બરાબર એ જ સમયે પાલિકાનું ઓનલાઈન સર્વર અચાનક ઠપ થઈ ગયું હતું. સર્વર ડાઉન થઈ જવાને કારણે વેરો સ્વીકારવાની કામગીરી અટકી પડી હતી અને કચેરી પર અરજદારોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા છતાં કામ ન થતાં વેરો ભરવા આવેલા અરજદારો ભારે હેરાન-પરેશાન થઈ ગયા હતા. ઉનાળાના આકરા તાપમાં અટવાયેલા નાગરિકોનો પિત્તો ગયો હતો અને તેઓએ પાલિકાના ઢીલા તંત્ર સામે ઉગ્ર બળાપો ઠાલવ્યો હતો.

# લસકાણા પોલીસની બહાદુરીથી બચ્યો યુવકનો જીવ: સાતમા માળે પહોંચી આપઘાતનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો

સુરત

સુરત શહેરના લસકાણા વિસ્તારમાં માનવતા, ફરજનિષ્ઠા અને બહાદુરીનું એક અનોખું ઉદાહરણ સામે આવ્યું છે. આપઘાતનો પ્રયાસ કરનારા એક યુવકનો જીવ બચાવવા માટે લસકાણા પોલીસની PCR ટીમે પોતાના જીવની પણ પરવા કર્યા વિના જોખમભરી કામગીરી કરી હતી. મળતી માહિતી મુજબ, લસકાણા વિસ્તારમાં એક યુવક સાતમા માળે આવેલી બાલ્કનીમાંથી આપઘાત કરવાનો પ્રયાસ કરી રહ્યો હોવાની જાણ પોલીસને મળી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી PCR ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પરિસ્થિતિ અત્યંત જોખમી હોવા છતાં પોલીસકર્મીઓએ અસાધારણ હિંમત અને સૂઝબૂઝ દાખવી હતી. ટીમના જવાનોએ બાજુના મકાન મારફતે સાતમા માળે પહોંચીને જોખમ વચ્ચે યુવક સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. અનેક પડકારો વચ્ચે અંતે પોલીસકર્મીઓ યુવકને સુરક્ષિત રીતે કાબૂમાં લેવામાં સફળ રહ્યા હતા. યુવકને બચાવ્યા બાદ તરત જ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને સમયસર સારવાર મળતા તેનો જીવ બચી ગયો હતો. સમગ્ર ઘટનાક્રમે સ્થળ પર હાજર લોકોમાં રાહતનો શ્વાસ ફૂંક્યો હતો અને પોલીસની કામગીરીની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે. સ્થાનિક રહિશોએ જણાવ્યું હતું કે જો પોલીસ સમયસર પહોંચી ન હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત.

# અંબાજી પોલીસ વાહન ચેકીંગના નામે ખાનગી માણસો સાથે રાખીને ઉઘરાણા કરતાની ચર્ચાઓ

અંબાજી

યાત્રાધામ અંબાજી દિવસ દરમિયાન લાખોની સંખ્યામાં ભક્તો માં અંબા ના દર્શન કરવા અંબાજી આવતા હોય છે ત્યારે અંબાજીમાં નંબર પ્લેટ અને કાળાં કાચ વાળા વાહનો બહુ મોટી સંખ્યામાં અંબાજી હડાદ અને દાંતામાં વધારે પડતા દેખાતા હોય છે ત્યારે અંબાજી પોલીસ સાંજ પડે અને ગબ્બર સર્કલ ઉપર કોઈ ખાનગી માણસો સાથે રાખીને વાહનોને રોકાવતા હોય છે ત્યારે વાહન રોકાવીને લાઈસન્સ કાગળ કે ઈન્સ્યોરન્સ જેવા મહત્વના કાગળો ચેક કરવાની બદલે વાહન ચાલકોને રોકી રૂપિયા ઉઘરાવતા ની ચર્ચાઓ ચાલી રહી છે પરંતુ નંબર પ્લેટ વગરના વાહનો અને કાળા કાચના વાહનો નો ઉપયોગ માત્ર બુટલેગરો અને પોલીસ જવાનો જ કરતા હોય છે દાંતા અંબાજીના ઘણા વાહનો મા જેમ નંબર પ્લેટો નથી અને વિદેશી દારુની હોમડીલેવરી કરતા હોવાની લોક મુખે ચર્ચાઓ ચાલી રહી ત્યારે બનાસકાંઠા જિલ્લા એસપી આવા લોકો ઉપર કાર્યવાહી કરાવે તે જરૂરી બન્યું છે ત્યારે બજારમાં ફરતા નંબર પ્લેટ વગરના વાહનો અને કાળાં કાંચના વાહનો બુટલેગરો ના કે પછી પોલીસના તે જ ખબર નથી પડતી મળતી માહિતી મુજબ દાંતા અંબાજી વગર નંબર પ્લેટ ના બાઈકો અને એકટીવા ઓમામા વિદેશી દારૂની હોમડીલેવરી થતી હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યું છે

કાયદો-વ્યવસ્થા જાળવવા કલેક્ટર તંત્ર એક્શનમાં

# ગાંધીનગરમાં આગામી 13 દિવસ સુધી સરઘસો, દેખાવો અને હથિયારો પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો




ગાંધીનગર

ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વિપુલ ઠક્કર દ્વારા જાહેરનામું બહાર પાડી પ્રતિબંધાત્મક આદેશો અમલી કરવામાં આવ્યા છે. જે મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર સહિત સમગ્ર ગાંધીનગર જિલ્લાના મહેસૂલી વિસ્તારમાં આગામી 22 જૂન સુધી સરઘસો, દેખાવો અને હથિયારો પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં સચિવાલય, વિધાનસભા અને મંત્રીઓના નિવાસસ્થાનો જેવા સંવેદનશીલ સરકારી સ્થળો આવેલા હોવાથી અવાર-નવાર વિવિધ મંડળો પોતાની માંગણીઓ સાથે અહીં આંદોલન અને પ્રતિક ઉપવાસ કરતા હોય છે. સેક્ટર-6 મેદાન ખાતે પણ રોજબરોજ ચાલી રહેલા આવા જ ઉપવાસ આંદોલનોને ધ્યાને રાખીને શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસે નહીં તે માટે વહીવટીતંત્રએ કમર કસી છે.

વહીવટીતંત્ર દ્વારા આ સમયગાળા દરમિયાન ચાર કે તેથી વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈ પણ જગ્યાએ ભેગા થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત જિલ્લાના નિર્ધારિત વિસ્તારોમાં કોઈ પણ પ્રકારની મંડળી બનાવવા, રેલીઓ કાઢવા કે સરઘસ યોજવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવી દેવાઈ છે. જોકે સેક્ટર-6 માં પોલીસ સ્ટેશનની પાછળ આવેલા નિયત ઉપવાસી ક્ષેત્ર, મહાત્મા મંદિર, ટાઉન હોલ, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ અને સર્કિટ હાઉસ જેવા વિસ્તારોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. ઉપરાંત જાહેરનામા અનુસાર કોઈપણ વ્યક્તિ તલવાર, ધોકા, બંદૂક, છરા, સળગતી મશાલ કે શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા ઘાતક હથિયારો સાથે હરીફરી શકશે નહીં. આ સાથે જ પથ્થરમારો કરવા માટેની સામગ્રી એકઠી કરવા, સ્ફોટક પદાર્થો સાથે રાખવા, મનુષ્યોની આકૃતિ કે પૂતળા પ્રદર્શિત કરવા પર પણ પ્રતિબંધ છે. જાહેરમાં બીભત્સ સૂત્રોચ્ચાર કરવા, અશ્લીલ ગીતો ગાવા અને રાજ્યની સુરક્ષા જોખમાય કે અશાંતિ ફેલાય તેવા ઉશ્કેરણીજનક ભાષણો આપવા કે ચિત્રો-નિશાનીઓ પ્રદર્શિત કરવા પર કડક રોક લગાવવામાં આવી છે.

આ પ્રતિબંધાત્મક હુકમ સામાન્ય જનજીવનને પ્રભાવિત ન કરે તે માટે કેટલીક આવશ્યક બાબતોમાં છૂટછાટ આપવામાં આવી છે.

અમેરિકન નાગરિક પાસેથી ₹22 હજારનો તોડ?

# દારૂની માન્ય પરમિટ હોવા છતાં ફતેગંજ પોલીસ પર ગંભીર આક્ષેપ

વડોદરા

ગુજરાત પોલીસની કામગીરી પર ફરી એકવાર સવાલો ઊભા કરતો એક ચોંકાવનારો મામલો વડોદરામાં સામે આવ્યો છે. અમેરિકન નાગરિક (NRI) પાસેથી દારૂની કાયદેસર પરમિટ હોવા છતાં ફતેગંજ પોલીસના કેટલાક કર્મચારીઓએ કથિત રીતે રૂપિયા 22 હજારનો તોડ કર્યો હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, અમેરિકામાં વસવાટ કરતા એક NRI પાસે ગુજરાત સરકાર દ્વારા માન્ય દારૂની પરમિટ હોવા છતાં તેમને કાયદાકીય કાર્યવાહીની ધમકી આપવામાં આવી હતી. ફરિયાદ મુજબ શરૂઆતમાં રૂપિયા 1 લાખની લાંચની માંગણી કરવામાં આવી હતી અને ત્યારબાદ રૂપિયા 22 હજારની રકમ લેવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલે પીડિત NRI દ્વારા વડોદરા શહેર પોલીસ કમિશનરને લેખિત અરજી આપી નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી છે. અરજીમાં સંડોવાયેલા પોલીસ કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવાની પણ માંગ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આક્ષેપો સાચા સાબિત થાય તો તે માત્ર એક વ્યક્તિ સાથે થયેલો અન્યાય નહીં, પરંતુ ગુજરાત પોલીસની છબીને પણ ગંભીર નુકસાન પહોંચાડે તેવી ઘટના બની શકે છે. વિદેશમાંથી આવેલા મહેમાનો અને NRI નાગરિકો સાથે આવો વ્યવહાર થાય તો રાજ્યની પ્રતિષ્ઠા પર પણ પ્રશ્નચિહ્ન ઊભું થાય છે.

ગુજરાતમાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ઘરનું સપનું પૂરું કરાવવા માટે શરૂ કરાયેલી

# પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લાંચકાંડનો પર્દાફાશ : સહાય મંજૂર કરાવવા 8 હજારની માંગણી

ગાંધીનગર

ગુજરાતમાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ઘરનું સપનું પૂરું કરાવવા માટે શરૂ કરાયેલી પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY)માં લાંચખોરીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સરકારી સહાય મેળવવા માટે લાભાર્થીઓને હેરાનગતિનો સામનો કરવો પડે છે તેવો વધુ એક કિસ્સો બહાર આવતા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા ગોઠવાયેલા ટ્રેપમાં પ્રધાનમંત્રી આવાસ યોજના 2.0 હેઠળ કામગીરી કરતા વેપકોસ લિમિટેડના ફિલ્ડ એન્જિનિયર જયેશભાઈ ડાહ્યાભાઈ જાદવ અને પ્રજાજન



નગીનભાઈ રાજુભાઈ તડપદાને રૂ. 8,000ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, ફરિયાદીના પિતાના નામે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન માટે સહાય મંજૂર થઈ હતી. જોકે, સહાયની પ્રક્રિયા આગળ વધારવા અને લાભાર્થીને મળવાપાત્ર રકમ છોડાવવા માટે આરોપીઓ દ્વારા રૂ. 8,000ની લાંચની માંગણી કરવામાં આવી હતી.

લાંચની માંગણીથી કંટાળેલા ફરિયાદીએ ACBનો સંપર્ક કરતા અધિકારીઓએ સમગ્ર મામલે પ્રાથમિક ચકાસણી કરી ટ્રેપ ગોઠવ્યો હતો. આયોજનબદ્ધ કાર્યવાહી દરમિયાન બંને આરોપીઓને લાંચની રકમ સ્વીકારતા જ રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા.

આ ઘટનાએ ફરી એકવાર સવાલ ઊભો કર્યો છે કે ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે બનાવાયેલી કલ્યાણકારી યોજનાઓમાં પણ કેટલાક ભ્રષ્ટ તત્વો પોતાના સ્વાર્થ માટે ગેરકાયદેસર વસૂલી કરતા અચકાતા નથી. સરકારની સહાય મેળવવા માટે લાભાર્થીઓને લાંચ આપવાની ફરજ પડે તે અત્યંત ગંભીર બાબત ગણાઈ રહી છે.

ACB દ્વારા બંને આરોપીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ દરમિયાન અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તેમજ અગાઉ પણ આવી રીતે લાંચ લેવામાં આવી હતી કે નહીં તે દિશામાં તપાસ ચાલી રહી છે.

આખરે કોના ઇશારે ચાલ્યું બુલડોઝર?

# નાસીરનગર ડિમોલીશન વિવાદ : 12 દિવસ બાદ પણ સવાલો યથાવત

સુરત, પવન માકન

સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા કથિત ડિમોલીશન મામલે હવે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. ઘટનાને 12 દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી અનેક મહત્વપૂર્ણ પ્રશ્નોના સ્પષ્ટ જવાબો સામે આવ્યા નથી. જેના કારણે સમગ્ર મામલો વધુ વિવાદાસ્પદ બનતો જઈ રહ્યો છે.

સ્થાનિકો અને વિવિધ સામાજિક વર્ગોમાં ચર્ચાનો વિષય બનેલા આ કેસમાં સૌથી મોટો સવાલ એ છે કે ડિમોલીશનની કાર્યવાહી દરમિયાન સ્થળ પર આખરે કોણ-કોણ હાજર હતું? શું માત્ર સરકારી તંત્ર અને અધિકારીઓ જ હાજર હતા કે પછી બિલ્ડર સાથે સંકળાયેલા લોકો પણ સ્થળ પર સક્રિય ભૂમિકા ભજવી રહ્યા હતા?

ઘટનાના વીડિયો અને વિવિધ દાવાઓ બાદ હવે લોકો સીધો સવાલ કરી રહ્યા છે કે જો કાર્યવાહી સંપૂર્ણપણે કાયદેસર હતી તો પછી જવાબદાર તંત્ર સમગ્ર ઘટનાક્રમ અંગે ખુલ્લી માહિતી જાહેર કરવામાં કેમ અચકાઈ રહ્યું છે?

વિરોધીઓનો આક્ષેપ છે કે સમગ્ર ઘટનામાં કેટલીક બાબતો હજુ પણ રહસ્યના ઘેરામાં છે. જો બિલ્ડરના પ્રતિનિધિઓ અથવા ખાનગી વ્યક્તિઓ ડિમોલીશન દરમિયાન હાજર હતા તો તેમની ભૂમિકા શું હતી? શું તેઓ માત્ર દર્શક હતા કે પછી કાર્યવાહી પર કોઈ પ્રકારનો પ્રભાવ હતો?

12 દિવસ બાદ પણ તંત્ર તરફથી સ્પષ્ટતા ન થતાં લોકોમાં અનેક શંકાઓ જન્મી રહી છે. પારદર્શિતા અને જવાબદારીના દાવા વચ્ચે હવે સવાલ એ છે કે આખરે સત્ય શું છે અને જવાબદાર કોણ છે? નાસીરનગરનો મુદ્દો હવે માત્ર એક ડિમોલીશનની ઘટનાથી આગળ વધી શાસકીય પ્રક્રિયા, જવાબદારી અને પારદર્શિતાના મુદ્દા સાથે જોડાઈ ગયો છે. લોકો માંગ કરી રહ્યા છે કે સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને ડિમોલીશન દરમિયાન હાજર તમામ વ્યક્તિઓ તથા અધિકારીઓની ભૂમિકા જાહેર કરવામાં આવે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો સવાલ:

ડિમોલીશન દરમિયાન સ્થળ પર કોણ-કોણ હાજર હતું?

શું બિલ્ડરના માણસો ઘટનાસ્થળે હાજર હતા?

જો હતા, તો તેમની સત્તાવાર ભૂમિકા શું હતી?

12 દિવસ બાદ પણ તંત્ર મૌન કેમ છે?

જવાબદારો સામે કાર્યવાહી થશે કે નહીં?

સત્ય બહાર આવવું જ જોઈએ, કારણ કે પ્રશ્ન માત્ર એક વિસ્તારનો નથી, પરંતુ કાયદાના શાસન અને જાહેર વિશ્વાસનો છે.

ખેડૂતો માટે મોટી રાહતના સમાચાર

# બાજરી, જુવાર અને મકાઈની ટેકાના ભાવે ખરીદીના જથ્થાની મર્યાદામાં વધારો કર્યો..!

ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે બાજરી, મકાઈ અને જુવારની ટેકાના ભાવે ખરીદી માટે પ્રતિ ખેડૂત ખરીદી મર્યાદામાં નોંધપાત્ર વધારો જાહેર કર્યો છે. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી તથા કિસાન સંઘના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.



નવી જાહેરાત મુજબ હવે પ્રતિ ખેડૂત બાજરીની ખરીદી મર્યાદા 2,000 કિલોથી વધારી 3,500 કિલો (175 મણ) કરવામાં આવી છે. તે જ રીતે મકાઈની ખરીદી મર્યાદા 1,500 કિલોથી વધારી 2,500 કિલો (125 મણ) અને જુવારની ખરીદી મર્યાદા 1,000 કિલોથી વધારી 1,700 કિલો (85 મણ) કરવામાં આવી છે. એટલે કે બાજરીમાં 1,500 કિલો, મકાઈમાં 1,000 કિલો અને જુવારમાં 700 કિલોનો વધારો કરવામાં આવ્યો છે.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે રાજ્યના ખેડૂતોની માંગ અને લાગણીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ હવે નવી મર્યાદા મુજબ ખરીદી પ્રક્રિયા હાથ ધરશે.

સરકારના આ નિર્ણયથી હજારો ખેડૂતોને સીધો આર્થિક લાભ મળશે અને તેઓ પોતાની વધુ ઉપજ ટેકાના ભાવે વેચી શકશે.

રાજ્ય સરકારે જણાવ્યું છે કે કેન્દ્ર સરકાર દ્વારા વધારાયેલા ટેકાના ભાવના લાભને વધુ અસરકારક બનાવવા અને ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટે ખરીદી મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે.

ખેડૂત કલ્યાણ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનું આ વધુ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં ચોમાસાનું કાઉન્ટડાઉન શરુ

# અંબાલાલે કરી ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી

ગાંધીનગર

રાજ્યમાં હવે ચોમાસાના આગમનની તૈયારીઓ વચ્ચે હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે વરસાદ અંગે મહત્વની આગાહી કરી છે. આગામી દિવસોમાં રાજ્યમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે વાતાવરણમાં મોટો પલટો જોવા મળશે.

રાજ્યમાં હવે ચોમાસાના આગમનની તૈયારીઓ વચ્ચે હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે વરસાદ અંગે મહત્વની આગાહી કરી છે. આગામી દિવસોમાં રાજ્યમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે વાતાવરણમાં મોટો પલટો જોવા મળશે. અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, પશ્ચિમી વિક્ષેપની અસરને કારણે 11 અને 12 જૂનના રોજ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદી માહોલ સર્જાશે. આ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. વધુમાં, 13 અને14 જૂનના રોજ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદ પડવાની સંભાવના છે, જેમાં સખત આંધી અને તેજ પવનનું જોર રહેશે. એટલું જ નહીં, 16 થી 18 જૂન દરમિયાન પણ વરસાદનું જોર યથાવત રહેશે. આગાહી મુજબ,10 થી 12 જૂન વચ્ચે ચોમાસું મુંબઈ પહોંચવાની શક્યતા છે, ત્યારબાદ 29 જૂન થી 5 જુલાઈ દરમિયાન રાજ્યના ઘણા ભાગોમાં સારો વરસાદ નોંધાઈ શકે છે. આગાહીકારે ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં પવનના તોફાનો અને કરા સાથે વરસાદ પડવાની શક્યતાઓ રહેલી છે.

મહિલા વ્યાજખોરે મહિલા પાસેથી

# 40 હજારની સામે 10% વ્યાજ વસૂલ્યું: દહેગામમાં તોય રૂા.4.50 લાખનો ઉઘરાણી કાઢી ચેક રિટર્નનો કેસ કર્યો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામમાં મહિલા વ્યાજખોરે પાડોશી મહિલાની મજબૂરીનો લાભ ઉઠાવી હાથ ઉછીના આપેલા 40 હજારની રકમ સામે દર મહિને 10 ટકા લેખે ચક્રવૃદ્ધિ વ્યાજ વસૂલીને વધુ 4.50 લાખની ઉઘરાણી માટે સિક્યોરિટી પેટે આપેલા ચેક રિટર્ન કરાવી કોર્ટમાં કેસ દાખલ કરી માનસિક અને આર્થિક રીતે પાયમાલ કરી દેવામાં આવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

દહેગામ સાન્વી રેસીડેન્સીમાં પરિવાર સાથે રહેતા કૃપાબેન રૂપેશભાઈ દલવાડી જેતે વખતે પાડોશમાં રહેતા દીપીકાબેન પંકજકુમાર ભટ્ટને (હાલ રહે.મધુવન સોસાયટી, મકાન નંબર-156, દહેગામ) છેલ્લા ચાર વર્ષથી ઓળખે છે. વર્ષ 2023મા પૈસાની જરૂર પડતા કૃપાબેનને 40 હજાર હાથ ઉછીના આપી બે કોરા ચેક સિક્યુરિટી પેટે દિપીકાબેને લઈ લીધા હતા.

જેનું 10 ટકા લેખે દર મહિને ચાર હજાર વ્યાજ વસૂલવાનું શરૂ કર્યું હતું. જોકે નવ મહિના સુધી ચાર હજાર વ્યાજ ચૂકવ્યા પછી કૃપાબેનવ્યાજ ભરવામાં અસમર્થ બન્યા હતા. ત્યારે દિપીકાબેને અગાઉના વ્યાજ અને મુદ્દલ મળીને કુલ 1.20 લાખની માંગણી કરી હતી. જે રકમ મેળવવા માટે કૃપાબેનને વિવિધ ત્રણ બેંકોમાંથી લોન લેવાની ફરજ પાડી 1.20 લાખ લઈ લીધા હતા. તેમ છતા ચેક પરત કર્યા ન હતા.

જે ચેકના આધારે દિપીકાબેને ફરીથી 4.50 લાખની માંગણી કરી હતી. આ સાંભળી કૃપાબેન મુશ્કેલીમાં મુકાઈ હતા. જેમણે ઘણી વિનંતી કરી છતાં દિપીકાબેને સિક્યોરિટી તરીકે રાખેલો ચેક બેંકમાં નાખીને બાઉન્સ કરાવી દીધો હતો અને 138 મુજબની નોટીસ પાઠવી જીવન જીવવું મુશ્કેલ કરી નાખી પરિવારને પાયમાલ કરી દીધો હતો. આખરે કંટાળીને અંતે કૃપાબેને દહેગામ પોલીસ સ્ટેશનમાં દીપીકાબેન પંકજકુમાર ભટ્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પાક્કો ગુજરાત

ગુરુવાર । 11 જૂન 2026 । અમદાવાદ

કૂવાની તપાસ કરો, વધુ પુરાવા મળશે : સ્વામી

# 700 વર્ષ જૂની જુમ્મા મસ્જિદમાંથી દેવી-દેવતાની પ્રાચિન મૂર્તિઓ મળી : 4 માર્ચનો વીડિયો વાયરલ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરની ઐતિહાસિક અને રાષ્ટ્રીય ધરોહર તરીકે ઓળખાતી 700 વર્ષ જુની જુમ્મા મસ્જિદ ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવી છે. જુમ્મા મસ્જિદમાંથી દેવી-દેવતાઓની પ્રાચીન મૂર્તિઓ મળી આવી હોવાનો દાવો કરતો એક વીડિયો વાયરલ થયો છે. જે વીડિયો માર્ચ મહિનામાં ઉતારેલો હોવાનું સામે આવ્યું છે.

મસ્જિદના વર્ષોથી બંધ રહેલા ભોંયરામાં પુરાતત્વ વિભાગ દ્વારા હાથ ધરાયેલી તપાસ દરમિયાન જૈન ધર્મના 19મા તીર્થંકર ભગવાન મલ્લિનાથ સહિત હિન્દુ દેવી-દેવતાઓની પ્રાચીન મૂર્તિઓ મળી આવ્યાનો સ્વામી દ્વારા દાવો કરવામાં આવ્યો છે. આ ઘટનાએ સમગ્ર જિલ્લામાં ચર્ચા જગાવી છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી સંતો-મહંતો તેમજ વિવિધ હિન્દુ અને જૈન સંગઠનો દ્વારા મસ્જિદના ઐતિહાસિક મૂળ અંગે રજૂઆતો કરવામાં આવી રહી હતી. આ રજૂઆતો અને વિવાદ વચ્ચે પુરાતત્વ વિભાગે કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે વર્ષોથી બંધ રહેલા ભોંયરાની તપાસ હાથ ધરી હતી.

માહિતી મુજબ તપાસ દરમિયાન ભોંયરામાંથી ભગવાન મલ્લિનાથની એક પ્રાચીન પ્રતિમા મળી આવી હોવાનું જણાવવામાં આવ્યું છે. પ્રતિમા પર સંવત 1213નો ઉલ્લેખ જોવા મળ્યો હોવાનું દાવો કરવામાં આવી રહ્યો છે. ઉપરાંત મસ્જિદના કેટલાક થાંભલાઓ અને સ્થાપત્યમાં જૈન તથા હિન્દુ પરંપરાની કોતરણીઓ અને શિલ્પાકૃતિઓ પણ જોવા મળતી હોવાનું કહેવાઈ રહ્યું છે. સમગ્ર તપાસની વીડિયોગ્રાફી કરીને અહેવાલ ઉચ્ચ અધિકારીઓને મોકલવામાં આવ્યો હોવાનો પણ દાવો કરાયો છે.

આ અંગે ભરૂચના નવચોકી ઓવારા સ્થિત શંકરાચાર્ય મઠના મહંત મુક્તાનંદ સ્વામીએ જણાવ્યું હતું કે, જુમ્મા મસ્જિદનું મૂળ સ્વરૂપ જૈન સમરી વિહાર હોવાનું અને તે શ્રી ચક્રધર સ્વામીનું જન્મસ્થળ હોવાનું લાંબા સમયથી તેઓ રજૂ કરતા આવ્યા છે. ભોંયરામાંથી મળેલી મૂર્તિઓ તેમના દાવાને મજબૂત બનાવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભોંયરાના અન્ય ભાગો તેમજ કૂવાના વિસ્તારમાં પણ વધુ તપાસ કરવામાં આવે તો અન્ય પુરાવાઓ મળી આવવાની સંભાવના છે. અગાઉ જુમ્મા મસ્જિદના ટ્રસ્ટીઓએ આ પ્રકારના દાવાઓને ફગાવ્યાં હતા. ટ્રસ્ટીઓના જણાવ્યા અનુસાર આ ઐતિહાસિક મસ્જિદ વર્ષ 1907થી સરકારી ગેઝેટમાં નોંધાયેલી છે તેમજ વકફ બોર્ડ હેઠળ નોંધાયેલા ટ્રસ્ટ દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે. કેટલાક તત્વો દ્વારા બિનજરૂરી વિવાદ ઉભો કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ મામલે કાનૂની સલાહ લેવામાં આવી રહી હોવાનું પણ ટ્રસ્ટીઓએ ઉમેર્યું હતું.



અજાણી ફોર વ્હીલરે પાછળથી ટક્કર મારી

# લીમડી-ખેડા રોડ પર હિટ એન્ડ રન અકસ્માતમાં યુવકનું મોત : એક્ટીવા સવાર બે વ્યક્તિઓ ઘાયલ

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના કાળીગામ ગુર્જર ગામના રહેવાસી અરવિંદભાઈ ભાભોરનું માર્ગ અકસ્માતમાં કરૂણ મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મંગળવારે સાંજે અરવિંદભાઈ બરોડાથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે લીમડી-ખેડા રોડ પર અજાણી ફોર વ્હીલર ગાડીના ચાલકે પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે અરવિંદભાઈની પલ્સર મોટરસાયકલ રોડ પર ફંગોળાઈ ગઈ હતી. ટક્કરની ઝપેટમાં નજીકમાં પસાર થઈ રહેલી એક્ટીવા પણ આવી ગઈ હતી, જેના પર સવાર બે વ્યક્તિઓને પણ ઈજાઓ પહોંચી હતી. ગંભીર માથાની ઈજાઓના કારણે અરવિંદભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકના મોટા ભાઈ માનુભાઈ ભાભોરને તેમના સગાએ ફોન કરી અકસ્માતની જાણ કરતા તેઓ પોતાના પુત્ર સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં પહોંચતા તેમણે પોતાના



ભાઈની લાશ રોડ પર પડેલી જોઈ હતી અને નજીકમાં તેમની પલ્સર બાઈક તથા અકસ્માતગ્રસ્ત એક્ટીવા પણ જોવા મળી હતી. સ્થાનિક લોકો પાસેથી મળેલી માહિતી મુજબ, લીમડી તરફથી આવી રહેલી અજાણી ફોર વ્હીલર ગાડીએ પ્રથમ અરવિંદભાઈની બાઈકને અને ત્યારબાદ એક્ટીવાને અડફેટે લીધી હતી. અકસ્માત બાદ ગાડીચાલક વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે મૃતકના ભાઈ માનુભાઈ ભાભોરે અજાણ્યા ફોર વ્હીલર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે હિટ એન્ડ રન અકસ્માતનો ગુનો નોંધી ફરાર વાહનચાલકને શોધવા તથા અકસ્માતની વધુ તપાસ હાથ ધરી છે.

વિસ્તારમાં શોકની લાગણી

અરવિંદભાઈ ભાભોરના અચાનક અને દુઃખદ અવસાનથી પરિવારજનો સહિત સમગ્ર કાળીગામ ગુર્જર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. સ્થાનિક લોકોએ ફરાર વાહનચાલકને ઝડપીને કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

સતત મળતી ફરિયાદો અને ગુપ્ત બાતમીના આધારે

# કલોલ તાલુકા પોલીસનો સપાટો : 11 એક્ટિવા ચોરી કરનાર શાતિર ચોર ઝડપાયો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પોલીસે વાહન ચોરીના ગુનાઓ સામે મોટી સફળતા મેળવી છે. શહેર અને આસપાસના વિસ્તારોમાં એક્ટિવાની ચોરી કરીને પોલીસ માટે માથાનો દુખાવો બનેલા શાતિર ચોરને ઝડપી પાડીને પોલીસે 11 ચોરાયેલી એક્ટિવા કબજે કરી છે.

પોલીસને સતત મળતી ફરિયાદો અને ગુપ્ત બાતમીના આધારે કલોલ તાલુકા પોલીસ દ્વારા વિશેષ તપાસ હાથ ધરવામાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સ, CCTV ફૂટેજ અને બાતમીદારોની મદદથી આખરે આરોપી સુધી પહોંચવામાં સફળતા મળી હતી.

તપાસ દરમિયાન આરોપીની ધરપકડ કરી પૂછપરછ કરવામાં આવતા તેણે એક પછી એક 11 એક્ટિવાની ચોરી કર્યાની કબૂલાત કરી હોવાનું જાણવા મળ્યું છે. આરોપીની નિશાનદેહી પરથી પોલીસે ચોરાયેલી 11 એક્ટિવા પણ કબજે કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આરોપી પાર્કિંગ વિસ્તારો અને રહેણાંક સોસાયટીઓને નિશાન બનાવી વાહનોની ચોરી કરતો હતો. ત્યારબાદ વાહનોને અન્ય



વિસ્તારોમાં વેચી દેવા અથવા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરતો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આરોપીની ધરપકડ બાદ હવે પોલીસ એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે ચોરીના વાહનો ખરીદનાર અથવા સમગ્ર રેકેટમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલ છે કે નહીં. પોલીસને વધુ ગુનાઓ ઉકેલાય તેવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વાહન ચોરીના વધતા બનાવો વચ્ચે કલોલ તાલુકા પોલીસની આ કામગીરીને મહત્વપૂર્ણ સફળતા માનવામાં આવી રહી છે. સ્થાનિક લોકોએ પણ પોલીસની સતર્કતા અને ઝડપી કામગીરીની પ્રશંસા કરી છે.

દહેગામમાં હિટ એન્ડ રનમાં યુવાનનું મોત

# 8 જૂને કારની ટક્કરથી બાઈકચાલક ભગાજી ઠાકોરનું નિધન, મૃતકના ભાઈએ ફરિયાદ નોંધાવી

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં હિટ એન્ડ રનની ગંભીર ઘટના સામે આવી છે. જેમાં એક યુવાનનું મોત નીપજ્યું છે. આ મામલે કાકુપુરા તાબે અહમદપુરાના રહેવાસી મહોતસિંહ ધુરાજી ઠાકોરે દહેગામ પોલીસ સ્ટેશનમાં કારચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, મહોતસિંહ ધુરાજી ઠાકોર ખેતીકામ કરે છે. તેમના નાના ભાઈ ભગાજી ધુરાજી ઠાકોર પોતાની પત્ની સુરેખાબેન અને બે બાળકો સાથે અલગ રહી છૂટક મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. 08 જૂન 2026ના રોજ સવારે આશરે નવ વાગ્યે ભગાજી ધુરાજી ઠાકોર અને તેમના ગામના કૃષ્ણકુમાર ભુલાજી ઠાકોર હીરો સ્પ્લેન્ડર બાઈક નંબર GJ-18-CL-8093 લઈને



વાસણા રાઠોડ ગામ ખાતે મજૂરીકામ માટે ગયા હતા. દિવસભરનું કામ પૂર્ણ કર્યા બાદ બંને રાત્રિના સમયે બાઈક પરત લઈને દહેગામ તરફ આવી રહ્યા હતા. રાત્રે આશરે 9:45 વાગ્યે કૃષ્ણકુમાર ઠાકોરે મહોતસિંહ ઠાકોરને ફોન કરીને અકસ્માતની જાણ કરી હતી. તેઓએ જણાવ્યું કે, વાસણા રાઠોડથી દહેગામ આવતા માર્ગ પર નવા બનતા દહેગામ ટી.પી. રોડ નંબર-3ના ચાર રસ્તા નજીક દહેગામ-કપડવંજ રોડ તરફથી આવેલી એક ફોર વ્હીલર કારે તેમના બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં બંને રસ્તા પર પટકાયા હતા. કૃષ્ણકુમારને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જ્યારે ભગાજી ઠાકોરને માથા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ કારચાલકે પોતાની ગાડી થોડે દૂર ઉભી રાખી હતી. આસપાસના લોકો એકત્ર થતાં કારનો નંબર GJ-18-EE-3576 હોવાનું જાણવા મળ્યું હતું. સ્થાનિક લોકોએ બંને ઈજાગ્રસ્તોને રિક્ષા મારફતે દહેગામ સરકારી દવાખાને પહોંચાડ્યા હતા. દહેગામ ખાતે પ્રાથમિક સારવાર બાદ ભગાજીની ગંભીર હાલતને ધ્યાનમાં રાખી તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

વાલિયાના ઘોડા તળાવમાં ગેરકાયદેસર માટી ખનન ઝડપાયું

# ખાણ-ખનીજ વિભાગે દરોડો પાડ્યો : હિટાચી મશીન સહિત 6 વાહનો જપ્ત, રૂ.8 લાખનો દંડ





ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના ઘોડા ગામમાં આવેલા તળાવમાંથી ગેરકાયદેસર માટી ખનન ઝડપાયું છે. ખાણ અને ખનીજ વિભાગે દરોડો પાડી એક હિટાચી મશીન અને પાંચ હાઈવા ટ્રકો સહિત કુલ છ વાહનો જપ્ત કર્યા હતા. જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી કચેરીના રોયલ્ટી ઈન્સ્પેક્ટર પી.એન. સોલંકીને મળેલી બાતમીના આધારે ટીમે સ્થળ પર તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિ ચાલી રહી હોવાનું સામે આવ્યું હતું, જેમાં બે હાઈવા ટ્રકોમાંથી અંદાજે 40 મેટ્રિક ટન સાદી માટી મળી આવી હતી. ખાણ-ખનીજ વિભાગે પ્રાથમિક તપાસ બાદ અંદાજે 8 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. કાર્યવાહી દરમિયાન જપ્ત કરાયેલા પાંચ હાઈવા ટ્રકોને વાલિયા પોલીસ મથકે સોંપવામાં આવ્યા હતા, જ્યારે હિટાચી મશીનને સ્થળ પર જ સીઝ કરવામાં આવ્યું હતું.

તંત્ર અને કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીએ વધુ એક નિર્દોષનો જીવ લીધો!

# ડભોઇના વસઈ-તરસાણા માર્ગ ઉપર બામણીયા નાળામાં બાઇક ખાબકતાં અંટોલીના યુવકનું કરૂણ મોત

ડભોઇ

વિકાસના કામો જ્યારે વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરોની આંધળી બેદરકારીનો ભોગ બને છે, ત્યારે તેની કિંમત સામાન્ય જનતાએ પોતાના જીવથી ચૂકવવી પડે છે. આવો જ એક હૃદયદ્રાવક અને આક્રોશ જન્માવતો કિસ્સો ડભોઈ તાલુકાના વસઈ-તરસાણા માર્ગ પરથી સામે આવ્યો છે. અહીં વસઈ ગામ નજીક આવેલા બામણીયા નાળાની અધૂરી અને બેદરકારીભરી કામગીરીને કારણે એક ૪૫ વર્ષીય આશાસ્પદ યુવકનું ઘટનાસ્થળે જ કાળમુખું મોત નીપજ્યું છે.

આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ ભારે રોષ ફાટી નીકળ્યો છે.

મળતી વિગતો મુજબ, વાઘોડિયા તાલુકાના અંટોલી ગામના રહેવાસી સંજયભાઈ પ્રભાતભાઈ વસાવા (ઉંમર



વર્ષ ૪૫) ડભોઇ ખાતે પોતાનું અંગત કામ પતાવીને બાઇક પર સવાર થઈ પોતાના ગામ અંટોલી પરત ફરી રહ્યા હતા. રાત્રિના અંધારામાં તેઓ જ્યારે વસઈ-તરસાણા વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ત્યાં આવેલા બામણીયા નાળા પાસે ચાલી રહેલી કામગીરીનો તેઓને અંદાજ આવ્યો ન હતો. નાળાની કામગીરી ચાલુ હોવા છતાં ત્યાં અંધારામાં દેખાય તેવા કોઈ સાઈન બોર્ડ કે આડશ ન હોવાથી સંજયભાઈની બાઈક સીધી નાળાના ઊંડા ખાડામાં ખાબકી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ગંભીર ઈજાઓ થવાના કારણે સંજયભાઈનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, માર્ગ અને મકાન વિભાગ અથવા સંબંધિત કોન્ટ્રાક્ટર દ્વારા ડાયવર્ઝન કે નાળાની કામગીરી વખતે સુરક્ષાના તમામ નિયમો નેવે મૂકી દેવામાં આવ્યા હતા. નિયમ મુજબ આવી જોખમી કામગીરી વખતે: વાહનચાલકો દૂરથી જોઈ શકે તેવા રિફ્લેક્ટર અથવા લાઈટિંગ હોવી જોઈએ.

રહીશોની રજૂઆત બાદ માણાવદર મામલતદારે હકારાત્મક પ્રતિભાવ આપ્યો

# માણાવદર શહેરમાં ચોમાસા પહેલા પાણી ભરાવાની સમસ્યા : રહીશોએ મામલતદારને આવેદનપત્ર આપી કાયમી ઉકેલની માંગ કરી

માણાવદર, જીજ્ઞેશ પટેલ

માણાવદર શહેરમાં ચોમાસા પૂર્વે પાણી ભરાવાની સમસ્યાને લઈને સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે. પાવર હાઉસથી ક્રિષ્ના પાર્ક હોટેલ સુધીના વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલનો મોટો પ્રશ્ન છે. ગીરીરાજનગર, અમૃતનગર અને ગોકુલનગરના રહીશો દર વર્ષે જળબંબાકારની સ્થિતિનો સામનો કરે છે.

રહીશોની રજૂઆત મુજબ, ચોમાસામાં આ સોસાયટીઓમાં પાણી ભરાઈ જાય છે. યોગ્ય નિકાલના અભાવે વરસાદી પાણી ઘરોમાં પ્રવેશે છે, જેનાથી ઘરવખરી અને સ્થાનિકોને આર્થિક નુકસાન થાય છે. આ નુકસાન અટકાવવા અને લોકોની સુરક્ષા માટે વરસાદી પાણીના તાત્કાલિક અને કાયમી નિકાલની માંગ કરવામાં આવી છે.

આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સોસાયટીના રહીશોએ મામલતદાર કચેરીની મુલાકાત લીધી હતી. તેમણે માણાવદરના મામલતદાર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખાને વિગતવાર આવેદનપત્ર સુપ્રત કરીને લેખિત રજૂઆત કરી.

રહીશોની રજૂઆત બાદ માણાવદર મામલતદારે હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. તેમણે ખાતરી આપી કે, નાગરિકોને તકલીફ ન પડે તે માટે વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટેની જરૂરી કામગીરી તંત્ર દ્વારા વહેલી તકે હાથ ધરવામાં આવશે.



# સુરત મનપાના વરાછા ઝોનનો લાંચિયો ક્લાર્ક રાકેશ શ્રીમાળી 3,500 રૂપિયાની લાંચ લેતા ACBના સકંજામાં

સુરત

સુરત મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વરાછા ઝોનના આકારણી વિભાગમાં ફરજ બજાવતા ક્લાર્ક રાકેશકુમાર ચંદુભાઇ શ્રીમાળીને રૂપિયા ૩,૫૦૦ની લાંચ લેતા એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) એ રંગેહાથ ઝડપી પાડ્યો છે. મકાનનો વેરો રેસિડેન્ટ તરીકે ચાલુ રાખવા અને ટેક્સ ઓછો લાવવાના બહાને આ ક્લાર્કે લાંચની માંગણી કરી હતી.

આ કેસની વિગત એવી છે કે, ફરિયાદીના મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ એક રૂમમાં સાડીનો સામાન મૂકેલો હતો. આકારણી વિભાગના ક્લાર્ક રાકેશકુમાર શ્રીમાળીએ આ રૂમની તપાસ કરીને તેને ગોડાઉન (કોમર્શિયલ) તરીકે દર્શાવી દીધો હતો. એટલું જ નહીં, આરોપી ક્લાર્કે ફરિયાદીને ડરાવ્યા હતા કે આ ગોડાઉનના કારણે તેમનો વાર્ષિક વેરો આશરે રૂપિયા ૧૨,૦૦૦ જેટલો મોટો આવશે. ત્યારબાદ લાંચિયા ક્લાર્કે ફરિયાદીને ગોડાઉનને બદલે રેસિડેન્ટ (રહેણાંક) તરીકે જ વેરો ચાલુ રાખવાની લાલચ આપી હતી અને તેના બદલામાં વ્યવહાર પેટે લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે સુરત એસીબીનો સંપર્ક કરીને ફરિયાદ નોંધાવી હતી.

# કદવાલમાં ગેરકાયદે અને ઓવરલોડ રેતી ભરેલા વાહનો મામલતદાર કચેરી સામે જ દોડે છે છતાં કાર્યવાહી શૂન્ય..!

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ દરરોજ 100થી વધુ ઓવરલોડ વાહનો આ માર્ગ પરથી પસાર થાય છે

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

કદવાલ પંથકમાં ગેરકાયદેસર અને ઓવરલોડ રેતી વાહનનો કાળો કારોબાર દિવસેને દિવસે બેફામ બનતો જઈ રહ્યો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે ઓવરલોડ રેતી, પથ્થર, માટી અને લીલા લાકડાં ભરેલા વાહનો કદવાલ મામલતદાર કચેરીની નજીકથી અને કચેરીની સામેના માર્ગ પરથી જ ખુલ્લેઆમ પસાર થાય છે, છતાં જવાબદાર તંત્ર દ્વારા આવા વાહનો સામે કોઈ અસરકારક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના કારણે સમગ્ર વિસ્તારમાં અનેક સવાલો અને શંકાઓ ઊભી થઈ રહી છે. સ્થાનિક લોકોમાં ઉઠી રહેલી લોકબૂમ અનુસાર છેલ્લા ઘણા સમયથી કદવાલ મામલતદાર કચેરી દ્વારા ઓવરલોડ તેમજ ગેરકાયદેસર ખનિજ વહન કરતા વાહનો સામે કોઈ નોંધપાત્ર કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે લોકોમાં એવી ચર્ચાઓ જોર પકડી રહી છે કે આખરે આવા વાહનોને કોણનું રક્ષણ મળી રહ્યું છે? માહિતી અનુસાર જેતપુર પાવી અને ડુંગરવાટ વિસ્તારમાં આવેલી કાયદેસર તેમજ ગેરકાયદેસર રેતીની લીઝોમાંથી નીકળતી રેતી મોટી સંખ્યામાં ઓવરલોડ વાહનો મારફતે કદવાલના નાનીખાંડી ચોકડી માર્ગે ભિખાપુરા થઈ પંચમહાલ, દાહોદ, મહિસાગર તેમજ રાજસ્થાન સુધી પહોંચાડવામાં આવી રહી છે. નાનીખાંડી ચોકડી કદવાલ મામલતદાર કચેરીથી માત્ર અંદાજે ૮૦૦ મીટરના અંતરે આવેલી છે. આમ છતાં આ માર્ગ પરથી પસાર થતાં વાહનો પર તંત્રની નજર કેમ પ ડતી નથી તે મોટો પ્રશ્ન બની રહ્યો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ દરરોજ ૧૦૦થી વધુ ઓવરલોડ વાહનો આ માર્ગ પરથી પસાર થાય છે. ભારે વજનના કારણે રસ્તાઓનું નુકસાન થવા ઉપરાંત અકસ્માતોની શક્યતા પણ વધી રહી છે. તેમ છતાં તંત્રની મૌન ભૂમિકા લોકોમાં ભારે અસંતોષ પેદા કરી રહી છે. વિસ્તારમાં એવી પણ ચર્ચાઓ ચાલી રહી છે કે ઓવરલોડ વાહનોના કેટલાક માલિકો વારંવાર કદવાલ મામલતદાર કચેરીની મુલાકાત લેતા જોવા મળે છે. જોકે આ બાબતે કોઈ સત્તાવાર પુષ્ટિ નથી, પરંતુ તંત્રની નિષ્ક્રિયતા આવા પ્રશ્નોને વધુ બળ આપી રહી છે. ખનિજ ચોરી અને ઓવરલોડ વાહનવ્યવહારના કારણે સરકારની તિજોરીને કરોડો રૂપિયાની આવકનું નુકસાન થતું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક મામલતદાર, ખનિજ વિભાગની સંયુક્ત કામગીરીથી ગેરકાયદેસર કારોબારને રોકી શકાય તેમ હોવા છતાં કોઈ કડક કાર્યવાહી ન થવી અનેક શંકાઓને જન્મ આપી રહી છે.

# આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં એસીબીના દરોડા : 1.10 લાખની લાંચ લેતા બે મહિલા પોલીસકર્મીઓ ઝડપાયા

આણંદ

ગુજરાતમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી) દ્વારા લાંચિયા અધિકારીઓ અને કર્મચારીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે, ત્યારે આણંદમાંથી લાંચખોરીનો એક મોટો કિસ્સો સામે આવ્યો છે. આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બે મહિલા પોલીસકર્મીઓ રૂપિયા ૧,૧૦,૦૦૦/- ની મસમોટી લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ જતાં પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, આણંદ મહિલા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા (૧) ડબલ્યુ.એ.એસ.આઈ. (WASI) ગીતાબેન કમજીભાઈ દોઠા અને (૨) ડબલ્યુ.એચ.સી. (WHC) પુષ્પાબેન રણજીતસિંહ ગરાસીયા એસીબીની જાળમાં સપડાયા છે.

સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, ફરિયાદી અને તેમના પરિવારના સભ્યો વિરુદ્ધ તેમની પુત્રવધુએ આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં એક અરજી કરી હતી.

આ અરજીના અનુસંધાને ફરિયાદી તથા તેમના પરિવારના સભ્યોને પોલીસ તરફથી હેરાન ન કરવા તેમજ ફરિયાદીના પુત્રનો પાસપોર્ટ જમા ન લેવા માટે આ બંને મહિલા પોલીસકર્મીઓએ ફરિયાદી પાસે લાંચની માંગણી કરી હતી.

## તંત્રી લેખ...

## જીવન ટૂંકું છે: ખુશીઓ વહેંચો, હસતાં રહો અને હસાવતાં રહો

આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં માણસ સતત દોડધામમાં વ્યસ્ત થઈ ગયો છે. સફળતા, સંપત્તિ અને પ્રતિષ્ઠાની પાછળ ભાગતા ભાગતા ઘણી વખત આપણે જીવનની સાચી ખુશીઓ ભૂલી જઈએ છીએ. હકીકતમાં જીવન ખૂબ જ ટૂંકું છે. કાલે શું થશે તેની કોઈને ખબર નથી. તેથી નકારાત્મક વિચારો, ગુસ્સો, ઈર્ષ્યા અને દુ:ખમાં જીવનનો અમૂલ્ય સમય બગાડવા કરતાં દરેક ક્ષણને આનંદ અને ઉત્સાહ સાથે જીવવી જોઈએ. માનવીના જીવનમાં મુશ્કેલીઓ, પડકારો અને નિષ્ફળતાઓ આવતી રહે છે. પરંતુ જે વ્યક્તિ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ હકારાત્મકતા જાળવી રાખે છે, તે જ સાચા અર્થમાં સફળ અને સુખી બની શકે છે. ગુસ્સો અને નફરત માત્ર સંબંધોને જ નહીં, પરંતુ આપણા મનની શાંતિને પણ



નુકસાન પહોંચાડે છે. જ્યારે પ્રેમ, કરુણા અને ક્ષમાની ભાવના જીવનને વધુ સુંદર અને અર્થપૂર્ણ બનાવે છે. ખુશી એવી સંપત્તિ છે જે વહેંચવાથી વધે છે. કોઈ નિરાશ વ્યક્તિને હિંમત આપવી, મુશ્કેલીમાં રહેલા વ્યક્તિની મદદ કરવી, વૃદ્ધોના ચહેરા પર સ્મિત લાવવું અથવા કોઈના જીવનમાં આશાનું કિરણ બનવું – આ બધું જ સાચી માનવતા છે. ઘણી વખત આપણા એક સારા શબ્દથી કોઈનું જીવન બદલાઈ શકે છે.

આપણે યાદ રાખવું જોઈએ કે જીવનનો સાચો આનંદ બીજાને હરાવવામાં નહીં, પરંતુ બીજાને આગળ વધારવામાં છે. સફળતા માત્ર પૈસા કે હોદ્દાથી માપી શકાતી નથી. સાચી સફળતા એ છે કે આપણા કારણે કેટલાં લોકોના ચહેરા પર સ્મિત આવ્યું અને કેટલાં લોકોના જીવનમાં ખુશીઓ આવી.

આજના સમયમાં સોશિયલ મીડિયા, રાજકીય મતભેદો અને વ્યક્તિગત સ્પર્ધાઓના કારણે લોકોમાં નકારાત્મકતા વધી રહી છે. પરંતુ સમાજને વધુ સુંદર બનાવવા માટે દરેક વ્યક્તિએ પોતાના વિચારોમાં હકારાત્મકતા લાવવાની જરૂર છે. કારણ કે હકારાત્મક વિચારસરણી માત્ર વ્યક્તિને જ નહીં, સમગ્ર સમાજને નવી દિશા આપી શકે છે. ચાલો, આજે એક સંકલ્પ કરીએ કે જીવનની દરેક ક્ષણને આનંદથી જીવીશું, નાની-નાની વાતોમાં ખુશી શોધીશું, કોઈ પ્રત્યે દ્વેષ નહીં રાખીએ અને શક્ય તેટલી ખુશીઓ બીજાઓ સાથે વહેંચીશું. કારણ કે અંતે માણસને તેની સંપત્તિ કે સત્તા માટે નહીં, પરંતુ તેના સારા કર્મો, પ્રેમ અને માનવતા માટે યાદ રાખવામાં આવે છે.

જીવન ટૂંકું છે

તેથી હસો, હસાવો, પ્રેમ કરો, મદદ કરો અને એવી યાદો બનાવો કે જે તમારા ગયા પછી પણ લોકોના હૃદયમાં જીવંત રહે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# નીટ પછી સીબીએસઇ: ભાવિ પેઢીની આપણને ચિંતા છે ખરી?

**જેમના લોહીમાં સિંહની ખુદ્દારી અને હૃદયમાં જીતવાનું ઝનૂન હોય છે, તેઓ ક્યારેય ગલીના કૂતરાઓ સામે પથ્થર ઉપાડવા નથી રોકાતા. આ દુનિયાનો એક બહુ જૂનો અને કડવો નિયમ છે જ્યાં સુધી તમે ભીડનો એક હિસ્સો બનીને સામાન્ય જીવન જીવતા હશો, ત્યાં સુધી કોઈને તમારાથી કોઈ વાંધો નહીં હોય. પણ જેવો તમે સફળતાનો પહેલો દાદરો ચઢશો, એટલે તમારી આજુબાજુના લોકોના દિલમાં ઈર્ષ્યાની દીવાસળી આપોઆપ સળગી ઉઠશે.**

દેશભરની મેડિકલ કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડર ગ્રેજ્યુએટ કોર્સીસ માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન નીટનું પેપર ફૂટી ગયું. તેના કારણે આખી પરીક્ષા રદ કરીને નવેસરથી લેવી પડશે તેનો ડખો ચાલુ જ છે ત્યાં સેન્ટ્રલ બોર્ડ ફોર સેક્ન્ડરી એજ્યુકેશન સીબીએસઈના બારમા ધોરણની પરીક્ષાનાં પેપર તપાસવામાં થયેલું ભોપાળું બહાર આવ્યું છે. બોર્ડે આ વખતથી પેપર તપાસવા માટે ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ સિસ્ટમ અમલી બનાવી છે પણ તેમાં પહેલા ગ્રાસે જ મક્ષિકા જેવો ઘાટ થઈ ગયો છે. ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ સિસ્ટમમાં જાત જાતની ગરબડો થઈ તેમાં બારમા ધોરણનું આખું પરિણામ જ શંકાના દાયરામાં આવી ગયું છે. પહેલાં બોર્ડનાં પેપર તપાસવા હોય તો શિક્ષકોને ઉત્તરવહીનાં બંડલ મોકલાતાં હતાં. બોર્ડને તુક્કો સૂઝયો એટલે ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ શરૂ કરાવ્યું તેમાં ઉત્તરવહીઓને સ્કેન કરીને શિક્ષકોને મોકલાય છે. શિક્ષકો ઓનલાઈન ચકાસણી કરે ને માર્ક મૂકે. સ્કેન કરાયેલી ઉત્તરવહીઓ મોકલાઈ તેમાંથી હજારો ઝાંખી હતી કેમ કે યોગ્ય રીતે સ્કેન નહોતી કરાઈ. ઘણી ઉત્તરવહીઓમાં લખાણ કપાતું હતું કેમ કે સરખી રીતે ક્રોપ નહોતી કરાઈ. વિદ્યાર્થીઓએ આન્સર શીટ (ઉત્તરવહી) ની ફોટોકોપીમાંથી કેટલાક પાનાં ગાયબ હોવાની ફરિયાદ પણ કરી છે. સ્કેન કરેલી ઉત્તરવહી વિદ્યાર્થીના નંબરને બદલે ભળતા જ નંબરો સાથે જોડાઈ ગયેલી તેથી વિદ્યાર્થીએ પોતે લખેલી ઉત્તરવહીના બદલે બીજા કોઈની ઉત્તરવહીના આધારે માર્ક આપી દેવાયા હોય એવા હજારો કિસ્સા બન્યા. વિદ્યાર્થીઓ પરિણામ આવ્યા પછી પોતાની ઉત્તરવહી જોઈ શકે છે. હજારો વિદ્યાર્થીઓએ દાવો કર્યો છે કે, પોતાના પરિણામ સાથે જોડાયેલી ઉત્તરવહીમાં પોતાના અક્ષરો જ નથી ને પોતે આપેલા જવાબો પણ નથી. આ ભવાડા બહાર આવ્યા તેમાં સીબીએસઈની ઈજ્જતનો કચરો થઈ ગયો. આ બેઈજ્જતી ઓછી હોય તેમ સીબીએસઈએ રીવેલ્યુએશન એટલે કે પુનર્મૂલ્યાંકન માટેનું પોર્ટલ ચાર દાડા સુધી ખૂલ્યું જ નહીં. સીબીએસઈએ પહેલાં જાહેરાત કરેલી કે, 29 મેના દિવસે પોર્ટલ ખૂલશે તેથી વિદ્યાર્થીઓ ફરી ભરીને તૈયારી કરીને બેઠેલા પણ સીબીએસઈએ ગ્રહણ ટાણે જ સાપ કાઢીને જાહેર કર્યું કે, ટેકનિકલ સમસ્યાના કારણે હવે 1 જૂને પોર્ટલ ખૂલશે.1 જૂને લાખો વિદ્યાર્થીઓ આખો દિવસ મથામણ કરીને થાકી ગયા પણ પોર્ટલ ના ખૂલ્યું તે ના જ ખૂલ્યું. 2 જૂન ને મંગળવારે પણ આ રેઢિયાળપણું ચાલુ રહ્યું. સવારથી મથતા હોવા છતાં મોટા ભાગના વિદ્યાર્થી તો લોગ-ઈન જ ના કરી શક્યા. કેટલાક નસીબના બળિયા લોગ-ઈન કરી શક્યા તો એ પછી તેમનાં નસીબ ફૂટી ગયાં કેમ કે ફ્રોઝન સ્ક્રીનની સમસ્યા આવી ગઈ. લગભગ ચાર લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે તેથી આ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પાંચ દિવસ પછી પણ અધ્ધર જીવે છે. ક્યારે પોર્ટલ સરળતાથી કામ કરતું થશે એ તેમને ખબર નથી. માનો કે કામ કરતું થાય તો પણ સરખી રીતે ચાલશે કે નહીં એ નક્કી નથી ને અંતે જે પણ પરિણામ આવશે એ ખરેખર સાચું હશે કે પરિણામની જેમ તેમાં પણ ઝોલમઝોલ હશે એ નક્કી નથી તેથી આ ચાર લાખ પરિવારોની સમસ્યાઓનો ક્યારે અંત આવશે એ ખબર નથી. આ રામકથાની વચ્ચે એવી વાત બહાર આવી છે કે, સીબીએસઈના પુન:મૂલ્યાંકન (રી-ઈવેલ્યુએશન) પોર્ટલની પેમેન્ટ સિસ્ટમ પર ‘સાઈબર એટેક’ થયો હતો અને 50 વિદ્યાર્થીઓએ પોર્ટલ હેક કરી લીધું હતું. તેના કારણે સીબીએસઈ (સીબીએસઇ) પોર્ટલ પર આન્સરશીટની ફોટોકોપી મેળવવા માટેની અરજી ફી અલગ-અલગ દેખાવા લાગી હતી. સીબીએસઈએ ફી 700 રૂપિયાથી ઘટાડીને 100 રૂપિયા કરી નાખેલી તેથી બધે સરખી ફી દેખૌવી જોઈએ પણ ક્યાંક ફી એક રૂપિયો દેખાતી હતી તો ક્યાંક 68,0000 રૂપિયા દેખાતી હતી. ફીમાં પાછો વધારો ઘટાડો પણ થયા કરતો હતો.




આ બધાથી અલિપ્ત આપણી કેન્દ્ર સરકાર કશું ના બન્યું હોય એમ વર્તવામાં વ્યસ્ત છે. ઓન-સ્ક્રીન માર્કિંગ (ઓએસએમ) સિસ્ટમનો કોન્ટ્રાક્ટ હૈદરાબાદની ખાનગી આઈટી કંપની કોએમ્પ્ટ એજ્યુટેકને અપાયો છે. કેન્દ્ર સરકારે ગરબડ મુદ્દે સરકારી રાહે રિપોર્ટ માગ્યો છે પણ કંપની સામે હજુ લગી તો કોઈ પગલાં લીધાં નથી કે આટલા મોટા પાયે ગોબાચારી છતાં કોઈ દંડ પણ ફટકાર્યો નથી. પરિણામમાં ગરબડની ફરિયાદ આવી ત્યારે પહેલાં તો કંપનીએ કશું ના બન્યું હોય એમ એકલદોકલ કિસ્સામાં આવું બન્યું છે એવું કહીને હાથ ખંખેરી નાખેલા. સીબીએસઈએ પોતે પાછળથી સત્તાવાર રીતે કહ્યું કે, લગભગ 68 હજાર ઉત્તરવહીઓમાં લોચા છે. આ ઉત્તરવહીઓના સ્કેનિંગ અને ક્રોપ કરવામાં થયેલી ગરબડોના કારણે તેમનાં બંડલ મોકલીને ફરી તેમનાં પેપર તપાસીને નવેસરથી માર્ક મૂકવા પડ્યા છે. આ નવેસરથી પેપર તપાસવાની પ્રક્રિયા કેટલી સાચી હશે એ પણ ખબર નથી. આ તો સીબીએસઈનો પોતાનો સત્તાવાર જવાબ છે ને ખરેખર તો તેના આધારે ભવાડો કરનારી કંપનીને સૌથી પહેલાં તો બ્લેક લિસ્ટ કરી દેવી જોઈએ. કંપનીના કારભારીઓ સામે હજારો વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરવા બદલ ફોજદારી કેસ કરીને તેમને અંદર નાખવા જોઈએ. આ કંપનીને કોન્ટ્રાક્ટ અપાયો ત્યારે આટલી મોટી પરીક્ષા લેવાની તેનામાં ક્ષમતા છે કે નહીં તેની ચકાસણી કરાયેલી કે નહીં તેની તપાસ થવી જોઈએ, કોન્ટ્રાક્ટ આપવામાં ગોબાચારી થઈ છે કે નહીં તેની તપાસ કરવાની હોય ત્યારે કેન્દ્ર સરકાર હજુ રિપોર્ટ રિપોર્ટ રમ્યા કરે છે. આ વલણ ખરેખર આઘાતજનક કહેવાય. સીબીએસઈના ઓએસએમ અને રીવેલ્યુએશનના ભવાડાએ બે વાત સાબિત કરી છે. પહેલી વાત એ કે, આપણે ડિજિટલ ઈન્ડિયાની મોટી મોટી વાતો કરીએ છીએ પણ હજુય આપણે પછાત દેશ છીએ.

આપણે પછાત ના હોઈએ તો એક પરીક્ષા માટેની ફુલપ્રૂફ સિસ્ટમ કેમ ઊભી કરી શકતા નથી ? આ બધા ભવાડા કેમ થાય છે? કેમ કે ડિજિટલ ઈન્ડિયાના નામે મળતિયાઓને મોટા મોટા કોન્ટ્રાક્ટ આપીને ઘર ભરવાનો ખેલ થાય છે. વાસ્તવિક રીતે ડિજિટલ ઈન્ડિયાનું નિર્માણ થઈ રહ્યું નથી ને તેમાં દેશની આબરૂના પણ ભડાકા થઈ ગયા છે. વિદેશી મોડલો પર બનેલી પેમેન્ટ એપ્સ ચાલે એટલે ડિજિટલ ઈન્ડિયા ના કહેવાય. બીજી વાત એ કે, આ દેશમાં મહેનત કરીને તૂટી જતા વિદ્યાર્થીઓની મહેનતની કોઈ કદર નથી. લાખો વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરનારા અધિકારીઓ કે કોન્ટ્રાક્ટરોને ખરેખર તો આરબ દેશોના ન્યાયની જેમ જાહેરમાં ચાબૂકથી સટાકા મારવા જોઈએ પણ તેમને કશું થતું નથી. કોઈ પણ પરીક્ષા આપો પણ તેનાં પરિણામો શંકાથી પર હોતાં નથી તેથી મહેનત કરનારો આપણો દીકરો કે દીકરી સતત ટેન્શનમાં જીવ્યા કરે છે ને આપણે પણ ટેન્શનમાં જીવ્યા કરીએ છીએ. બીજી તરફ દેશનું ભાવિ મનાતા વિદ્યાર્થીઓની જિંદગી સાથે ક્રૂર રમત રમનારા જલસા કરે છે.

## ગરમીમાં ધબકારા વધ્યા તો સમજો જીવ જોખમમાં!

ઉનાળામાં પરસેવો અને થાકની સમસ્યા સામાન્ય છે. આ દરમિયાન હૃદયના ધબકારા (હાર્ટ બીટ)માં પણ ફેરફાર થાય છે. સામાન્ય રીતે લોકો તેને હવામાનની સામાન્ય અસર માનીને અવગણી દે છે. પરંતુ તીવ્ર ગરમીમાં ડિહાઈડ્રેશનને કારણે બ્લડ સર્ક્યુલેશન (રક્ત પરિભ્રમણ) પ્રભાવિત થઈ શકે છે. આના કારણે હૃદય પર કાર્યભાર વધી શકે છે. ‘અમેરિકન હાર્ટ એસોસિએશન’ (AHA) અનુસાર, ગરમી વધવા પર કાર્ડિયોવેસ્ક્યુલર ઈમરજન્સી અને હૉસ્પિટલની મુલાકાતો વધી જાય છે. ખાસ કરીને વૃદ્ધો અને હૃદય રોગના દર્દીઓને વધુ ધ્યાન આપવાની જરૂર હોય છે. ગરમી વધવા પર શરીરને પોતાનું કોર તાપમાન નિયંત્રિત કરવા માટે વધુ મહેનત કરવી પડે છે. તેની હૃદય પર આ અસર થાય છે- વાસોડિલેશન (રક્તવાહિનીઓનું વિસ્તરણ) થાય છે, જેનાથી બીપી લો થઈ શકે છે. શરીરને ઠંડુ રાખવા માટે હૃદયને ત્વચા તરફ રક્ત પ્રવાહ (બ્લડ ફ્લો) વધારવો પડે છે. શરીરને ઠંડુ રાખવામાં હૃદય વ્યસ્ત હોય, ત્યારે બધા અંગો સુધી લોહી પહોંચાડવામાં વધુ મહેનત કરવી પડે છે. પરસેવાથી પ્રવાહી અને ઈલેક્ટ્રોલાઈટ્સ ઘટવાથી હૃદયના ધબકારા પ્રભાવિત થાય છે. ઓવરહિટિંગ થવા પર શરીરની ઓક્સિજનની જરૂરિયાત વધે છે, જેનાથી હૃદય પર દબાણ વધી શકે છે. હા, તીવ્ર ગરમીમાં શરીરમાં પાણી અને મીઠું (નમક)ની ઊણપથી લોહી ઘટ્ટ થઈ શકે છે, જેનાથી- હૃદયને લોહી પમ્પ કરવામાં વધુ મહેનત કરવી પડે છે. ઓવરહિટિંગ અને લો BP થી હૃદય પર તણાવ વધી શકે છે. જેમને કોઈ કાર્ડિયોવેસ્ક્યુલર રોગ છે, તેમને વધુ જોખમ હોય છે. ‘યુરોપિયન સોસાયટી ઓફ કાર્ડિયોલોજી’ અનુસાર, હીટ વેવમાં હાર્ટ એટેકના કેસ વધી જાય છે. ખરેખર, હીટ વેવના કારણે ડિહાઈડ્રેશન અને ઈલેક્ટ્રોલાઈટ અસંતુલન થઈ શકે છે, જેનાથી- બ્લડ વેસલ્સ (રક્તવાહિનીઓ) પર દબાણ આવે છે, હૃદયના ધબકારા વધી જાય છે.

હીટ સ્ટ્રોક થાય, ત્યારે હૃદયની કાર્યક્ષમતા પ્રભાવિત થઈ શકે છે.

પૂરતી ઠંડક અને પાણી ન મળવા પર જોખમ વધી શકે છે. ડિહાઈડ્રેશન થવા પર શરીરમાં લોહીનું પ્રમાણ (બ્લડ વોલ્યુમ) ઓછું થઈ જાય છે. આનાથી હૃદયને લોહી પમ્પ કરવામાં વધુ દબાણ આવે છે. લોહી ઘટ્ટ થવાથી ક્લોટિંગનું જોખમ વધી શકે છે. ઈલેક્ટ્રોલાઈટ અસંતુલનથી હૃદયના ધબકારા અનિયમિત થઈ શકે છે. લાંબા સમય સુધી ડિહાઈડ્રેશનથી કાર્ડિયોવેસ્ક્યુલર જોખમ વધી જાય છે. ગરમી વધવા પર શરીર હોમિયોસ્ટેસિસ (શરીરના મુખ્ય તાપમાનને નિયંત્રિત કરવાની પ્રક્રિયા) સક્રિય કરે છે. આનાથી હૃદયને લોહી પમ્પ કરવા માટે વધુ મહેનત કરવી પડે છે. વધુ પરસેવાથી ફ્લુઈડ અને મિનરલનું નુકસાન થઈ શકે છે. શરીરનું બ્લડ સર્ક્યુલેશન (રક્ત પરિભ્રમણ) પ્રભાવિત થઈ શકે છે. ઓવરહિટિંગથી હૃદયના ધબકારા અને ઓક્સિજનની માંગ વધી શકે છે. આથી લાંબા સમય સુધી વધુ ગરમી રહેવાથી હાર્ટ એટેકના કેસ વધી જાય છે. હાર્ટ એટેક આવે ત્યારે અચાનક હૃદય સુધી લોહીનો પુરવઠો ઓછો થઈ જાય છે, જેના કારણે ટિશ્યુ ડેમેજ થવા લાગે છે. તેનાથી અસ્વસ્થતા અનુભવાય છે. ઉનાળામાં તેની સાથે ડિહાઈડ્રેશન અને હીટ સ્ટ્રોકના લક્ષણો પણ દેખાઈ શકે છે, હાઈ બીપીમાં બ્લડ વેસલ્સ પર સતત દબાણ રહે છે, જેનાથી હૃદય પર ભાર વધે છે. ડાયાબિટીસમાં બ્લડ શુગર વધુ રહેવાથી નર્વ્સ અને હાર્ટ ટિશ્યુ ડેમેજ થઈ શકે છે.

સ્થુળતા (મોટાપા) શરીરની ઓક્સિજનની જરૂરિયાત અને કાર્ડિયાક વર્કલોડ વધી જાય છે.

આ બધી કન્ડિશન્સમાં બ્લડ ક્લોટિંગનું વધુ જોખમ રહે છે. આ આદતો હૃદય પર વધારાનું દબાણ લાવે છે- આકરા તડકામાં લાંબા સમય સુધી બ્રેક વગર કામ કરવું. ઓછું પાણી પીવું અને કેફીન અથવા એનર્જી ડ્રિંક લેવું. ભારે, તૈલી અને વધુ મીઠાવાળું ભોજન કરવું. મોડી રાત સુધી જાગવું. ભારે કસરત અથવા ઓવરવર્ક કરવું. તણાવ અને ગુસ્સાને નિયંત્રિત ન કરવા.

# ભારતમાં મધ્યમ વર્ગની 70 ટકા આવક દેવા-દવામાં ખર્ચાય છે

**ભારતમાં 6.5 કરોડ લોકો ઝુંપડામાં રહેવા મજબૂર, એક અહેવાલ પ્રમાણે ભારતના શહેરોમાં રહેનારો દર છઠ્ઠો વ્યક્તિ ઝુંપડી અથવા તો પછાત વિસ્તારમાં રહેવા માટે મજબૂર છે. તેના કારણે ઝુંપડપટ્ટીઓની સંખ્યામાં મોટાપાયે વધારો થયો છે : મુંબઈમાં આવેલા ધારાવી વિશ્વની સૌથી મોટી ઝુંપડપટ્ટી છે. અહીંયા 15 લાખ કરતા વધારે લોકો રહે છે. તેવી જ રીતે કોલકાતાની એક તૃતિંયાંશ વસતી ઝુંપડા અથવા તો સ્લમ વિસ્તારમાં રહેવા માટે મજબૂર છે. અહીંયા બસંતી સ્લમ ખૂબ જ મોટો વિસ્તાર છે જ્યાં લાખો લોકો સુવિધાવગરની જિંદગી પસાર કરે છે.**

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલોએ ભારતના વિકાસ, વર્ચ્યુઅલ રિયાલિટી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને આધુનિકતાની પોલ ખોલી કાઢી હતી. આ અહેવાલમાં જણાવાયું છે કે, વિકાસની આંધળી દોટ કરનારા લોકોના કારણે આર્થિક, સામાજિક અને રાજકીય સમસ્યા ઊભી થઈ છે. આ અહેવાલ જણાવે છે કે, વિશ્વની કુલ વસતીના ૪૦ ટકા લોકો પાસે રહેવા યોગ્ય મકાન નથી. તેમાંય ભારતની સ્થિતિ વધારે ખરાબ છે. ભારતમાં અંદાજે ૬.૫ કરોડ કરતા વધારે લોકો ઝુંપડા અને સ્લમ વિસ્તારોમાં રહેવા માટે મજબૂર છે.

ભારતના કરોડો લોકો પાસે રહી શકાય તેવું સુરક્ષિત, સામાન્ય સુવિધાઓ ધરાવતું અને તેમને પરવડે તેવું મકાન જ નથી. આ લોકો કાચા, તુટેલા અને કામચલાઉ મકાનોમાં વસે છે. વિકસિત શહેરોના દેખાતી ચમકધમકની વચ્ચે લાખો લોકો આ શહેરોમાં કાચા મકાનોમાં, ઝુંપડીઓમાં અને પતરાળી બાંધીને કે ફૂટપાથ ઉપર જીવન પસાર કરે છે. આ લોકોની સ્થિતિ તો અત્યંત કફોડી અને દયનીય છે. વિકાસની આંધળી દોડમાં સમાજનો એક એવો વર્ગ પાછળ રહી ગયો છે અથવા તો રાખી દેવામાં આવ્યો છે તેના માથે મજબૂત છત અને ઘરમાં ખાવા માટે બે ટંકનું ભોજન નથી.

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્લ્ડ સિટી રિપોર્ટ્સ ૨૦૨૬ નામનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. તેમાં જણાવાયું છે કે, ભારતમાં રાજકીય કાવાદાવ, ભ્રષ્ટાચાર, બાબુશાહી અને લાંચીયા વૃત્તિને પગલે રહેઠાણનું મોટું સંકટ સર્જાયું છે. આ સમસ્યા માત્ર શહેરો પૂરતી સિમિત નથી. હવે તે નાના ગામડા સુધી પહોંચી ગઈ છે. તેના કારણે સામાજિક ન્યાય, આર્થિક સમાનતા, પર્યાવરણની સ્થિરતા અને સૌથી મોટી તો માનવીય ગરિમાને વ્યાપક ઠેસ પહોંચી છે. ચિંતાજનક બાબત એ છે કે, મકાનોના સતત વધતા ભાવ, મોંઘવારી, વધતા ભાડા અને મર્યાદિત મકાનોની ઉપલબ્ધતાના કારણે લાખો લોકો ઘરવિહોણા જોવા મળે છે. લોકો પાસે ઘર ન હોવું પણ હવે એક મોટો પડકાર છે.

જાણકારોના મતે શહેરીકરણમાં જે સ્તરે ઝડપ આવી છે તેના પગલે ગામડા તૂટયા છે અને શહેરોમાં લોકોની પાસે રહેવા માટે મકાનો નથી. ભારતમાં શહેરીકરણને લીધે સમસ્યા સર્જાઈ છે. યુએનના અહેવાલ પ્રમાણે ભારત



વિશ્વના સૌથી ઝડપી શહેરીકરણ કરનારા અર્થતંત્રમાં સ્થાન ધરાવે છે. યુએનના મતે ૨૦૫૦ સુધીમાં ભારતની લગભગ અડધી વસતી શહેરોમાં જ રહેવા લાગશે. અત્યારની સ્થિતિમાં પણ કરોડો લોકો સારું શિક્ષણ, રોજગાર, સુવિધાઓ, સ્વાસ્થ્ય અને નવી શક્યતાઓની શોધમાં ગામડા છોડીને શહેરોમાં ઠલવાઈ રહ્યા છે. શહેરો પણ વ્યાપક રીતે અને ઝડપથી વિસ્તરી રહ્યા છે. શહેરો મોટા થઈ રહ્યા છે પણ છતાં લોકો માટે રહેવા માટે મકાનો નથી. એક તરફ શહેરોમાં સ્કાયસ્ક્રેપર્સ બની રહ્યા છે પણ બીજી તરફ હજારો લોકો ઝુંપડીઓમાં રહેવા માટે મજબૂર છે.

ભારતમાં અધિકારીક રીતે કરોડો લોકો ઝુંપડામાં રહે છે. એક અહેવાલ પ્રમાણે ભારતના શહેરોમાં રહેનારો દર છઠ્ઠો વ્યક્તિ ઝુંપડી અથવા તો પછાત વિસ્તારમાં રહેવા માટે મજબૂર છે. સરેરાશ જોવા જઈએ તો શહેરોની ૧૭ ટકા વસતી ઝુંપડામાં જ રહે છે. તેના કારણે ઝુંપડપટ્ટીઓની સંખ્યામાં મોટાપાયે વધારો થયો છે. મુંબઈમાં આવેલા ધારાવી વિશ્વની સૌથી મોટી ઝુંપડપટ્ટી છે. અહીંયા ૧૫ લાખ કરતા વધારે લોકો રહે છે. તેવી જ રીતે કોલકાતાની એક તૃતિંયાંશ વસતી ઝુંપડા અથવા તો સ્લમ વિસ્તારમાં રહેવા માટે મજબૂર છે. અહીંયા બસંતી સ્લમ ખૂબ જ મોટો વિસ્તાર છે જ્યાં લાખો લોકો સુવિધાવગરની જિંદગી પસાર કરે છે. ચેન્નઈની ૨૮ ટકા વસતી સ્લમ વિસ્તારોમાં રહે છે. દલ્હીમાં જે.જે. ક્લસ્ટર્સ અને યમુના કિનારે ભલસ્વા જેવા સ્લમ વિસ્તારમાં લોકો અત્યંત દુર્ગંધ મારતા પાણી અને કચરા વચ્ચે રહેવા માટે મજબૂર છે.

પરિસ્થિતિ એવી છે કે, ભારતીય શહેરોમાં લાખો લોકો ગેરકાયદે ઝુંપડપટ્ટીઓમાં રહે છે. તેમાં પીવાનું ચોખ્ખું પાણી, શૌચાલય, અન્ય સેનિટેશનની સુવિધાઓ, સ્વચ્છતા, ગટર યોજના, સ્વાસ્થ્ય સેવાઓનો વ્યાપક અભાવ હોય છે. અહીયા રહેનારા મોટાભાગના લોકો બીમારી, અભાવ, કુદરતી આપત્તીઓ કે મહામારીઓનો મોટાપાયે શિકાર થતા હોય છે. શહેરી અર્થતંત્રનો મહત્ત્વનો ભાગ હોવા છતાં આ લોકો પાસે પ્રાથમિક સુવિધાઓ હોતી નથી. ભારતમાં સરકારી અધિકારીઓ, બિલ્ડરો અને નેતાઓની મિલિભગને પરિણામે જમીનોના ભાવ આસમાને પહોંચ્યા છે. મોટા શહેરોમાં કરોડોની જમીન લીધા બાદ એફએસઆઈ, ટેક્સ અને અન્ય લક્ઝરીના નામે કરોડો રૂપિયાની કિંમતના ફ્લેટ અને મકાનો વેચવામાં આવી રહ્યા છે. ભ્રષ્ટાચાર અને સુવિધાના ખર્ચા સેટલ કરવા માટે થઈને આ બધું કરાઈ રહ્યું છે. સરકાર દ્વારા ઝુંપડા ખાલી કરાવીને તેમને સરકારી આવાસમાં ગોઠવવામાં આવી રહ્યા છે. આવી આવાસ યોજનાઓ પણ ભ્રષ્ટાચારનું જ મોટું કેન્દ્ર છે. સૌથી પહેલાં તો શહેરથી અત્યંત દૂર આવાસ બનાવવામાં આવે છે. તેમાં પણ સરકારી અધિકારીઓ, નેતાઓ, મંત્રીઓ દ્વાર કથિત રીતે પોતાના મળતીયાઓને ફ્લેટો પધરાવી દેવાય છે. તેમને સસ્તા ભાવે ફ્લેટ આપી દેવાય છે અને લોકો રાહ જોતા રહી જાય છે. આ ફ્લેટો પણ સામાન્ય સુવિધા ધરાવતા હોય છે. તેના ભાડાની આવકના કાળા બજાર શરૂ થઈ જતા હોય છે. તેના પગલે લોકો ફરી નવી ઝુંપડીઓ બાંધી લે છે અને શહેરમાં ક્યાંક સેટલ થઈ જાય છે. તેના પગલે ગંદકી, રોગચાળો વધ્યા કરે છે. લોકો રિબાયા કરે છે.

40 ટકાથી વધુ શહેરી પરિવારો આવકની 30 ટકા રકમ ભાડા પાછળ ખર્ચે છે

મહત્ત્વની વાત એ છે કે, મકાનોની કિંમત અને આવક વચ્ચેની સરેરાશ છે તેમાં મોટો તફાવત આવી રહ્યો છે. તેના કારણે લોકો ઈચ્છે અને મહેનત કરે તો પણ મકાન ખરીદી શકવાની સ્થિતિમાં નથી. જાણકારોના મતે ૨૦૧૦માં મકાનોની કિંમત અને આવકની સરેરાશ ૯.૫ ટકા હતી. ૨૦૨૩માં આ સરેરાશ ૧૧.૭ ટકા થઈ ગઈ છે. તેમાંય મધ્ય અને સાઉથ એશિયામાં તો આ સરેરાશ ૧૬.૮ ટકા પહોંચી ગઈ છે. મુંબઈમાં આવક અને મકાન કિંમતોની સરેરાશ ૧૪.૧ ટકા જ્યારે દિલ્હીમાં ૧૦.૧ ટકા નોંધવામાં આવી છે.

દેશના આઠ મોટા શહેરોમાં નવા પ્રોજેક્ટ્સ ખૂબ જ વધી રહ્યા છે પણ લોકોને પરવડે તેવા નથી. અહીયા અફોર્ડેબલ હાઉસિંગનો કોન્સેપ્ટ ભુંસાઈ રહ્યો છે. એક સમયે અફોર્ડેબલ હાઉસિંગની સંખ્યા ૨૦૧૮ સુધી ૫૨ ટકા હતી જે ૨૦૨૫માં માત્ર ૧૭ ટકા રહી ગઈ છે. મોટાભાગના ડેવલપર્સ લક્ઝુરિયસ સુવિધાઓને પ્રાધાન્ય આપવા લાગ્યા છે.

વૈશ્વિક સ્તરે ઘર વિહોણા લોકોની સરેરાશ કાઢવામાં આવે તો ચીનમાં દર ૧૦૦૦૦ વ્યક્તિએ ૨૧ લોકો બેઘર છે. ભારતમાં આ આંકડો ૧૩ છે જ્યારે વિકસિત, મહાસત્તા અને જગતજમાદાર ગણાતા અમેરિકામા ૨૦ લોકો બેઘર છે. બ્રાઝિલમાં આ આંકડો ૧૧ જેટલો છે.

દેશના મુખ્ય અને મોટા શહેરોમાં 1 કરોડથી વધારે મકાનોની અછત

ભારતના શહેરોમાં મકાનોની મોટી અછત છે. બિલ્ડરો નફાખોરી અને કાળી કમાણી કરવા મોંઘાદાટ મકાનો બનાવે છે. સામાન્ય લોકો, ગરીબો કે મધ્યમવર્ગ માટે પોસાય તેવા ઘર બનાવાતા જ નથી. સરકારી અધિકારીઓ, નેતાઓની લાંચ અને વહેવારો તથા બિલ્ડરોની નફાખોરી અને બેફામ રીતે ઉઘરાવાતા કરવેરા કાઢવામાં આવે તો હાલમાં સરેરાશ ૭૫ લાખમાં વેચાતું મકાન લોકોને ૨૫ થી ૩૦ લાખની કિંમત સુધી મળી જાય તેમ છે. તાજેતરનો જ અર્બન હાઉસિંગ ડેફિસિટનો અહેવાલ જણાવે છે કે, ભારતના મોટા અને મુખ્ય શહેરોમાં ૧ કરોડ કરતા વધારે મકાનોની અછત છે. આ દાયકાના અંત સુધીમાં એટલે કે ૨૦૩૦ના અંત સુધીમાં દેશના મોટા શહેરોમાં ૩.૫ કરોડ કરતા વધારે મકાનોની અછત સર્જાશે. દેશમાં ખાનગી સેક્ટરમાં જે સ્થિતિ છે તેના પગલે નવા પ્રોજેક્ટના અફોર્ડેબલ મકાનો બનતા જ નથી. ૨૦૨૧માં આવા મકાનોની ભાગીદારી કુલ ઈન્ફ્રાપ્રોજેક્ટ્સમાં ૨૬ ટકા હતી જે હાલમાં ૧૦ ટકા ઉપર આવી ગઈ છે. દેશમાં નફાખોરી, ભ્રષ્ટાચાર, તોતિંગ કરવેરાના કારણે કુલ મકાનોના ૫૩ ટકા મકાનો લક્ઝરી કેટેગરીમાં જ બનાવવામાં આવે છે. તેના પગલે મધ્યમવર્ગ માટે મકાનો બનતા નથી અને ગરીબોને ઝુંપડામાં રહેવા સિવાય કોઈ વિકલ્પ વધતો નથી.

પાક્કો ગુજરાત
ગુરુવાર | 11 જૂન 2026 | અમદાવાદ

ખેતીની સીઝનના મહત્વપૂર્ણ સમયમાં પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ ન હોવાથી ખેડૂતો ભારે હાલાકી

# ઝાલોદમાં ખાતરની અછતથી ખેડૂતો પર સંકટ : વહેલી સવારે 4 વાગ્યાથી લાઈનો, છતાં ખાતર માટે ખેડૂતોને ધક્કા

■ ખાતર મેળવવા માટે અનેક વૃદ્ધ અને અશક્ત ખેડૂતો છેલ્લા પાંચથી છ દિવસથી સતત ડેપોના ધક્કા ખાઈ રહ્યા છે

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં ખાતરની અછત ખેડૂતો માટે ગંભીર સમસ્યા બની રહી છે. ખેતીની સીઝનના મહત્વપૂર્ણ સમયમાં પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ ન હોવાથી ખેડૂતો છેલ્લા ઘણા દિવસોથી ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ઝાલોદ એ.પી.એમ.સી. ખાતે આવેલા સરદાર ખાતર ડેપો બહાર દરરોજ વહેલી સવારે ખેડૂતોની લાંબી કતારો જોવા મળી રહી છે. ખાતર મેળવવાની આશાએ ખેડૂતો સવારે 4 વાગ્યાથી જ ડેપો બહાર પહોંચી જાય છે. કલાકો સુધી ઉભા રહેવું મુશ્કેલ બનતા કેટલાક ખેડૂતો પોતાના ચંપલ, થેલાં અથવા અન્ય સામાન મૂકીને લાઈનમાં નંબર જાળવી રાખતા જોવા મળ્યા હતા. આ દ્રશ્યો ખાતરની તંગી કેટલી ગંભીર છે તેની સાક્ષી પૂરાં પાડે છે. ખાતર મેળવવા માટે અનેક વૃદ્ધ અને અશક્ત ખેડૂતો છેલ્લા પાંચથી છ દિવસથી સતત ડેપોના ધક્કા ખાઈ રહ્યા છે. દરરોજ



ખાતર મળવાની આશાએ આવતા ખેડૂતોને નિરાશ થઈને પરત ફરવું પડે છે. લાંબી રાહ અને અનિશ્ચિતતા વચ્ચે વૃદ્ધ ખેડૂતો માટે આ સ્થિતિ વધુ કપરું સ્વરૂપ ધારણ કરી રહી છે.

ગામડાઓમાંથી આવતા ગરીબ અને આર્થિક રીતે પછાત ખેડૂતોને દરરોજ ડેપો સુધી આવવા-જવાનો ખર્ચ કરવો પડી રહ્યો છે. કેટલાક ખેડૂતો તો ઉછીના રૂપિયા લઈને ખાતર મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. છતાં ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ ન હોવાથી તેઓ ખાલી હાથે ઘરે પરત ફરી રહ્યા છે. જેના કારણે ખેડૂતોમાં રોષ અને નિરાશા બંને જોવા મળી રહ્યા છે.

મળતી માહિતી મુજબ સરદાર ખાતર ડેપો ખાતે ખાતર મેળવવા માટે કુલ 2340 ખેડૂતો દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. જેમાંથી અત્યાર સુધી માત્ર 914 ખેડૂતોને ખાતર આપવામાં આવ્યું છે, જ્યારે હજુ 1426 ખેડૂતોને ખાતર આપવાનું બાકી છે. આ આંકડા દર્શાવે છે કે નોંધાયેલા ખેડૂતોની જરૂરિયાત પણ હજુ સુધી પૂર્ણ થઈ શકી નથી. હાલની સ્થિતિમાં સૌથી મોટો પ્રશ્ન એ ઉભો થયો છે કે જો માત્ર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવનાર ખેડૂતોને જ ખાતર આપવામાં આવતું હોય તો અભણ, ભોળા અને ટેકનોલોજીથી અજાણ ખેડૂતોનું શું થશે? ઝાલોદ તાલુકામાં હજારો ખેડૂતો ખેતી સાથે સંકળાયેલા છે. ઘણા ખેડૂતો ઓનલાઈન પ્રક્રિયા વિશે જાણતા નથી અથવા રજિસ્ટ્રેશન કરાવી શક્યા નથી. આવા ખેડૂતોને ખાતર મેળવવા માટે શું વિકલ્પ આપવામાં આવશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા સામે આવી નથી. સરદાર ખાતર ડેપો ખાતે લગાવવામાં આવેલી સૂચના અનુસાર હાલમાં પ્રોમ ખાતર ઉપલબ્ધ નથી અને નવો જથ્થો આવ્યા બાદ નોંધાયેલા ખેડૂતોને ફોન દ્વારા જાણ કરવામાં આવશે. તેમ છતાં દરરોજ મોટી સંખ્યામાં ખેડૂતો ખાતરની આશાએ ડેપો સુધી પહોંચી રહ્યા છે, જેના કારણે ગૂંચવણ અને અસંતોષનું વાતાવરણ સર્જાઈ રહ્યું છે. સરદાર ખાતર ડેપો ખાતે ફરજ બજાવતા મનીષ મહીડા સાથે થયેલી ટેલિફોનિક વાતચીતમાં તેમણે ખાતર ઉપલબ્ધ ન હોવાથી ડેપો ખોલવામાં નહીં આવે તેવી માહિતી આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે છેલ્લા લગભગ સાત દિવસથી ખાતરની નવી ગાડી આવી નથી. આ સંજોગોમાં ખેડૂતોમાં એવો પણ પ્રશ્ન ઉઠી રહ્યો છે કે જો ડેપો ખાતે ખાતર ઉપલબ્ધ ન હોય તો શું ડેપો સંપૂર્ણપણે બંધ રાખવાનો નિયમ છે?

છોટાઉદેપુરના ફતેપુરા ખાતે

# શુધ્ધ પીવાના પાણીના પ્લાન્ટનો લોકાર્પણ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાના હસ્તે કરાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની તમામ નગરપાલિકા વિસ્તારના શહીરેજનોની સુખાકારી માટે અનેક ગ્રાન્ટો ફાળવવામાં આવે છે, જેના અંતર્ગત છોટાઉદેપુર નગરપાલિકાને પણ અનેક ગ્રાન્ટો ફાળવવામાં આવી છે,

રાજ્ય સરકાર દ્વારા શહેરીજનોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તેના માટે ઈલેક્ટ્રો ક્લોરીનેશન પ્લાન્ટ માટે 25 લાખ ઉપરાંતની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, ટૂંક સમયમાં ચોમાસાની પધરામણી થવા જઈ રહી છે, ત્યારે ચોમાસામાં નગરના શહેરીજનોને પીવાના પાણી માટે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, ચોમાસા દરમિયાન નગરજનોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તેના માટે છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા ચોમાસા પહેલા જ યુદ્ધના ધોરણે ઈલેક્ટ્રો ક્લોરિનેશન પ્લાનનું કામકાજ પૂર્ણ કરી, આજ રોજ છોટાઉદેપુર મત વિસ્તારના જાગૃત ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું

આ શુદ્ધ પીવાના પાણીના પ્લાન્ટ નો લાભ ફતેપુરા વોટર વર્ક્સની આસપાસના વોર્ડ નંબર 2, 3, 4, 5 અને 6 ના રહીશોને મળશે, સૂક્ષ્મ જીવાણુ રહિત પીવાના પાણીના પ્લાન્ટનું



શુભારંભ થતાં આ વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી જોવા મળી હતી,

આ પ્રસંગે છોટાઉદેપુર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા ઈન્ચાર્જ પ્રમુખ,ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ પાલિકાની વિવિધ સમિતિના ચેરમેનઓ, સભ્યો,પાલિકા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અત્રોલી ગામેથી 7.35 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

છોટા ઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં દારૂબંધીના કડક અમલ અંતર્ગત રંગપુર પોલીસે મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરી અત્રોલી ગામ નજીકથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂ સાથે એક સ્વિફ્ટ કાર મળી કુલ રૂ. 7,35,213નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ રંગપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે અત્રોલી ગામ તરફથી સ્વિફ્ટ કાર (નંબર GJ-06-KH-4453)માં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે નાકાબંધી ગોઠવી વાહનને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસને જોઈ કાર ચાલક વાહન સ્થળ પર મૂકીને ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ પંચોની હાજરીમાં વાહનની તપાસ કરતા અંદરથી વિવિધ બ્રાન્ડના



ભારતીય બનાવટના વિદેશી દારૂના ક્વાર્ટર તથા બિયરના ટીન મળી કુલ 1,225 નંગ દારૂની બોટલો અને ટીન મળી આવ્યા હતા. ઝડપાયેલા દારૂની કિંમત રૂ. 4,35,213 હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત કારની કિંમત રૂ. 3,00,000 ગણતા કુલ રૂ. 7,35,213નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

બે બુટલેગરની ધરપકડ, 3.61 લાખનો મુદ્દામાલ જપ્ત

# જેતપુરના ચારણીયા ગામ પાસે કારમાંથી 755 લીટર દેશી દારૂ ઝડપાયો



જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ પ્રોહિબિશન નાબૂદીની ઝુંબેશ અંતર્ગત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચે જેતપુર તાલુકાના ચારણીયા ગામ પાસે સફળ દરોડો પાડ્યો હતો.

એલસીબી ટીમના હેડ કોન્સ્ટેબલ મનીષભાઈ વરૂ, મનદીપસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ ભરતભાઈ ગામરાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચારણીયા ગામે જાહેર રોડ પર વોચ ગોઠવી એક શંકાસ્પદ સફેદ સ્વિફ્ટ ડિઝાયર કાર રજિ. નં. GJ-03-CE-1820ને અટકાવવામાં આવી હતી. કારની તલાશી લેતા તેમાંથી પાસ-પરમિટ વગરનો 755 લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે સ્થળ પરથી બે બુટલેગરોની ધરપકડ કરી ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ દરોડામાં પોલીસે રૂ. 1,51,000ની કિંમતનો 755 લીટર દારૂ, રૂ. 2,00,000ની સ્વિફ્ટ કાર અને રૂ. 10,000ના બે મોબાઈલ મળી કુલ રૂ. 3,61,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પકડાયેલા આરોપીઓમાં રાજ ઉર્ફે બાબર પ્રવિણભાઈ સરવૈયા, રહે. થાણા ગાળોળ ગામ, તા. જેતપુર અને દેવશીભાઈ મેરામભાઈ રાણાવાણા, રહે. બળદેવધાર નાગબાઈ સોસાયટી, જેતપુરનો સમાવેશ થાય છે. જ્યારે દારૂ સપ્લાય કરનાર ત્રીજા આરોપી અજય નામના માણસને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.

પકડાયેલ આરોપી પૈકી દેવશીભાઈ મેરામભાઈ રાણાવાણા સામે અગાઉ જેતપુર સિટી અને જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ કુલ 11 ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. જ્યારે રાજ ઉર્ફે બાબર સામે પણ અગાઉ એક ગુનો નોંધાયેલો છે.

આ કામગીરીમાં પીઆઈ જે.પી. રાવ, પીએસઆઈ આર.વી.ભીમાણી, કે.એમ.ચાવડા, એચ.સી.ગોહિલ, પી.એન.ભરવાડ, એએસઆઈ અનિલભાઈ બડકોડિયા, બાળકૃષ્ણભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ ચાવડા, હેડ કોન્સ. મનીષભાઈ વરૂ, મનદીપસિંહ જાડેજા, રમણિકભાઈ મણવર, પો.કોન્સ. ભરતભાઈ ગામરા, શક્તિસિંહ ઝાલા, ડ્રા.પો. કોન્સ. અબ્દુલભાઈ શેખ જોડાયા હતા.

હિંમતનગરમાં સ્ટેટ હાઇવે પર

# વિદેશી દારૂની બોટલો ગોઠવવાના મામલે પોલીસે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધી...

ઈડર, જાકીર મેમણ

હિંમતનગર હાઈવે પર દારૂની બોટલો ગોઠવવા મામલે 3 સામે ગુનોબેઆરોપીની ધરપકડ, એક ફરાર; દારૂ વેચનાર-ખરીદનાર વચ્ચે જૂની અદાવતમાંકૃત્ય કર્યાનું સામે આવ્યું હિંમતનગરમાં સ્ટેટ હાઈવે પર વિદેશી દારૂની બોટલો ગોઠવવાના મામલે પોલીસે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. ખેડ-તસિયા સ્ટેટ હાઈવે પર વૈશાલી ગ્રાઉન્ડ નજીક મુખ્ય રસ્તા પર દારૂની બોટલો ગોઠવવામાં આવી હતી. આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે એક ફરાર છે.પ્રાપ્ત



માહિતીઅનુસાર,હિંમતનગરના વૈશાલી ગ્રાઉન્ડ નજીક મુખ્ય સ્ટેટ હાઈવે પર 12 વિદેશી દારૂની બોટલો ગોઠવી રસ્તા પર અવરોધ ઊભો કરાયો હતો. આ ઘટનાને પગલે સ્થાનિક લોકો અને વાહનચાલકોના ટોળા એકઠા થયા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વીડિયો વાયરલ થતાં હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. જાણ થતાં જ પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને રસ્તા પરથી દારૂની બોટલો હટાવી વધુ તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન સોશિયલ મીડિયામાં વધુ એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં એક વ્યક્તિ દારૂ વેચનાર પાસેથી દારૂ ખરીદીને જાહેર સ્ટેટ હાઈવે પર બોટલો ગોઠવતો જોવા મળ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બંને પક્ષો વચ્ચે જૂની અદાવત હતી, જેના કારણે એકબીજાને બદનામ કરવાના ઈરાદે દારૂ ખરીદીને જાહેર રસ્તા પર ગોઠવવામાં આવ્યો હતો.

બોટલો મૂકનાર મુકેશ ભાટ અને શ્રવણ ભાટની ધરપકડઆધારભૂત પુરાવા, સીસીટીવી ફૂટેજ અને સ્થાનિક લોકો પાસેથી વિગતો મેળવી પોલીસે દારૂ વેચનાર મુકેશ ભાટ, દારૂ ખરીદીને રસ્તા પર મૂકનાર શ્રવણ ભાટ અને અન્ય એક દારૂ વેચનાર જીતુ માધાભાઈ ભાટ સહિત કુલ ત્રણ વ્યક્તિઓ સામે ગુનો દાખલ કર્યો છે. મુકેશ ભાટ અને શ્રવણ ભાટની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે જીતુ માધાભાઈ ભાટ ફરાર છે.

ખનિજ માફિયાઓ પર તંત્રનો સપાટો

# પંચમહાલમાં ગેરકાયદેસર ખનિજ વહન કરતા 2 વાહનો જપ્ત

ગોધરા, ફિરદોસ ગુણીયા (પાક્કો ગુજરાત)

પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર ખનિજ ચોરી અને વહન કરતા તત્વો સામે ખાણ ખનિજ વિભાગે લાલ આંખ કરી છે. તંત્ર દ્વારા કરવામાં આવેલી બે અલગ-અલગ આકસ્મિક કાર્યવાહીમાં ગેરકાયદેસર ખનિજ વહન કરતા બે વાહનો ઝડપી પાડીને રૂપિયા ૪૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ખાણ ખનિજ વિભાગની આ કડક કાર્યવાહીના પગલે પંચમહાલના ખનિજ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, પંચમહાલ જિલ્લા ખાણ ખનિજ વિભાગની ટીમે બાતમીના આધારે



શહેરા તાલુકાના ડેમલી ગામ નજીક વોચ ગોઠવી હતી. આ દરમિયાન ગેરકાયદેસર રીતે સાદી રેતી ભરીને પસાર થઈ રહેલા એક ડમ્પરને રોકીને તપાસ કરતા તેની પાસે કોઈ કાયદેસરના આધાર-પુરાવા ન હોવાથી આ ડમ્પરને ઝડપી લેવામાં આવ્યું હતું. જ્યારે બીજી કાર્યવાહીમાં, ગોધરાના પોપટપરા વિસ્તાર નજીકથી પસાર થતી એક ટ્રકને ખાણ ખનિજ વિભાગની ટીમે અટકાવી હતી. આ ટ્રકમાં ક્ષમતા કરતા વધુ એટલે કે ઓવરલોડ સફેદ પથ્થર ભરેલો હોવાનું માલૂમ પડતા તંત્રએ ટ્રક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તંત્ર દ્વારા આ બંને વાહનો સહિત અંદાજે રૂપિયા ૪૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને ખનિજ માફિયાઓ વિરુદ્ધ વિભાગ દ્વારા કાયદેસરની દંડાત્મક પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આગામી સમયમાં પણ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે તંત્ર દ્વારા વધુ કડક પગલાં લેવામાં આવશે તેમ સૂત્રો તરફથી જાણવા મળ્યું છે.

ડૉક્ટર પુત્રની શાંતિ માટે પિતા બન્યો હત્યારો

# હેરાન કરતી પુત્રવધૂ અને તેની માતાને ઘરે જઈ રહેંસી નાખી : પછી એ જ છરીથી પોતાના હાથ-પગ-ગળું કાપ્યા

## ઘટનાની ગંભીરતાને જોતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વ્હોરાવાડ અને કોઠી વિસ્તારમાં એક ચોંકાવનારી ડબલ મર્ડરની ઘટના સામે આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર અહીં અલગ-અલગ મકાનોમાં રહેતી માતા અને પુત્રી પર પુત્રીના સસરાએ ચપ્પુ એ વડે ઘાતકી હુમલો કર્યો હતો, જેમાં ગંભીર ઈજાઓ થવાના પગલે માતા અને પુત્રી બંનેના કરુણ મોત નીપજ્યા છે. પોતાની પુત્રવધૂ અને વેવાણ પર હુમલો કર્યા બાદ સસરાએ પોતે પણ આપઘાતનો પ્રયાસ કરતાં તે પણ ગંભીર ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાની ગંભીરતાને જોતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મૂજબ ભરૂચના વ્હોરવાડ કોઠી વિસ્તારમાં ડો.યુસુફ ઝનોરવાલાના પિતા ઝૈનુલ અબ્બાસ ઝનોરવાલાએ કોઈ અગમ્ય કારણોસર તેમની પુત્રવધૂ અલીફિયા યુસુફભાઈ ઝનોરવાલા અને પુત્રવધૂની માતા




શહેનાઝબેન નમકવાલા ઉપર ચપ્પુ વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધા છે. જ્યારે ઝૈનુલ ઝનોરવાલા એ પણ પોતાના પર હુમલો કરી આપઘાત કરવાની કોશીશ કરતા તે ગંભીર રીતે ઘાયલ થતા તેને તાત્કાલિક સારવાર અર્થે ભરૂચની સિવિલ હોસ્પિટલમાં આઈસીયુ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે.આ મામલે પોલીસના ઉપરી અધિકારીઓ પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. હત્યારા સસરા ઝૈનુલ અબ્બાસ ઝનોરવાલાએ પહેલા કોઠી વિસ્તારમાં રહેતી પોતાની પુત્રવધૂ અલીફિયાની ચપ્પુ વડે હત્યા કરી અને બાદમાં વ્હોરાવાડ રહેતી પુત્રવધૂની માતા (વેવાણ)શહેનાઝબેન નમકવાલાની હત્યા કરી એન એજ હથિયારથી પોતે પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પૂત્રવધૂ અને વેવાણની હત્યા કરનાર સસરા ઝૈનુલ અબ્બાસ ઝનોરવાલા હાલ ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બંનેની હત્યા કરીને ઝૈનુલ અબ્બાસ ઝનોરવાલા પોતાના બંને હાથ, પગ અને ગળા પર છરી મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

સાટા પદ્ધતિથી થયેલા લગ્નોમાં સફળ સમાધાન

# થરાદ પોલીસ સ્ટેશન બેઝેડ સપોર્ટ સેન્ટરે બે પરિવારો તૂટતા બચાવ્યા

વાવ-થરાદ, પ્રધાનજી ઠાકોર

વાવ-થરાદ જિલ્લા મહિલાને બાળ વિકાસ વિભાગ ગૃહ વિભાગ કાર્યરત જિલ્લા પોલીસ સ્ટેશન બેઈઝેડ સપોર્ટ સેન્ટર ખાતે ફરજ બજાવતા પરમાર રેખાબેન એલ દ્વારા સાટા પદ્ધતિથી થયેલા લગ્ન સંબંધિત અરજીઓમાં સફળ કાઉન્સેલિંગ કરી ચાર લોકોના પતિ-પત્નીના પરિવારોને તૂટતા બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવામાં આવી હતી. પોલીસ સપોર્ટ સેન્ટર ખાતે અરજદારોની રજૂઆતોના આધારે પતિ-પત્ની તેમજ બંને પક્ષના પરિવારજનો સાથે અલગ-અલગ અને સંયુક્ત કાઉન્સેલિંગ સત્રો યોજવામાં આવ્યા હતા. કાઉન્સેલિંગ દરમિયાન દાંપત્ય જીવનમાં પરસ્પર સમજણ, વિશ્વાસ, સહનશીલતા અને પરિવારના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને બાળકોના ભવિષ્યને ધ્યાને રાખીને માતા-પિતાની જવાબદારીઓ અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. પરમાર રેખાબેન એલ દ્વારા બંને પક્ષોને શાંતિપૂર્ણ વાતચીત અને સમાધાનના માર્ગે આગળ વધવા પ્રેરિત કરવામાં આવતા લાંબા સમયથી ચાલતા મતભેદોનો સુખદ અંત આવ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયાના પરિણામે બે અલગ અલગ પરિવારોના પતિ-પત્ની વચ્ચે સમાધાન કરાવી તેમના પરિવારો તૂટતા બચ્યા હતા અને તેઓએ ફરીથી સાથે રહી સુખમય દાંપત્ય જીવન જીવવાનો નિર્ણય કર્યો હતો. વાવ-થરાદ જિલ્લા પોલીસ સપોર્ટ સેન્ટર પરિવારિક વિવાદોના શાંતિપૂર્ણ નિરાકરણ, મહિલાઓને માર્ગદર્શન અને તૂટતા સંબંધોને નવજીવન આપવાના હેતુથી સતત કાર્યરત છે. પરમાર રેખાબેન એલ દ્વારા કરવામાં આવેલ આ સફળ કાઉન્સેલિંગ કાર્ય સમાજમાં પરિવારની એકતા, બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સુખી સમાજના નિર્માણ માટે પ્રેરણારૂપ બન્યું છે.

પિતા સામે સંતાનોના મોત

# ભુખી ખાડીના બ્રિજ પર 20ની ઝડપે જતી બાઇકને પાછળથી વાહને ટક્કર મારતાં બે બાળકોનાં મોત

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચના વરેડીયા પાસે આવેલાં ભુખી ખાડીના સાંકડા પુલ પરથી 20 કિમીની ઝડપે પસાર થઇ રહેલાં સોની પરિવારની બાઈકને રોંગ સાઇડથી ઓવરટેક કરવા જતાં અજાણ્યા વાહનચાલકે પાછળથી ટકકર મારતાં બાઈક સવાર બે બાળકોના મોત થયાં હતાં. પિતાની નજરની સામે જ બંને બાળકોના જીવનદીપ બુઝાઇ ગયાં હતાં.

અકસ્માત સમયે બાઈક પર મૃતક બાળકોના દાદા પણ હતાં. પિતા- પુત્ર અને બે બાળકો વરેડીયાથી ભરૂચ આવી રહયાં હતાં ત્યારે માર્ગમાં ગમખ્વાર અકસ્માત થયો હતો. વડોદરાથી ભરૂચ તરફ આવતી લેનમાં ભુખી ખાડીનો બ્રિજ સાંકડો છે. આ બ્રિજ ખખડધજ હોવાથી વાહનોની ગતિ ધીમી પાડવી પડે છે.

ભરૂચના કંસારવાડમાં રહેતાં ભુરમલ સોની અને તેમના પુત્ર ઓમપ્રકાશ સોની તથા બે બાળકો મંથન ઓમપ્રકાશ સોની ( ઉવ.6) તથા કૃષ્ણા દિનેશ સોની ( ઉવ.14)નાઓ પણ હતાં. તેઓ ચારેય જણા વરેડીયા ગામમાં રહેતાં તેમના ગ્રાહકને મળીને સોમવારે રાત્રિના 8 વાગ્યાના અરસામાં વરેડીયાથી બાઇક લઇને ભરૂચ તેમના નિવાસે આવવા માટે નીકળ્યાં હતાં. ભુખી ખાડીનો બ્રિજ આવતાં બાઇકચાલકે બાઇકને ધીમી પાડી હતી. 20ની સ્પીડે જઇ રહેલી બાઇકને આગળ ચાલતી કારની રોંગ સાઇડથી ઓવરટેક




કરવા જતાં અજાણ્યા વાહનચાલકે પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અજાણ્યા વાહનની ટક્કર વાગતાં મંથન અને કૃષ્ણાના ગંભીર ઈજાના પગલે તેમના સ્થળ પર મોત નીપજયાં હતાં. અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક ફરાર થઇ ગયો હતો. બંને માસુમ બાળકો પર વાહનના પૈંડા ફરી વળ્યાં હતાં. પાલેજ પોલીસે ફરાર થઇ ગયેલાં વાહનચાલકને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે. વડોદરાથી ભરૂચને જોડતા નેશનલ હાઈવે 48 પર વરેડીયા ગામ પાસે ભુખી ખાડી પર બંને તરફ આવેલો બ્રિજ સાંકડો છે.



### તાજેતરમાં જ સરગુન પંજાબી ફિલ્મ 'સૌંકણ સૌંકણે 2' માં જોવા મળી હતી

# ગ્લેમરસ સ્ટાઇલથી અભિનેત્રી સરગુન મહેતાએ ફરી જીત્યું ફેન્સનું દિલ

મુંબઇ

સરગુન મહેતાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર તેના લેટેસ્ટ ફોટા શેર કર્યા છે, જેનાથી ચાહકો ખૂબ જ ખુશ થઈ ગયા છે. આ ફોટામાં, અભિનેત્રી સ્ટાઈલિશ જાંબલી ગાઉનમાં ખૂબ જ સુંદર અને અદભુત લાગી રહી છે. આ ફોટા સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે, અને ચાહકો સતત તેના વખાણ કરી રહ્યા છે. સરગુન મહેતા સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે અને ઈન્સ્ટાગ્રામ પર તેના ફેન ફોલોઈંગ ખૂબ જ મોટા છે. આ અભિનેત્રી ઘણીવાર તેના ગ્લેમરસ અને સ્ટાઈલિશ ફોટાઓથી ચાહકોનું ધ્યાન ખેંચે છે. આ દરમિયાન, તેણે કેટલાક અદભુત નવા ફોટા શેર કર્યા છે, જે ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી મનોરંજન જગતમાં રવિ દુબે અને સરગુન મહેતાના અંગત જીવનને લઈને અનેક અટકળો વહેતી થઈ હતી. સોશિયલ મીડિયાથી લઈને ન્યૂઝ પોર્ટલ્સ સુધી એવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું કે આ સ્ટાર કપલ ટૂંક સમયમાં માતા-પિતા બનવાનું છે. જોકે, આ ખુશખબરની સત્તાવાર પુષ્ટિ ન હોવા છતાં તેને સાચી માની લેવામાં આવી હતી. આખરે આ મામલે સરગુન મહેતાએ સામે આવીને તમામ અફવાઓનો છેદ ઉડાડી દીધો છે. એક પોસ્ટ શેર કરીને સરગુને આ અહેવાલોને સદંતર નકારી કાઢ્યા છે. તેણે વ્યંગાત્મક શૈલીમાં લખ્યું કે, 'મીડિયાને છેલ્લા બે વર્ષથી મારી પ્રેગ્નન્સી વિશે મારા કરતાં પણ પહેલા કેવી રીતે ખબર પડી જાય છે? જો તેમના અહેવાલો સાચા માનીએ તો હું છેલ્લા બે વર્ષથી પ્રેગ્નન્ટ છું, આ તો ખૂબ લાંબી પ્રેગ્નન્સી થઈ ગઈ!' સરગુને અફવા ફેલાવનારાઓને વિનંતી કરી છે કે કોઈપણ પાયાવિહોણી વાત છાપતા પહેલા તેની ટીમનો સંપર્ક કરે. રવિ અને સરગુનની જોડી ચાહકોમાં ખૂબ જ લોકપ્રિય છે. તેમની લવ સ્ટોરી વર્ષો પહેલા ટીવી શો '12/24 કરોલ બાગ'ના સેટ પર શરૂ થઈ હતી. લાંબો સમય ડેટ કર્યા બાદ રવિએ રિયાલિટી શો 'નચ બલિયે 5'ના સ્ટેજ પર નેશનલ ટીવી પર સરગુનને પ્રપોઝ કર્યું હતું, જે આજે પણ ફેન્સ ભૂલ્યા નથી. આ કપલે 7 ડિસેમ્બર 2013ના રોજ લગ્ન કર્યા હતા અને આજે તેઓ સફળ અભિનેતા હોવાની સાથે એક મોટા પ્રોડ્યુસર પણ છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો, રવિ દુબે ટૂંક સમયમાં નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'માં જોવા મળશે. આ ફિલ્મમાં તે ભગવાન રામના ભાઈ લક્ષ્મણનું પાત્ર ભજવશે, જેમાં રણબીર કપૂર અને સાઈ પલ્લવી મુખ્ય ભૂમિકામાં છે. બીજી તરફ, સરગુન મહેતા પંજાબી સિનેમામાં સતત સક્રિય છે. તે તાજેતરમાં જ પંજાબી ફિલ્મ 'સૌંકણ સૌંકણે 2' માં જોવા મળી હતી. આ બંને કલાકારો હાલમાં પોતપોતાની કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

**સરગુન મહેતાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર તેના લેટેસ્ટ ફોટા શેર કર્યા છે, જેનાથી ચાહકો ખૂબ જ ખુશ થઈ ગયા છે**

# ફેમસ થવા ક્યારેક વિલન પણ બનવુ પડેઃ ઉર્વશી

### ઉર્વશી ધોળકિયાની સફળતા પાછળ એક ખૂબ જ લાંબી અને સંઘર્ષભરી સફર છુપાયેલી છે



મુંબઇ

ટીવી ઈન્ડસ્ટ્રીના ગ્લેમર પાછળ કલાકારોના જીવનની કેટલીય એવી કહાનીઓ છુપાયેલી હોય છે, જે સામાન્ય લોકોને અંદરથી હચમચાવી મૂકે છે. આજે આપણે એક એવી જ લોકપ્રિય અભિનેત્રી વિશે વાત કરીશું જેણે માત્ર 16 વર્ષની ઉંમરે લગ્ન કરી લીધા હતા. એટલું જ નહીં, 17 વર્ષની નાની ઉંમરે તે જોડિયા બાળકોની માતા પણ બની ગઈ હતી. પરંતુ આ લગ્નજીવન લાંબો સમય ટકી શક્યું નહીં અને માત્ર 18 વર્ષની ઉંમરે તેના તલાક થઈ ગયા હતા. આ સ્ટ્રગલિંગ એક્ટ્રેસ ફેમસ વિલન 'કોમોલિકા' એટલે કે ઉર્વશી ધોળકિયા છે. પડદા પર 'કોમોલિકા' ના આઈકોનિક પાત્રથી ઘર-ઘરમાં જાણીતી બનેલી ઉર્વશી ધોળકિયાની સફળતા પાછળ એક ખૂબ જ લાંબી અને સંઘર્ષભરી સફર છુપાયેલી છે. તાજેતરમાં જ એક ટોક શો 'તુમ હો ના' માં ઉર્વશીએ પોતાના અંગત જીવનના કેટલાક ન સાંભળેલા પાસાઓ વિશે ખુલીને વાત કરી હતી. તેણે જણાવ્યું કે કેવી રીતે તેણે બહુ નાની ઉંમરે કામ, લગ્ન, માતૃત્વ અને કરિયરની જવાબદારીઓ એકલા હાથે સંભાળી હતી. ઉર્વશીએ પોતાના બાળપણની એક રસપ્રદ યાદ શેર કરતા જણાવ્યું કે, "જ્યારે હું નાની હતી ત્યારે કલર્ડ ટીવીનો દોર શરૂ થયો હતો. હું ટીવી પર આવતી એડવર્ટાઇઝમેન્ટ બહુ ધ્યાનથી જોતી. એક દિવસ મેં મારી મમ્મીને અચાનક કહી દીધું કે હવે મારે ટીવી નથી જોવું. મારી મમ્મીને લાગ્યું કે કદાચ હવે મારું ધ્યાન ભણવા તરફ જશે. પરંતુ અસલમાં મારે ટીવી જોવું નહોતું, મારે ટીવીની અંદર જવું હતું! હું પોતે સ્ક્રીન પર આવીને એક્ટિંગ કરવા માંગતી હતી અને મારા અભિનયના સપનાની શરૂઆત અહીંથી જ થઈ હતી." ઉર્વશીએ લગભગ 6 વર્ષની ઉંમરથી ચાઇલ્ડ આર્ટિસ્ટ તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું અને બહુ નાની ઉંમરે લગ્ન અને માતૃત્વની જવાબદારી સ્વીકારી લીધી હતી. તેના પર ઉર્વશીએ હસતા હસતા હામી ભરી હતી કે તે 17 વર્ષની ઉંમરે જોડિયા દીકરાઓની માતા બની ગઈ હતી .

# અર્જુન રામપાલે મેહર જેસિયા સાથેના છૂટાછેડા વિશે વાત કરી

### તે દરમિયાન એક તરફ તેના લગ્ન તૂટી રહ્યા હતા, તો બીજી તરફ તેની માતા કેન્સર સામે લડી રહી હતી. અર્જુન મુજબ, આ મુશ્કેલીના સમયે મોડેલ અને ફેશન ડિઝાઇનર ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સ તેના જીવનમાં આવી

મુંબઇ

બોલિવૂડ એક્ટર અર્જુન રામપાલે મોડેલ મેહર જેસિયા સાથે થયેલા તેના છૂટાછેડા અને તે સમયની મુશ્કેલ પરિસ્થિતિઓ વિશે ખુલીને વાત કરી છે. યુટ્યુબ શો 'કેન્સલ્ડ ટુ ક્રાઉન'માં અર્જુને જણાવ્યું કે મેહરથી અલગ થવાનો સમય તેના જીવનનો સૌથી મુશ્કેલ તબક્કો હતો. તે દરમિયાન એક તરફ તેના લગ્ન તૂટી રહ્યા હતા, તો બીજી તરફ તેની માતા કેન્સર સામે લડી રહી હતી. અર્જુન મુજબ, આ મુશ્કેલીના સમયે મોડેલ અને ફેશન ડિઝાઇનર ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સ તેના જીવનમાં આવી અને તેણે એક મજબૂત સહાયક તરીકે તેનો સાથ આપ્યો. મા અને મિત્રોને ગુમાવવાનું દુઃખ હતું અર્જુન રામપાલે શોમાં પોતાના જૂના દિવસોને યાદ કર્યા. અર્જુને કહ્યું, 'મને લાગે છે કે મેં સૌથી વધુ એકલતા ત્યારે અનુભવી, જ્યારે હું ખુદથી જોડાયેલો નહોતો. મારા લગ્ન સફળ નહોતા થઈ રહ્યા. આ જોવું દુઃખદ હતું કારણ કે પ્રેમ હંમેશા એક જેવો નથી રહેતો. જીવનમાં કંઈ પણ કાયમી નથી. તે મારા જીવનનો સૌથી અંધકારમય સમયગાળો હતો. તે જ સમયે મારી માતા કેન્સરથી પીડાઈ રહી હતી અને હું તેમને ગુમાવી રહ્યો હતો. મારા પિતાનું નિધન તેના ત્રણ વર્ષ પહેલા જ થયું હતું. હું મારા મિત્રો અને તે બધી વસ્તુઓ ગુમાવી રહ્યો હતો, જેને મેળવવા માટે મેં સખત મહેનત કરી હતી.' ગેબ્રિએલા મુશ્કેલ સમયમાં બની સહારો ખાનગી જીવનના આ મોટા ઉતાર-ચઢાવ વચ્ચે અર્જુન રામપાલની મુલાકાત મોડેલ અને ફેશન ડિઝાઇનર ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સ સાથે થઈ. અર્જુને જણાવ્યું કે તે પોતાને ભાગ્યશાળી માને છે કે તેમને ગેબ્રિએલા જેવી પાર્ટનર મળી. તેણે કહ્યું, 'ગેબ્રિએલા મારા જીવનમાં એક મજબૂત એન્કરની જેમ આવી. તેઓ પોતે પણ એક મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા હતા. અમે બંને એક તોફાનની વચ્ચે હતા અને અમારે મળીને તેનો સામનો કરવાનો હતો. સારું થયું કે અમે આ મુશ્કેલ સમયનો સામનો સાથે મળીને કર્યો અને ત્યારબાદ જીવનમાં ખુશીઓ પાછી આવી.' મેહર જેસિયાથી 2019માં થયા હતા છૂટાછેડા અર્જુન રામપાલે વર્ષ 1998માં પૂર્વ મિસ ઈન્ડિયા અને સુપરમોડેલ મેહર જેસિયા સાથે લગ્ન કર્યા હતા.





# અંતે ફિલ્મ 'આલ્ફા'નું ટીઝર રિલીઝ, આલિયાનો એક્શન અવતાર દેખાયો

### યશરાજ બેનરની ફિલ્મમાં આલિયા પહેલીવાર ટોટલ એક્શન અવતારમાં છે

મુંબઇ

યશરાજ ફિલ્મ કંપનીના સ્પાય યુનિવર્સમાં સલમાન ખાન, કૈટરિના કૈફની સાથે હવે વધુ બે નામ જોડાવવા જઈ રહ્યા છે. આ નામ એટલે આલિયા ભટ્ટ અને બોબી દેઓલ. આલિયા અને બોબીને ચમકાવતી ફિલ્મ 'આલ્ફા'નું ટીઝર રિલીઝ થઈ ચૂક્યું છે. ફિલ્મના ટ્રેલરમાંથી એ વાત જાણવા મળી છે કે, ફિલ્મ સ્પાય યુનિવર્સ પર છે. પણ ફિલ્મની એક્ઝેટ વાર્તા શું છે એ અંગે કોઈ વાત જાણી શકાતી નથી. ફૂલ ટુ એક્શન, મારધાડ અને ફાયરિંગના અવાજથી ભરપૂર ટીઝરમાં આલિય ભટ્ટનો નવો અવતાર જોવા મળી રહ્યો છે. આ ફિલ્મ 3 જુલાઈના રોજ રિલીઝ થઈ રહી છે. એક્શન અને રોમાંચથી ભરપૂર ટ્રેલરમાં આલિયા 18 વર્ષની થતા તે કોઈ અસાઈમેન્ટ પૂરુ કરવા માટે જાય છે. બોબી અને આલિયા વચ્ચે પિતા-પુત્રીનો સંબંધ દર્શાવાયો છે. આલ્ફા એક એવી સ્ટોરી છે જેમાં એક પિતા પોતાની દીકરીને બાળપણથી જ જંગ લડતા શીખવે છે. આ માટે તેને બાળપણથી જ ટ્રેનિંગ આપે છે. 18માં જન્મદિવસ પર એને એક અસાઈમેન્ટ મળે છે અહીંયાથી ટ્રેલરમાં રીયલ એક્શન ચાલું થાય છે. આલિયાનો આવો અવતાર અત્યાર સુધી ક્યારેય જોવા મળ્યો નથી. આલિયાનો આવો રોલ અનેક ફેન્સને પસંદ પડી રહ્યો છે. સૌથી વધારે ઝડપથી અને તાકાતવરના રૂપમાં આલિયા આલ્ફા નામના એક સિક્રેટ મિશન પર નીકળે છે. બોબી દેઓલના ડાયલોગમાં પણ દમ છે. 'ઈન્ડિયા કે નેક્સ્ટ જનરેશ કે સિપાઈ કો તૈયાર કિયા જા રહા હૈ' ટ્રેલર પર હાલ તો મિક્સ રીવ્યૂ મળી રહ્યા છે હવે ફિલ્મમાં મૂળ વાર્તા શેના પર છે એના પર સૌની નજર રહેલી છે. આલિયાનો એક્શન અવતાર જોવા મળ્યો છે. પણ ઘણા ફેન્સ એવું કહે છે કે, તે સ્લીમ હોવાને કારણે ફિટનેસ સાથે મેળ આવતો નથી. ટીઝરમાં ક્યાંય શરવરી જોવા મળતી નથી. માત્ર બોબી અને આલિયા પર જ ટીઝર ખતમ થઈ જાય છે. આ એક ફીમેલ એક્શન ફિલ્મ છે. લીડ રોલમાં આલિયા, શરવરી, અનિલ કપૂર અને બોબી દેઓલ છે. આદિત્ય ચોપડાએ આ ફિલ્મને પ્રોડ્યુસ કરી છે.શિવ રવૈલે આ ફિલ્મનું ડાયરેક્શન ક્યું છે. ઘણા સમયથી આ ફિલ્મમાં આલિયાનો અવતાર કેવો હશે એને લઈને ચર્ચા થઈ રહી હતી. આ ફિલ્મને થિએટર્સમાં જોવાની મજા અલગ હશે. યશરાજ બેનરની ફિલ્મમાં આલિયા પહેલીવાર ટોટલ એક્શન અવતારમાં છે.

# કાસ્ટિંગ કાઉચ અંગે 'જોધા અકબર' ફેમ લવીના ટંડનનો ચોંકાવનારો દાવો: 'કોમ્પ્રોમાઈઝ' માટે મળી હતી મોટી ઓફર

મુંબઇ

સપનાની નગરી મુંબઈમાં સમયાંતરે અનેક યુવાનો ફિલ્મી દુનિયામાં કે ટીવીની દુનિયામાં પોતાનું સપનું સાકાર કરવા માટે આવે છે. આ યુવાનોમાં જૂજ યુવાનોને તક મળે છે અને એમાંથી પછી યુવાનોને ટીવી સ્ક્રિન કે સિનેસ્ક્રિન સુધી ચમકવાનો મોકો મળતો હોય છે. ખાસ કરીને યુવતીઓ જ્યારે આવું સ્વપ્ન સેવે છે ત્યારે એને કેવી અને કેટલી ઓફર્સ કરવામાં આવે છે? એનો ખુલાસોએ એક જાણતી એક્ટ્રેસે જ કરી દીધો છે. આ પહેલા 'યે જવાની હૈ દિવાની' ફેમ એક્ટ્રેસ કલ્કીએ પોતાને ફિલ્મી દુનિયામાંથી મળનારી ઓફર અંગે વાત કરી હતી. હવે જાણીતા ટીવી શો જોધા અકબરમાં રુકૈયા બેગમનું પાત્ર કરનારી એક્ટ્રેસ લવીના ટંડનએ 'કોમ્પ્રોમાઈઝ' કરવા બદલ કેટલી રકમ મળતી હતી એનો ઘટસ્ફોટ કર્યો છે. બે વાર મેકર્સની માગ ફગાવી ટીવી શૉ 'જોધા અકબર'માં જોવા મળેલી અને રૂકૈયા બેગમનો રોલ પ્લે કરનારી લવીના ટંડને હવે સ્ક્રિનથી ખાસ્સું એવું અંતર બનાવી લીધું છે. એટલું જ નહીં ફિલ્મોમાંથી પણ ઓફર મળતી પણ ફિલ્મોની ઓફર પર ફગાવી દીધી છે. પરિણામે હવે તે ટીવી કે સિનેમા બન્નેની સ્ક્રિનથી ખૂબ જ દૂર છે. લવીનાએ વાત કરતા કહ્યું હતું કે બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ કાઉચ ચાલે છે. હું પણ બેવાર આનો ભોગ બની ચૂકી હતી. ઘણીવાર સ્ક્રિન પર આવવા માટે યુવતીઓ ઘણા 'કોમ્પ્રોમાઈઝ' કરતી હોય છે એવામાં જ્યારે મોટી ઓફર્સની વાત આવે ત્યારે અનેક મુદ્દાઓ પર યુવતીઓ વિચાર કરતી હોય છે. પણ મેં બે-બે વાર મેકર્સની કેટલીક ખોટી ડિમાન્ડને ફગાવી દીધી છે. મેં મારા સિદ્ધાંતોના આધારે જ કામ કરવાનો નિર્ણય કર્યો છે. મને બે-બે વાર 'કોમ્પ્રોમાઈઝ' માટે એપ્રોચ કરાયો હતો. બજેટ વધારી દીધું આવા એપ્રોચ કરવામાં પ્રોડ્યુસર અને ડાયરેક્ટર બન્નેનો સમાવેશ થાય છે. એકવાર સાઉથના એક ફિલ્મ ડાયરેક્ટરે મને કહ્યું કે, 10થી 15 દિવસનું જ કામ છે. જ્યારે મે પૈસાની વાત કરી ત્યારે 5 લાખ થશે એવું કહ્યું. પછી તે બોલ્યો કે 'કોમ્પ્રોમાઈઝ' કરવા તૈયાર હોવ તો 7 લાખનું બજેટ થઈ જશે. આ સાંભળીને મારા પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. મેં રિપ્લાય આપ્યો કે, હું તમારી ઈમાનદારીની કદર કરૂ છું પણ હું આવી વસ્તુમાં પડતી નથી અને આવું કંઈ કામ હું કરતી નથી.



### વરસાદની એન્ટ્રી અને બાંગ્લાદેશનો ઐતિહાસિક વિજય

# બાંગ્લાદેશ ક્રિકેટ ટીમે રચ્યો ઇતિહાસ, 21 વર્ષ બાદ ઓસ્ટ્રેલિયાને વન-ડેમાં હરાવ્યું

નવી દિલ્હી

બાંગ્લાદેશ ક્રિકેટ ટીમે ઢાકાના મેદાન પર એક નવો ઈતિહાસ રચ્યો છે. 9 જૂનના રોજ રમાયેલી વનડે મેચમાં બાંગ્લાદેશે મજબૂત ગણાતી ઓસ્ટ્રેલિયાની ટીમને 86 રનથી હરાવી દીધી છે. બાંગ્લાદેશ માટે આ જીત ખૂબ જ ખાસ છે, કારણ કે તેમણે 21 વર્ષના લાંબા ગાળા પછી ઓસ્ટ્રેલિયાને વનડે મેચમાં હરાવ્યું છે. આ પહેલા બાંગ્લાદેશે વર્ષ 2005માં ઓસ્ટ્રેલિયા સામે વનડેમાં પોતાની પહેલી જીત મેળવી હતી. આ મેચમાં વરસાદ પડવાને કારણે ડકવર્થ લુઈસ (DLS) નિયમ મુજબ બાંગ્લાદેશને વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું. ત્રણ બેટર્સની ફિફ્ટી અને મોસાદ્દેક હુસૈનની ધમાકેદાર વાપસી મેચમાં ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમે શાનદાર પ્રદર્શન કરતા 50 ઓવરમાં 8 વિકેટે 284 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. ટીમ તરફથી ટોપ ઓર્ડરમાં તંજીદ હસને 54 રન અને નજમુલ હુસૈન શાંતોએ 67 રનની ઈનિંગ્સ રમી હતી. જોકે, આકર્ષણનું કેન્દ્ર 4 વર્ષ પછી વનડે ટીમમાં વાપસી કરી રહેલો મોસાદ્દેક હુસૈન રહ્યો હતો, જેણે લોઅર ઓર્ડરમાં આવીને સૌથી વધુ 86 રનની અણનમ ઈનિંગ્સ રમી ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી નાથન એલિસે સૌથી વધુ 3 વિકેટ ઝડપી હતી, જ્યારે લિયામ સ્કોટ અને મેટ રેનશોને 2-2 વિકેટ મળી હતી. 285 રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ઓસ્ટ્રેલિયાએ શૂન્ય રન પર જ પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી હતી અને સ્કોર 2 રન પર પહોંચતા બીજી વિકેટ પણ પડી ગઈ હતી. બાંગ્લાદેશના ફાસ્ટ બોલર નાહિદ રાણાએ ઘાતક બોલિંગ કરીને ઓસ્ટ્રેલિયાના 4 બેટર્સને આઉટ કર્યા હતા. જ્યારે મોસાદ્દેક હુસૈને બોલિંગમાં




પણ કમાલ કરતા 2 વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી કેમેરોન ગ્રીને અણનમ 52 રનની ફિફ્ટી ફટકારીહોવા છતાં તે પોતાની ટીમને જીત અપાવી શક્યો નહોતો. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમે 42.2 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 191 રન બનાવ્યા હતા, ત્યારે અચાનક જોરદાર વરસાદ શરૂ થયો હતો. વરસાદ ન રોકાવાને કારણે આખરે ડકવર્થ લુઈસ (DLS) નિયમ લાગુ કરવામાં આવ્યો અને બાંગ્લાદેશને 86 રનથી વિજેતા જાહેર કરવામાં આવ્યું. બેટિંગ અને બોલિંગ બંનેમાં અદ્ભુત પ્રદર્શન કરનાર મોસાદ્દેક હુસૈનને 'પ્લેયર ઓફ ધ મેચ' પસંદ કરવામાં આવ્યો. આ જીત સાથે બાંગ્લાદેશે 3 મેચની વનડે સિરીઝમાં 1-0ની લીડ મેળવી લીધી છે અને સિરીઝની આગામી મેચ 11 જૂને ઢાકાના આ જ મેદાન પર રમાશે. બાંગ્લાદેશના યુવા ઝડપી બોલર નાહિદ રાણાએ પોતાની ગતિથી ઓસ્ટ્રેલિયન બેટર્સને ખૂબ પરેશાન કર્યા. સતત 140 કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપથી બોલિંગ કરતા રાણાએ 41 રન આપીને 4 વિકેટ ઝડપી. તેણે પોતાના બીજા સ્પેલમાં ઘાતક બોલિંગ કરતા ત્રણ ઓવરમાં ત્રણ વિકેટ લઈને ઓસ્ટ્રેલિયાની કમર તોડી નાખી. મોસાદ્દેક હુસૈને પણ કસીને બોલિંગ કરી અને પોતાના 10 ઓવરના કોટામાં માત્ર 37 રન આપીને 2 મહત્વપૂર્ણ વિકેટ લીધી.

## લોર્ડ્સ અને ગદ્દાફી સ્ટેડિયમ સામે ICCની મોટી કાર્યવાહી

દુબઈ

ICCએ વિશ્વના બે ઐતિહાસિક ક્રિકેટ મેદાનો સામે આકરી કાર્યવાહી કરતા ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે. ક્રિકેટના મક્કા ગણાતા લંડનના લોર્ડ્સ સ્ટેડિયમ અને પાકિસ્તાનના લાહોર સ્થિત ગદ્દાફી સ્ટેડિયમની પિચોને ICCએ સત્તાવાર રીતે "અસંતોષજનક" જાહેર કરી છે. આ ખામીયુક્ત પિચો તૈયાર કરવા બદલ ICCની પિચ અને આઉટફિલ્ડ મોનિટરિંગ પ્રક્રિયા અંતર્ગત બંને પ્રતિષ્ઠિત મેદાનોને એક-એક ડિમેરિટ પોઈન્ટ પણ ફટકારવામાં આવ્યો છે. મેચ રેફરીના અહેવાલે વધારી મુશ્કેલી લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ તથા ગદ્દાફી સ્ટેડિયમમાં પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી ત્રીજી વન-ડે મેચની પિચોનું બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટ અને ગ્રેમ લા બ્રૂયે મેચ અધિકારીઓ તેમજ બંને ટીમોના કેપ્ટનો પાસેથી મળેલા ફીડબેકના આધારે પોતાનો નકારાત્મક અહેવાલ સુપરત કર્યો હતો. આ રિપોર્ટ બાદ ICCએ તારણ કાઢ્યું હતું કે, બંને પિચો બેટ અને બોલ વચ્ચેની સંતુલિત તેમજ ન્યાયી સ્પર્ધા માટે તદ્દન અયોગ્ય હતી. લોર્ડ્સ ટેસ્ટમાં પિચના ખરાબ વર્તનને કારણે મેચના પ્રારંભિક બે દિવસમાં જ આશ્ચર્યજનક રીતે કુલ 33 વિકેટો પડી ગઈ હતી, જેમાં મોટાભાગના બેટ્સમેનો બોલ્ડ અથવા એલબીડબ્લ્યુ આઉટ થયા હતા. મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટે જણાવ્યું હતું કે, "સમગ્ર ટેસ્ટ દરમિયાન પિચ પર અસાધારણ સીમ મૂવમેન્ટ જોવા મળ્યું હતું. આ ઉપરાંત બોલનો બાઉન્સ સતત અસમાન રહ્યો હતો અને ઘણી વખત બોલ અણધાર્યો નીચો રહ્યો હતો. આ પ્રકારની પિચ રમતની ગરિમા અને સંતુલનને બગાડે છે." બીજી તરફ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં રમાયેલી વન-ડે મેચની પિચ પણ આંતરરાષ્ટ્રીય ધોરણો પર ખરી ઉતરી ન હતી. સામાન્ય રીતે વન-ડે ક્રિકેટમાં રનનો રોમાંચ જોવા મળતો હોય છે, પરંતુ અહીં પિચ અત્યંત ધીમી અને નીચી રહી હતી.

### પહેલીવાર મેદાનમાં હશે 5 ગેમચેન્જર ખેલાડીઓ

## 12 જૂનથી ઇંગ્લેન્ડમાં મહિલા T20 વર્લ્ડ કપ, 12 ટીમમાંથી મળશે ભવિષ્યની સુપરસ્ટાર

મુંબઈ

મહિલા T20 વર્લ્ડ કપ હંમેશા એવા ખેલાડીઓ માટે સૌથી મોટું પ્લેટફોર્મ રહ્યું છે, જેઓ પોતાની પ્રતિભા સાબિત કરવા માગે છે. ઘણા દિગ્ગજ ક્રિકેટરોએ પોતાની કારકિર્દીની ઓળખ આ જ ટુર્નામેન્ટમાંથી બનાવી હતી. 12 જૂનથી ઈંગ્લેન્ડ અને વેલ્સમાં શરૂ થઈ રહેલા વર્લ્ડ કપમાં પણ કેટલાક નવા નામ હેડલાઈન્સ બનાવવાની તૈયારીમાં છે.




પહેલીવાર 12 ટીમ ભાગ લઈ રહી છે, જેનાથી નવા ખેલાડીઓને પોતાની છાપ છોડવાની મોટી તક મળશે. આમાંથી પાંચ ખેલાડીઓ એવી છે, જેઓ પહેલીવાર T20 વર્લ્ડ કપ રમશે અને પોતાની ટીમની આશાઓનું કેન્દ્ર બનશે. ક્રાંતિ ગૌડ - ભારતની ઝડપી બોલરે બનાવી ઓળખ 23 વર્ષીય ક્રાંતિ ગૌડ લગભગ એક વર્ષ પહેલાં સુધી ભારતીય ક્રિકેટમાં ઉભરતી પ્રતિભા હતી, પરંતુ હવે તે ટીમની મુખ્ય ઝડપી બોલરોમાં ગણાય છે. છેલ્લા 12 મહિનામાં તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઝડપથી પોતાની ઓળખ બનાવી છે. તેણે 29 આંતરરાષ્ટ્રીય મેચમાં 35 વિકેટ ઝડપી છે. જો ભારતને વર્લ્ડ કપમાં સારી શરૂઆત જોઈતી હોય તો ક્રાંતિની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહેશે. આ તેનો પહેલો T20 વર્લ્ડ કપ છે, પરંતુ તેની પાસેથી અપેક્ષાઓ કોઈ અનુભવી ખેલાડીથી ઓછી નથી. ઈંગ્લેન્ડની ઝડપી બોલર 24 વર્ષીય વોંગ લાંબા સમયથી ક્રિકેટ નિષ્ણાતોની નજરમાં રહી છે. 2023માં તે ટીમ સાથે રિઝર્વ ખેલાડી તરીકે ગઈ હતી. હવે સંપૂર્ણપણે ફિટ થઈને પાછી ફરેલી વોંગ પાસે ઘરેલું પરિસ્થિતિઓમાં પોતાને સાબિત કરવાની સુવર્ણ તક છે.

## હાર્દિક પણ અનફિટ:અફઘાનિસ્તાન સામેની ODI સિરીઝમાંથી બહાર

### ફિટનેસ ટેસ્ટ દરમિયાન ઈજા થઈ; એક દિવસ પહેલાં ફિટ જાહેર કરાયો હતો

નવી દિલ્હી

ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચની વન-ડે સિરીઝમાંથી બહાર થઈ ગયા છે. બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઑફ એક્સેલન્સ (CoE)માં મંગળવારે ફિટનેસ ટેસ્ટ પાસ કર્યાના થોડા કલાકો પછી હાર્દિકને પગના સ્નાયુઓમાં દુખાવો થયો. આ સિરીઝ 13 જૂનથી શરૂ થઈ રહી છે. 32 વર્ષીય હાર્દિક IPL દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતી વખતે પીઠની ઈજાનો શિકાર બન્યો હતો. તે આ જ ઈજામાંથી સાજા થઈને ફિટનેસ ક્લિયરન્સ સર્ટિફિકેટ લેવા બેંગલુરુ પહોંચ્યો હતો. ન્યૂઝ એજન્સી PTIએ BCCI સૂત્રોને ટાંકીને માહિતી આપી છે કે હવે નવી ઈજાને કારણે તેમને રિકવરી અને રિહેબિલિટેશન માટે ઓછામાં ઓછા ત્રણ અઠવાડિયાનો સમય લાગશે, જેના કારણે તે આગામી




સિરીઝનો ભાગ બની શકશે નહીં. ફિટનેસ એસેસમેન્ટમાં 10 ઓવરની બોલિંગ કરવી ભારે પડી માહિતી અનુસાર, હાર્દિક પંડ્યા બેંગલુરુમાં ફિટનેસ ટેસ્ટના અંતિમ તબક્કામાં હતા. એસેસમેન્ટ દરમિયાન તેણે પોતાની સંપૂર્ણ ક્ષમતા જોવા માટે મેદાન પર પૂરી 10 ઓવર બોલિંગ કરી. એવું માનવામાં આવે છે કે લાંબા બ્રેક પછી અચાનક બોલિંગનો પૂરો કોટા નાખવાને કારણે જ તેને હેમસ્ટ્રિંગની ઈજા થઈ. શનિવારથી શરૂ થઈ રહી છે સિરીઝ, લખનઉ અને ચેન્નઈમાં મેચ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની વન-ડે સિરીઝની પહેલી મેચ શનિવાર (13 જૂન)ના રોજ ધર્મશાલામાં રમાશે. આ પછી સિરીઝની બાકીની બે મેચ અનુક્રમે 17 જૂને લખનઉ અને 20 જૂને ચેન્નઈમાં યોજાવાની છે. હાર્દિકે IPL 2026 દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સ માટે રમતી વખતે કેટલીક મેચ ચૂકી ગયો હતો, પરંતુ તે 24 મેના રોજ રાજસ્થાન રોયલ્સ સામે ટીમની છેલ્લી મેચમાં મેદાન પર પરત ફર્યો હતો. કોહલી પહેલાથી જ સિરીઝમાંથી બહાર થઈ ચૂક્યો છે વિરાટ કોહલી હેમસ્ટ્રિંગના કારણે ટીમમાંથી બહાર થઈ ચૂક્યો છે. IPL 2026ની ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ માટે રમતી વખતે તેની હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી. સ્ક્વોડની જાહેરાત સમયે BCCIના ચીફ સિલેક્ટર અજીત અગરકરે જણાવ્યું હતું કે કોહલીની રિકવરીનો ચોક્કસ સમય હજુ નક્કી નથી. ઈંગ્લેન્ડ વન-ડે સિરીઝ સુધી તે ફિટ થઈ શકે છે, પરંતુ તે પાક્કું નથી. કોહલીની જગ્યાએ યશસ્વી જયસ્વાલને અફઘાનિસ્તાન સિરીઝ માટે ટીમમાં સામેલ કર્યો છે. ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચની વન-ડે સિરીઝમાંથી બહાર થઈ ગયા છે. બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઑફ એક્સેલન્સ (CoE)માં મંગળવારે ફિટનેસ ટેસ્ટ પાસ કર્યાના થોડા કલાકો પછી હાર્દિકને પગના સ્નાયુઓમાં દુખાવો થયો. આ સિરીઝ 13 જૂનથી શરૂ થઈ રહી છે. 32 વર્ષીય હાર્દિક IPL દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતી વખતે પીઠની ઈજાનો શિકાર બન્યો હતો.



### જામનગરમાં 168 મેગાવોટ ક્ષમતાનો પ્લાન્ટ બનશે

# ભારતનું પ્રથમ AI ડેટા સેન્ટર બનાવશે રિલાયન્સ-મેટા

મુંબઈ

મેટા ભારતમાં તેનું પ્રથમ AI-સક્ષમ ડેટા સેન્ટર બનાવવા માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે ભાગીદારી કરી રહી છે. આ ભાગીદારી હેઠળ ગુજરાતના જામનગરમાં 168 મેગાવોટ ક્ષમતાનું ડેટા સેન્ટર તૈયાર કરવામાં આવશે. આ ભાગીદારી હેઠળ રિલાયન્સ જામનગરમાં ડેટા સેન્ટરને સંપૂર્ણપણે વિકસાવશે. રિલાયન્સ પ્રોજેક્ટ માટે ડિઝાઈન, કન્સ્ટ્રક્શન, યુટિલિટી મેનેજમેન્ટ, રિન્યુએબલ પાવર, નેટવર્ક કનેક્ટિવિટી અને મેનેજ્ડ સર્વિસિસ સહિતની એન્ડ-ટુ-એન્ડ સેવાઓ પ્રદાન કરશે. ભારત વૈશ્વિક AI ક્રાંતિમાં મોખરે રહેવા તૈયાર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ જણાવ્યું હતું




કે, 'મેટા સાથેની આ ભાગીદારી ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે એક પરિવર્તનકારી ક્ષણ છે. મેટા દ્વારા ભારતનું પ્રથમ બિલ્ટ-ટુ-સૂટ ડેટા સેન્ટર બનાવવું એ દર્શાવે છે કે ભારત વૈશ્વિક AI ક્રાંતિમાં મોખરે રહેવા માટે તૈયાર છે. જામનગર હાઈપરસ્કેલ AI કમ્પ્યુટિંગ માટે એક સીમાચિહ્નરૂપ સ્થળ બનશે.' મેટાના ફાઉન્ડર અને સીઈઓ માર્ક ઝકરબર્ગે કહ્યું, 'ભારતમાં અમારું પહેલું AI-સક્ષમ ડેટા સેન્ટર બનાવવા માટે રિલાયન્સ સાથે કામ કરવા બદલ અમને ગર્વ છે.

જામનગરની આ વર્લ્ડ-ક્લાસ સુવિધા અમને વૈશ્વિક સ્તરે અમારા AI ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવામાં અને ભારતના અર્થતંત્રમાં અમારા લાંબા ગાળાના રોકાણને વધુ ઊંડું કરવામાં મદદ કરશે.' AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને 'મેટા કમ્પ્યુટ' પર ભારે રોકાણ મેટા તેની વધતી AI જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેની ક્ષમતા વધારવામાં રોકાણ કરી રહી છે. ઝકરબર્ગે 'મેટા કમ્પ્યુટ' નામની ટોચની પહેલ દ્વારા આ દાયકામાં 'ડિકેડ્સ ઑફ ગીગાવોટ' અને ભવિષ્યમાં 'હન્ડ્રેડ્સ ઑફ ગીગાવોટ' અથવા તેનાથી વધુ ક્ષમતા બનાવવાની યોજના બનાવી છે.

### મિડલ ઈસ્ટમાં યુદ્ધને લઈને અસર જોવા મળી

# સોનું એકઝાટકે 2500થી વધુ તૂટી દોઢ લાખની નીચે, ચાંદીમાં 4500નો ઘટાડો

મુંબઈ

વૈશ્વિક પરિસ્થિતિઓ અને મિડલ ઈસ્ટમાં વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ વચ્ચે ભારતીય કોમોડિટી માર્કેટ એટલે કે એમસીએક્સ (MCX) પર સોના અને ચાંદીના ભાવમાં મોટું ગાબડું પડ્યું છે. છેલ્લા કેટલાક સમયથી સતત નવી ઊંચાઈ સર કરી રહેલા સોના અને ચાંદીમાં આજે જોરદાર વેચવાલી જોવા મળી રહી છે, જેના કારણે બંને કિંમતી ધાતુઓના ભાવ તળિયે બેસી ગયા છે. સોનામાં 2,500 થી વધુનો ઘટાડો સોનામાં આજે જોરદાર કડાકો જોવા મળ્યો. લાંબા સમય બાદ આજે સોનું એકઝાટકે 2500 રૂપિયાથી વધુ તૂટીને દોઢ લાખથી સપાટી ગુમાવી બેઠું હતું. જોકે ટ્રેડિંગ દરમિયાન ફરી એકવાર તે દોઢ લાખને પાર હાલમાં ટ્રેડ કરી રહ્યો છે. જૂનો બંધ ભાવ (Prev. Close): સોનું અગાઉના સત્રમાં 1,52,443.00 ના સ્તર પર બંધ થયું હતું. નવો




ઓપન ભાવ (Open): આજે બજાર ખુલતાની સાથે જ સોનું જોરદાર કડાકા સાથે 1,49,926.00 પર ઓપન થયું હતું, એટલે કે તે સીધું 1.50 લાખની માનસિક સપાટીની નીચે સરકી ગયું હતું. સમાચાર લખાવા સુધી: બજાર ખુલ્યા બાદ સોનામાં સામાન્ય સુધારો જોવા મળ્યો છે અને હાલમાં તે 1,50,118.00 ની સપાટી પર ટ્રેડ થઈ રહ્યો છે. જો કે, અગાઉના બંધ ભાવની સરખામણીએ તે હજી પણ 2,325.00 (1.53%) ના પ્રચંડ ઘટાડા સાથે લાલ નિશાન પર કારોબાર કરી રહ્યું છે. ટ્રેડિંગ દરમિયાન સોનાએ 1,49,888.00 નો લો (Low) અને 1,50,500.00 નો હાઈ (High) બનાવ્યો છે. સોનું આજે કુલ 2555નો કડાકો બતાવી ચૂક્યો છે. ાંદી પણ 4500 થી વધુ તૂટી બીજી તરફ, ચાંદીના વાયદા બજારમાં પણ ભારે ધોવાણ જોવા મળ્યું છે. ચાંદીમાં આજે કુલ 4528 રૂપિયા સુધી એકઝાટકે તૂટી હતી. જોકે પછીથી રિકવરી બતાવતા તે 1800 રૂપિયા જેટલી રિકવર થઈ હતી. જૂનો બંધ ભાવ (Prev. Close): ચાંદી અગાઉના ટ્રેડિંગ સેશનમાં 2,38,528.00 ના સ્તરે બંધ થઈ હતી. નવો ઓપન ભાવ (Open): આજે બજાર ઓપન થતાની સાથે જ ચાંદી સીધી 2,34,009.00 ના ભાવે ખુલી હતી.

### ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાની જોવાયેલી અસર

# વાહનોના વેચાણમાં EVનો હિસ્સો વધીને 11%

### મે મહિનામાં પેસેન્જર વાહન શ્રેણીમાં ઇવીનો હિસ્સો 4.51% થી વધીને 6.63% અને કોમર્શિયલ વાહન શ્રેણીમાં 1.37% થી વધીને 2.86% પહોંચ્યો

મુંબઈ

પશ્ચિમ એશિયાઈ કટોકટીને કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ભારતમાં ઈલેક્ટ્રિક વાહન (ઈવી) વેચાણને વેગ આપી રહ્યો છે. ઓટો ડીલર્સ એસોસિએશન, ફાડા એ જણાવ્યું હતું કે મે મહિનામાં તમામ વાહન શ્રેણીઓમાં ઈવીનો હિસ્સો ૧૧% ની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યો છે. સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે, આ આંકડો લગભગ ૭% હતો. આ વલણ એવા સમયે આવ્યું છે જ્યારે પેસેન્જર વાહનો, થ્રી-વ્હીલર્સ અને ટ્રેક્ટર સહિત તમામ શ્રેણીઓમાં મે મહિનામાં રિટેલ વેચાણના આંકડા પ્રભાવશાળી હતા. પશ્ચિમ એશિયાઈ સંઘર્ષ સંબંધિત ચિંતાઓ હોવા છતાં, વેચાણ એક વર્ષ પહેલાના સમાન સમયગાળાની તુલનામાં ૧૦% વધીને ૨૫.૩ લાખ યુનિટ થયું હતું. ૧૫ મેથી ઈંધણના ભાવમાં પ્રતિ લિટર લગભગ ૭.૫ રૂપિયાનો વધારો થયો છે, કારણ કે પુરવઠાની ચિંતાઓને કારણે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે. ઈંધણના ભાવમાં વધારો થવાને કારણે, મે મહિનામાં ઈવી તરફનું ખરીદી વલણ ૧૧%થી વધુ વધ્યું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૬ માં ૭% હતું.

ટુ-વ્હીલર શ્રેણીમાં ઈવીનો હિસ્સો



એક વર્ષ પહેલા ૬.૧૧% થી વધીને ૯.૨૫% થયો છે. થ્રી-વ્હીલર શ્રેણીમાં ઈવીનો હિસ્સો મે ૨૦૨૫ માં ૬૧.૪૬% થી વધીને આ વર્ષે મે મહિનામાં ૬૪.૪૫% થયો હતો. પેસેન્જર વાહન શ્રેણીમાં ઈવી નો હિસ્સો ૪.૫૧% થી વધીને ૬.૬૩% અને કોમર્શિયલ વાહન શ્રેણીમાં ૧.૩૭% થી વધીને ૨.૮૬% થયો છે. સૂચિત માસ દરમિયાન, પેસેન્જર વાહનોના વેચાણમાં ૨૩%, ટ્રેક્ટરમાં ૧૧%, ટુ-વ્હીલરમાં ૮%, કોમર્શિયલ વાહનોમાં ૫% અને થ્રી-વ્હીલરમાં ૪% નો વધારો થયો હતો. રિટેલ પેસેન્જર વાહનોનું વેચાણ ૨૩% વધીને ૪૦૨,૫૯૧ યુનિટ થયું હતું, જે ગ્રામીણ વિસ્તારોમાં રિકવરી જાળવી રાખે છે. શહેરી બજારોમાં ૧૯% વૃદ્ધિની સરખામણીમાં ગ્રામીણ બજારોમાં ૩૦% વધારો જોવા મળ્યો હતો. મે મહિનામાં વૈકલ્પિક ઈંધણનો હિસ્સો વધીને ૩૮% થયો છે. જેમાં સીએનજીનો હિસ્સો ૨૩% અને ઈવીનો હિસ્સો ૭% થયો છે. ડીલરોએ નાની કારના વેચાણમાં સુધારો અને એસયુવીની માંગમાં સતત વધારો દર્શાવ્યો છે.ધ મે મહિનામાં ટુ-વ્હીલરનું રિટેલ વેચાણ કુલ ૧૮.૪ લાખ વાહનો થયું છે., જે એક વર્ષ પહેલાના સમાન સમયગાળાની સરખામણીમાં ૮% વધુ છે. શહેરી વેચાણમાં ૧૨% અને ગ્રામીણ વેચાણમાં ૫% વધારો થયો હતો. મે મહિનામાં કોમર્શિયલ વાહનોનું રિટેલ વેચાણ ૫% વધીને ૮૩,૮૨૩ વાહનો થયું હતું. ગ્રામીણ બજારમાં ૮ ટકાનો વધારો થયો હતો, જે શહેરી બજારના ૨.૬૨ ટકાના વિકાસ કરતાં વધુ હતો. ટ્રેક્ટરનું વેચાણ પણ એક વર્ષ પહેલાના સમાન સમયગાળાની તુલનામાં ૧૧ ટકા વધીને ૮૩,૦૯૨ ટ્રેક્ટર થયું હતું. પશ્ચિમ એશિયાઈ કટોકટીને કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ભારતમાં ઈલેક્ટ્રિક વાહન (ઈવી) વેચાણને વેગ આપી રહ્યો છે.

# સેન્સેક્સ ડે હાઈથી 630 અંક ઘટીને 73,983 પર બંધ થયો

- **નિફ્ટી પણ 23,215 પર આવ્યો; મેટલ, બેન્કિંગ અને રિયલ્ટી શેરોમાં વેચવાલી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 10 જૂને મિશ્ર કારોબાર જોવા મળ્યો. સેન્સેક્સ દિવસના ઉચ્ચ સ્તરથી 630 પોઈન્ટ ઘટીને 73,983 ના સ્તરે બંધ થયો. જ્યારે નિફ્ટી 23,214 ના સ્તરે આવી ગયો છે. આજના કારોબારમાં મેટલ, બેન્કિંગ અને રિયલ્ટી શેરોમાં વેચવાલી જોવા મળી. સેન્સેક્સ સવારે તેજી સાથે ખુલ્યો હતો. કારોબાર દરમિયાન તે લગભગ 700 પોઈન્ટ ચઢીને 74,613 ના દિવસના ઉચ્ચ સ્તરે પહોંચી ગયો હતો. જોકે, 1 વાગ્યા પછી બજારમાં તીવ્ર વેચવાલી આવી અને સેન્સેક્સ માત્ર 64 પોઈન્ટના વધારા સાથે 73,983 પર બંધ થયો. નિફ્ટીમાં 27 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો. શેરબજારમાં ગઈકાલે એટલે કે 9 જૂને વધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 395 પોઈન્ટના વધારા સાથે 73,919 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 119 પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો, તે 23,242 ના સ્તરે બંધ થયો હતો. ક્ષેત્રીય સૂચકાંકોમાં મિશ્ર વલણ જોવા મળ્યું. નિફ્ટી FMCG સૌથી મજબૂત ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યું, લગભગ ૧% વધ્યું. વધુમાં, નિફ્ટી IT, નિફ્ટી પ્રાઈવેટ બેંક અને નિફ્ટી ઓઈલ એન્ડ ગેસમાં વધ્યો. બીજી બાજુ, નિફ્ટી મેટલ અને નિફ્ટી ઓટોમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો. વૈશ્વિક સ્તરે, રોકાણકારો યુએસ અને ઈરાન વચ્ચે વધતા તણાવ પર નજીકથી નજર રાખી રહ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટ પર પેટ્રોલિંગ કરી રહેલા તેના એક અપાચે હેલિકોપ્ટરને ગોળી મારીને અમેરિકાએ સ્વબચાવમાં ઈરાન પર હુમલો કર્યો હતો. તેના જવાબમાં, ઈરાને લશ્કરી બદલો લેવાની ચેતવણી આપી છે. ઘટનાઓના આ ક્રમથી વૈશ્વિક બજારોમાં સાવધાનીનું વાતાવરણ સર્જાયું છે.

'RSSએ ઓપરેશન બ્લૂસ્ટારનું સમર્થન કર્યું હતું, બદલા...બદલા...'

# CMO, AMC અને RSS કાર્યાલયને ઉડાવી દેવાની ધમકી









અમદાવાદ

અમદાવાદ અને ગાંધીનગરમાં આજે 10 જૂનથી 20 સપ્ટેમ્બર દરમિયાન અલગ-અલગ સ્થળોએ બોમ્બ બ્લાસ્ટ કરવાની ગંભીર ધમકીભર્યા ઈમેલ મળતાં સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ હતી. જુદા-જુદા ઈ-મેલ આઈડી પરથી મોકલવામાં આવેલી આ ધમકીઓ CM ઓફિસને બપોરે 1:11 વાગ્યે, AMC ઓફિસને બપોરે 3:11 વાગ્યે અને RSS કચેરીને સાંજે 5:11 વાગ્યે બ્લાસ્ટથી ઉડાવી દેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ધમકી ખાલિસ્તાન નેશનલ આર્મીના નામથી આપી છે. જો કે મુખ્યમંત્રી કાર્યાલયની તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને કોઈપણ પ્રકારની શંકાસ્પદ વસ્તુ મળી નથી.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પીએમ મોદી સાથેની મિટિંગ માટે દિલ્હી પહોંચ્યા છે અને આ વચ્ચે ધમકી મળી હતી.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પીએમ મોદી સાથેની મિટિંગ માટે દિલ્હી પહોંચ્યા છે અને આ વચ્ચે ધમકી મળી**



ગત 25 મે, 2026ના રોજ પંજાબના લુધિયાણા નગર નિગમના ઉચ્ચ અધિકારીઓને એક ધમકીભર્યો ઈમેઈલ મળ્યો હતો. ઈમેઈલમાં દિલજીત દોસાંઝના ઘર અને લુધિયાણાના મેયર ઈન્દરજીત કૌરની ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ધમકીની પેટર્નથી જ આજે CMO, RSS અને AMCને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. ખાલિસ્તાની નેશનલ આર્મી દ્વારા જ મોકલવાનો ઉલ્લેખ છે. માત્ર ધમકી માટેનું લોકેશન જ બદલ્યું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફીસ દાણાપીઠને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીને પગલે તાત્કાલિક ધોરણે આખી બિલ્ડીંગ ખાલી કરાવવામાં આવી હતી. તમામ સંવેદનશીલ સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા ચૂસ્ત કરી દીધી હતી.

પોલીસ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ(BDSS) તેમજ સાયબર ક્રાઈમની ટીમ દ્વારા ઈમેલના સોર્સની સઘન તપાસ શરૂ કરી હતી.

ધમકીના અહેવાલો વહેતા થતાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફીસ (દાણાપીઠ)માં મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડક સહિતની મુખ્ય ઓફિસના સ્ટાફ પણ બહાર આવી ગયો હતો. પોલીસ, BDDS(બોમ્બ ડિટેક્શન ડિસ્પોઝલ સ્કવોડ) અને ફાયર વિભાગની ટીમ હાલમાં AMC બિલ્ડીંગના C બ્લોકના સરદાર પટેલ ભવનમાં ચેકિંગ કર્યું હતું.

અમદાવાદ મેયર હિતેશ બારોટ દ્વારા સમગ્ર AMC બિલ્ડીંગ પરિસરમાં બેઝમેન્ટથી લઈ અને ઉપર સુધીની તમામ ઓફિસોમાં ફાયરના જવાનોને મોકલી અને કોઈપણ વ્યક્તિ પરિસરમાં ન હોય તેનું ચેકિંગ કરવા માટેની સૂચના આપી હતી. આખું બિલ્ડીંગ પરિસર તાત્કાલિક ધોરણે ખાલી કરાવી દેવા જણાવ્યું હતું.

AMC સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે ધમકી ભર્યો ઈમેલ મળતાની સાથે જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તાત્કાલિક ધોરણે ચેકિંગ હાથ ધરી અને બિલ્ડીંગ પરિસર ખાલી કરાવ્યું હતું. કોના દ્વારા આ ઈ-મેલ કરવામાં આવ્યો છે તેની તપાસ કરવામાં આવશે. આ સમગ્ર મામલે તપાસ કરી કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભાને આજે(18 માર્ચ) બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી. ધમકીભર્યો મેઈલ મળતાં જ પોલીસ, બોમ્બ-ડોગ સ્કવોડ સહિતની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તમામ ધારાસભ્યો-મંત્રીઓને ગૃહની બહાર કઢાયા હતા અને સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. બાદમાં કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા વિધાનસભા ગૃહની કામગીરી 9 વાગ્યાની જગ્યાએ 10 વાગ્યે શરૂ કરાઈ હતી. આ દરમિયાન બોર્ડની પરીક્ષાના છેલ્લા દિવસે અમદાવાદની શાળાઓને પણ બોમ્બથી ઉડાવવાનો ધમકીભર્યો મેઈલ મળતા પોલીસ દોડતી થઈ હતી.

ખેડૂતોના વિવિધ પ્રશ્નોને લઇને

## કોંગ્રેસનો ખેડૂત સત્યાગ્રહનો એલાન: 15 જૂને ગાંધીનગરમાં 1111 ટ્રેક્ટર સાથે શક્તિ પ્રદર્શન

અમદાવાદ

ગુજરાતના ખેડૂતોના વિવિધ પ્રશ્નોને લઈને કોંગ્રેસે રાજ્ય સરકાર સામે આક્રમક વલણ અપનાવ્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, ગુજરાત કિસાન કોંગ્રેસ અને કિસાન સંઘર્ષ સમિતિના સંયુક્ત આયોજન હેઠળ આગામી 15 જૂન, 2026ના રોજ ગાંધીનગરમાં વિશાળ “ખેડૂત સત્યાગ્રહ ટ્રેક્ટર રેલી” યોજાશે. આ રેલીમાં રાજ્યભરમાંથી 1111 ટ્રેક્ટરો સાથે ખેડૂતો ગાંધીનગર તરફ કૂચ કરશે.

આ આયોજનને લઈને અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને પદાધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી, ભરતસિંહ સોલંકી, લાલજીભાઈ દેસાઈ, જિગ્નેશ મેવાણી સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે રાજ્ય સરકારની નીતિઓના કારણે ખેડૂતો આર્થિક સંકટ, જમીન સંપાદન, વીજ લાઈનો, ખાતર-બીયારણના વધતા ભાવ અને પાકના યોગ્ય ભાવ ન મળવા જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આ મુદ્દાઓને લઈને ખેડૂતોનો અવાજ સરકાર સુધી પહોંચાડવા માટે આ ટ્રેક્ટર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

કોંગ્રેસ દ્વારા રજૂ કરવામાં આવેલી મુખ્ય માંગણીઓમાં ખેડૂતોના દેવાની માફી, ખેતી માટે મફત વીજળી, જમીન સંપાદન સંબંધિત પ્રશ્નોનો ઉકેલ, દૂધ અને ખેતી પેદાશોના પોષણક્ષમ ભાવ, તેમજ ખાતર, બીયારણ, ડીઝલ અને જંતુનાશક દવાઓ વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરાવવાની માંગનો સમાવેશ થાય છે.

આયોજકોના જણાવ્યા અનુસાર, રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ખેડૂતો અમદાવાદ પહોંચશે અને ત્યારબાદ શાંતિપુરા સર્કલથી ગાંધીનગર સુધી ટ્રેક્ટર રેલી કાઢશે. કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે આ કાર્યક્રમ સંપૂર્ણપણે શાંતિપૂર્ણ અને લોકશાહી પદ્ધતિથી યોજાશે.

બેઠક દરમિયાન નેતાઓએ સરકારને ચેતવણી આપતા જણાવ્યું હતું કે જો ખેડૂતોની વાજબી માંગણીઓનો યોગ્ય ઉકેલ નહીં આવે તો આગામી સમયમાં રાજ્યવ્યાપી આંદોલન વધુ ઉગ્ર બની શકે છે.

કોંગ્રેસે રાજ્યના ખેડૂતો, ખેડૂત સંગઠનો અને ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને 15 જૂનની “ખેડૂત સત્યાગ્રહ ટ્રેક્ટર રેલી”માં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી છે.

હવે સૌની નજર 15 જૂનના રોજ ગાંધીનગરમાં યોજાનારી આ વિશાળ ટ્રેક્ટર રેલી પર ટકેલી છે, જે રાજ્યની રાજનીતિ અને ખેડૂત આંદોલનને નવી દિશા આપી શકે છે.

## ક્યાં ગયા ખેડૂત નેતા? Mr. Indiaની ઘડિયાળ પહેરી લીધી કે શું?

અમદાવાદ

એક સમય એવો હતો જ્યારે ખેડૂતોના પ્રશ્નો, પાકના ભાવ, સિંચાઈ, વીમા અને સહાયના મુદ્દે રોજ પ્રેસ કોન્ફરન્સો યોજાતી હતી, સરકાર સામે આંદોલનો થતા હતા અને ખેડૂત નેતાઓ સતત મીડિયામાં જોવા મળતા હતા. પરંતુ આજે જ્યારે ખેડૂતો અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે, ત્યારે ઘણા કહેવાતા ખેડૂત નેતાઓ અચાનક ગાયબ થઈ ગયા હોવાનું ખેડૂતોમાં ચર્ચાઈ રહ્યું છે.

ખેડૂતોમાં સવાલ ઉઠી રહ્યો છે કે જે નેતાઓ દરેક મુદ્દે સરકાર અને તંત્ર સામે લડતની વાતો કરતા હતા, તેઓ આજે ક્યાં છે? શું તેમણે Mr. Indiaની ઘડિયાળ પહેરી લીધી છે કે પછી ખેડૂતોના પ્રશ્નો હવે તેમના માટે મહત્વના રહ્યા નથી? રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ, પાક નુકસાની, ખેતી ખર્ચમાં વધારો, ખાતર-બિયારણની સમસ્યા અને બજારમાં યોગ્ય ભાવ ન મળવાના મુદ્દાઓને લઈને ખેડૂતો ચિંતિત છે. છતાં આ મુદ્દાઓ પર કેટલાક મોટા ખેડૂત આગેવાનોની ચુપ્પી ચર્ચાનો વિષય બની છે.

ખેડૂત વર્ગનું કહેવું છે કે નેતાઓ માત્ર આંદોલન અને ચૂંટણીના સમયગાળામાં જ સક્રિય જોવા મળે છે, જ્યારે સામાન્ય દિવસોમાં ખેડૂતોના પ્રશ્નો સાથે ઉભા રહેતા નથી. સોશિયલ મીડિયામાં પણ આ મુદ્દે અનેક ટિપ્પણીઓ જોવા મળી રહી છે.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ખેડૂત નેતાઓએ ખેડૂતોની વચ્ચે જઈને તેમના પ્રશ્નો સાંભળવા અને તેના ઉકેલ માટે ફરીથી સક્રિય ભૂમિકા ભજવવાની જરૂર છે. કારણ કે ખેડૂતોના પ્રશ્નો માત્ર રાજકારણનો વિષય નહીં, પરંતુ દેશની અર્થવ્યવસ્થા અને અન્નદાતાના ભવિષ્ય સાથે જોડાયેલા છે.

હાલ ખેડૂતોમાં એક જ ચર્ચા છે – “ક્યાં ગયા ખેડૂત નેતા? Mr. Indiaની ઘડિયાળ પહેરી લીધી કે શું?”

## ભાજપ કાર્યકરના મર્ડર કેસના દોષિતનો પેરોલ પર છૂટી ફરી આતંક

'ખાડિયાનો ડોન' મોન્ટુ નામદારે દારૂના નશામાં જાહેરમાં ફટકાડા ફોડ્યા, સાક્ષીને જાનથી મારી નાખવાની ધમકી આપી

અમદાવાદ

અમદાવાદના ખાડિયા વિસ્તારમાં વર્ષ 2022ના ચકચારી ભાજપ કાર્યકરના મર્ડર કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા કુખ્યાત આરોપી મોન્ટુ નામદારે પેરોલ પર બહાર આવતા જ ફરી આતંક મચાવ્યો છે. મોન્ટુએ દારૂના નશામાં જાહેરમાં ફટાકડા ફોડીને સાક્ષીને મારી નાખવાની ધમકી આપી છે. આ અંગે ખાડિયા પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી આરોપીઓની અટકાયત કરી છે.

રાયપુર લાલાવસાની પોળમાં GTPLની ઓફિસ ધરાવતા અને ભાજપ કાર્યકરના મર્ડર કેસના મુખ્ય સાક્ષી જોષ જુગ્નુભાઈ ગાંધીને આરોપી મોન્ટુ સુરેશચંદ્ર ગાંધી ઉર્ફે મોન્ટુ નામદાર, જીગ્નેશ રામી અને ડ્રાઈવર ફિરોજે જાહેર રોડ પર બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. જેમાં વર્ષ 2022માં મોન્ટુ નામદારે ફરિયાદી જોષ



ગાંધીના પિતાના મિત્ર રાકેશ મહેતાની હત્યા કરી હતી. આ કેસમાં ફરિયાદી જોષ ગાંધી મુખ્ય સાક્ષી તરીકે કોર્ટમાં જુબાની આપી હતી, જેના આધારે નામદાર કોર્ટે આરોપી મોન્ટુ ગાંધીને આજીવન કેદની સજા ફટકારી હતી. હાલમાં આરોપી જેલમાંથી પેરોલ ફર્લો રજા પર બહાર આવ્યો છે. મંગળવારે સાંજે મોન્ટુ નામદારે તેના સાથીદારો સાથે ફોર્ચ્યુનર ગાડીમાં ફટાકડા ફોડતો ફોડતો સાક્ષીની ઓફિસ સામે આવી પહોંચ્યો હતો. આરોપીએ જાહેર રોડ પર બૂમો પાડી કહ્યું કે, 'તારી જુબાનીના કારણે જ મને સજા થઈ છે, જેથી હવે હું તને અને તારા આખા પરિવારને જાનથી ખલાસ કરી નાખીશ. આ ઘટનાથી ભયભીત થયેલા સાક્ષી જોષ ગાંધીએ તુરંત જ 112 પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરતા પોલીસની ગાડી આવે તે પહેલા જ ત્રણેય શખ્સો ગાડી લઈને ફરાર થઈ ગયા હતા. આ અંગે ખાડિયા પોલીસે જીગ્નેશ રામી, ફિરોઝ અને મોન્ટુ નામદાર સામે ફરિયાદ નોંધી છે. જો કે પોલીસે તેની પેરોલ રદ્દ કરવા કાર્યવાહી શરૂ કરી છે.

આટલું જ નહીં આરોપી દારૂ પીધેલો હોવાની શંકાના આધારે પોલીસે તેને મેડિકલ માટે લઈ ગઇ છે. મોન્ટુ નામદાર ધમકી આપી રહ્યો હતો જેની પોલીસને જાણ થતા ખાડિયા પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસને જોઈ મોન્ટુ ત્યાંથી ભાગવા જઈ રહ્યો હતો, ત્યારે મોન્ટુ ધાબા પરથી પડી જતા તેને પગમાં ઈજા થઈ હતી જેથી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

મેયર હિતેશ બારોટ કાફલા સાથે ઘટનાસ્થળે દોડ્યા

## વિશાલા સર્કલથી નારોલ રોડ પરની ઝૂંપડપટ્ટીમાં ભીષણ આગ

- જોતજોતામાં તેણે આસપાસના અનેક ઝૂંપડાઓને પોતાની લપેટમાં લઈ લીધા હતા
- મેયરે જાતે ઊભા રહીને રેસ્ક્યુ કરાવ્યું, નિવાસીઓની સલામતી માટે ચિંતા વ્યક્ત કરી

અમદાવાદ

અમદાવાદના વિશાલા સર્કલથી નારોલ તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલી એક ઝૂંપડપટ્ટીમાં આજે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી ભયાનક હતી કે જોતજોતામાં તેણે આસપાસના અનેક ઝૂંપડાઓને પોતાની લપેટમાં લઈ લીધા હતા અને આકાશમાં ધુમાડાના કાળા ડિબાંગ વાદળો છવાઈ ગયા હતા.

આ ભયાનક આગની ઘટનાના સમાચાર મળતા જ અમદાવાદ શહેરના



મેયર હિતેશ બારોટ અને તેમની ટીમ એક્શન મોડમાં આવી ગઈ હતી. મેયર પોતાની ટીમ અને ઉચ્ચ અધિકારીઓ સાથે તાત્કાલિક ફાયર બ્રિગેડની ગાડીઓ લઈને રૂબરૂ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

ઘટનાસ્થળે પહોંચીને મેયર હિતેશ બારોટે સ્થાનિક નિવાસીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી હતી. તેમણે ફાયર બ્રિગેડની ટીમ સાથે મળીને આગ પર કાબૂ મેળવવાની કામગીરીનું સીધું મોનિટરિંગ કર્યું હતું અને ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડવાની વ્યવસ્થા કરી હતી.

મેયર હિતેશ બારોટે જણાવ્યું હતું કે:

આગની ઘટના ખૂબ જ ગંભીર હતી. અમારો મુખ્ય ઉદ્દેશ્ય એ જ હતો કે કોઈ જાનહાનિ ન થાય અને તમામ નાગરિકો સુરક્ષિત રહે.

## દૂધેશ્વર મારામારી કેસમાં વાયરલ વીડિયો બાદ ઉઠ્યા નવા સવાલો : પોલીસ કાર્યવાહી પર નજર

સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે જો વીડિયોમાં દર્શાવવામાં આવી રહેલા દાવાઓ સાચા સાબિત થાય તો મામલો વધુ ગંભીર બની શકે છે

અમદાવાદ

અમદાવાદના દૂધેશ્વર વિસ્તારમાં મોહિત નામના યુવક સાથે થયેલી મારામારીનો મામલો હવે વધુ ચર્ચામાં આવ્યો છે. ઘટનાને લઈને સોશિયલ મીડિયામાં એક નવો વીડિયો વાયરલ થતાં સમગ્ર કેસમાં નવા વળાંક સાથે અનેક સવાલો ઊભા થયા છે.

વાયરલ વીડિયોને લઈને કરવામાં આવી રહેલા દાવાઓ મુજબ, તેમાં આરોપી તરીકે ચર્ચામાં રહેલા રાજવીર ભરવાડ સાથે તેની માતા પણ જોવા મળી રહ્યા છે. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સ અને સ્થાનિક લોકોનો દાવો છે કે વીડિયોમાં રાજવીર ભરવાડને તેની માતા દ્વારા પિસ્તોલ આપવામાં આવતી હોવાનું દેખાય છે.

આ ઉપરાંત વીડિયોમાં “ગોળી મારી દઈશ, મારા પતિ પાસે બહુ પૈસા છે” જેવી ધમકી આપવામાં આવી હોવાના



પણ આક્ષેપો થઈ રહ્યા છે. વીડિયો વાયરલ થતાં સ્થાનિકોમાં ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે અને સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસની માંગ ઉઠી રહી છે.

સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે જો વીડિયોમાં દર્શાવવામાં આવી રહેલા દાવાઓ સાચા સાબિત થાય તો મામલો વધુ ગંભીર બની શકે છે. તેથી સમગ્ર ઘટનાની પારદર્શક અને નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે.

જોકે, મહત્વની વાત એ છે કે વાયરલ વીડિયોની સત્યતા અને તેમાં કરવામાં આવેલા દાવાઓ અંગે હજુ સુધી પોલીસ દ્વારા કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. તેથી વીડિયોને આધારે કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચવું યોગ્ય ગણાય નહીં. સમગ્ર ઘટનાક્રમ અંગેનું સત્ય પોલીસ તપાસ અને અધિકૃત પુરાવાઓ બાદ જ સ્પષ્ટ થશે.

હાલ દૂધેશ્વર મારામારી કેસ અને વાયરલ વીડિયોને લઈને લોકોની નજર પોલીસ પ્રશાસનની આગામી કાર્યવાહી પર ટકેલી છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI